વડોદરાનું રાજ્યબંધારણ.

દા. ગો. માલસે.

શ્રી

વડોદરાનું રાજ્યબંધારણ

લેખક તથા પ્રકાશક:

દામોદર ગોવિંદ આગાશે,

બી. એ. (ઑનર્સ), એ. ટી. સી. ઇ. (વડોદરા)

મહાલ વિદ્યાધિકારી, વિજાપુર.

બીજી આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

સન ૧૯૨૯] [સંવત ૧૯૮૬

કિંમત રૂ. ૦-૮-૦

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું
ઠે. પાંચકુવા ચાર રસ્તા—અમદાવાદ.



શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજા સાહેબ

શ્રી

અર્પણપત્રિકા

પરમપૂજ્ય મુરબ્બી શ્રી

રા. રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત સાહેબ,

બી. એ., એમ. આર. પી. (લંડન)

વિદ્યાધિકારી, વડોદરા રાજ્ય, વડોદરા.

આપ સાહેબની ઉદાર નીતિ, વિશુદ્ધ પ્રેમ, પરોપકારીતા અને અનેક ઉમદા સાત્વિક ગુણોથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપશ્રીને સવિનય સપ્રેમ અર્પણ કરવા રજા લઉં છું.

લી. આપનો

આજ્ઞાંકિત,

દામોદર ગોવિંદ માળસે.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

હુંક સમયમાં પહેલી આવૃત્તિ ખપી જવાથી બીજી આવૃત્તિ કાઢવા પ્રસંગ મળ્યો એ બેહદ આનંદ થાય છે. પ્રથમ આવૃત્તિ નીકળ્યા પછી જે ફેરફારો થયા તેની નોંધ આ આવૃત્તિમાં લીધી છે. ઉપરાંત કેટલાંક ખાતાંનો જુનો ઇતિહાસ પ્રથમ આપવામાં આવ્યો નહોતો તે વડોદરા રાજ્યના સર્વસંગ્રહના પુસ્તકોના આધારે આ આવૃત્તિમાં આપ્યો છે. અને એકંદર હકીકતમાં ઉણપ ન રહે તેવી તજવીજ કરી છે.

મે. રા. રા. વડોદરા રાજ્યના વિદ્યાધિકારી સાહેબે સદરહુ પુસ્તકની જથાબંધ પ્રતો ખરીદી, ઉક્ત પુસ્તક શાળાઓમાં ઇનામ તથા પુસ્તકાલય માટે (જાહેરાત અંક ૧૧૨/૧૦ સંવત ૧૯૮૫ તા. ૨-૯-૨૯) મંજુર કર્યુ છે, અને રાજ્યની શિક્ષણપદ્ધતિ પાઠશાળાઓના પહેલા વર્ષ માટે પાઠ્ય પુસ્તક તરીકે નિર્ણીત કરી મને જે ઉત્તેજન આપ્યું છે તે બદલ હું તેઓ સાહેબનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પ્રથમ આવૃત્તિ છપાતાં દરમિયાન અને પછી જે અમલદાર સાહેબોએ પોતાના અમૂલ્ય વખતનો ભાગ આપી પુસ્તક વાંચવામાં રસ લઇ આ સાથે પ્રસિદ્ધ કર્યા પ્રમાણે જે અભિપ્રાયો આપ્યા છે તે બદલ હું તેઓ સાહેબોનો ઘણો આભારી છું.

અમદાવાદના મારા મિત્ર શ્રી. રા. રા. ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા એમણે આ પુસ્તક છાપવાની તમામ તજવીજ કરવામાં મને કિમતી મદદ કરી છે તે બદલ તેમનો આભાર માન્યા સિવાય આ પ્રસ્તાવના પૂરી કરવી ઉચિત થશે નહિ

વિજયાદશમી, વિક્રમાર્ક
સંવત્ ૧૯૮૫.
મુ. વિજાપુર.

દામોદર ગોવિંદ માલસે.

પ્રસ્તાવના.

"હિંદનું સંક્ષિપ્ત રાજ્યબંધારણ" લખ્યા પછી સ્વાભાવિક રીતે વડોદરાનું રાજ્યબંધારણ લખવાની ઇચ્છા થઇ, પણ કેટલાંક કારણોને લીધે આ વિચાર તુર્ત અમલમાં મૂકી શકાયો નહિ. દિન પ્રતિદિન લખવાની ઇચ્છા પ્રબળ થતી ગઇ, અને છેવટે આ અલ્પ પ્રયાસ જાહેરમાં મુકવા આજ ભાગ્યશાળી થયો છું.

વડોદરા રાજ્ય તેના હાલના રાજ્યકર્તા શ્રીમન્ત સયાજીરાવ મહારાજા સાહેબની ઉદાર રાજ્યનીતિ અને દીર્ઘ પરિશ્રમને લઇને હિંદનાં દેશી રાજ્યોમા ઉચ્ચ દરજ્જો ભોગવે છે, અને પાશ્ચિમાત્ય દેશોમાં પણ વડોદરા રાજ્ય નમુનેદાર ગણાઇ તેનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે છે. આથી તેની રાજ્યપદ્ધત્તિ કેવા પ્રકારની છે તે સૌને જાણવાની સ્વાભાવિક ઇચ્છા થાય. આ ઇચ્છા કેટલેક અંશે પૂરી પાડવા આ લઘુ પુસ્તકમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. રાજ્યકારોબારનાં વાર્ષિક નિવેદનો, અને નિબંધ નિયમની મદદથી રાજ્યના દરેક ખાતાના કામકાજ અને બંધારણ સંબંધે ટુંકામાં માહિતી આપવામાં આવી છે કે જે ખાસ કરીને રાજ્યના વિદ્યાર્થીવર્ગ, શિક્ષકવર્ગ અને બીજા સામાન્ય જનસમૂહને ઉપયોગી થાય. ધારાસભા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરે લોકોપયોગી બાબતો પર વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી છે. આજ સુધી આ દિશામાં આવુ પુસ્તક ઉપલબ્ધ નહિ હોવાથી આપણા રાજ્યના બંધારણની સમગ્ર હકીકત એક ઠેકાણે બધાંને વાચવા મળે એ આ પુસ્તક લખવાનો ખાસ હેતુ છે. વાચક વર્ગ જેટલે અંશે આ પ્રયત્ન વધાવી લેશે તેટલે અંશે આ શ્રમ સફળ થયો ગણાશે.

આ દિશામાં આવો પ્રયત્ન પ્રથમજ હોવાથી તેમાં અનેક દોષો હોવાનો સંભવ છે, તો વાચકવર્ગ તરફથી થતી સૂચનાઓનો

સ્વીકાર આભાર સાથે કરી પ્રસંગ મળે નવી આવૃત્તિમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

આ પુસ્તક લખવામાં અથથી ઇતિ સુધી અત્રેની સરકારી ગુજરાતી શાળાના શિક્ષક મી. મફતલાલ હરિરામ ઠાકરે મને બહુજ મદદ કરી છે તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. બીજા શિક્ષકોએ પણ પ્રેમપૂર્વક મદદ કરી છે તે બદલ સર્વેનો ઉપકાર માનવામાં આવે છે.

પુસ્તક લખ્યા પછી કેટલાક વિદ્વાન મિત્રોએ અને સદ્‌ગૃહસ્થોએ તે વાંચી કિંમતી સલાહ આપી છે તે બદલ તેમનો આભાર માનતાં આનંદ થાય છે. ઉપરાંત, કડી વિભાગ વિદ્યાધિકારી મે. રા. રા. ઉમેદભાઈ લખાભાઈ પટેલ સાહેબે કામનું અતિશય ભારણ છતાં આ પુસ્તકની હસ્તલિખિત પ્રત્ત કાળજીથી વાંચી મહત્ત્વના સુધારા સુચવ્યા છે તે બદલ તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

છેવટે અતિ મહત્ત્વની મદદ મારા મિત્ર રા. અનંત બાળકૃષ્ણ ટાકળકર બી. એ., અને રા. મહાદેવ મોરેશ્વર કરંદીકર તરફથી થઈ છે. તેમની મદદ વિના આ પુસ્તક છાપવાનું કામ અશક્યજ થાત. તેઓ વડોદરામાં હોવાથી આ પુસ્તક છપાવવાની તમામ તજવીજ તેઓ તરફથી થઇ છે, અને તેની નોંધ લેતાં આનંદ થાય છે. પ્રુફો તપાસવામાં મી. દીનાનાથ શિવરામ જોશી તરફથી બહુ મદદ થઇ છે, તે બદલ તેમનો ઉપકાર માનું છું. લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રીન્ટીંગ પ્રેસના મેનેજર મી. છોટાલાલ લાલભાઇ પટેલ એમણે આ પુસ્તક થોડી મુદતમાં છાપી આપ્યું તે બદલ તેમનો અત્રે આભાર માનું છું. છેવટે જેની કૃપાથી કંઈક લખવા પ્રેરાયો છું તે જગન્નિયંતાનો અંતઃકરણપૂર્વક ઉપકાર માની આ પ્રસ્તાવના પૂરી કરૂં છું.

વિજાપુર.
કાર્તિક શુક્લ પ્રતિપદા,
વિક્રમાર્ક સંવત્ ૧૯૮૫

દામોદર ગોવિંદ માલસે.

OPINIONS.

BARODA,
8th December, 1928.

I have carefully gone over the book named "વડોદરાનું રાજ્યબંધારણ" prepared by Mr. Damodar Govind Malse of the Education Department. Mr. Malse has successfully attempted to collate into this hand-book the constitution of the Baroda Government succinctly yet intelligently. I believe this is the first book of its kind and will be found to be very useful as a "text-book" in the Training Colleges. I wish Mr. Malse every success.

R. S. PATIL,
Suba, Baroda District.

BARODA, TRAINING COLLEGE FOR MEN,
KARELI-BAG.
27th November, 1928.

Dear Mr. Malse,

I have gone through your little book, entitled Baroda-Constitution, written in Gujarati. Really you have tried to compress in this booklet as much information as is possible on the matter. Your effort in this direction deserves encouragement. I sincerely wish you all success. With kind regards,

Yours sincerely,
D. H. HORA.

રા. રા. દામોદર ગોવિંદ માલસે એમનું "વડોદરાનું રાજ્ય બંધારણ" એ પુસ્તક મેં ઘણા આનંદ અને હોંશથી વાંચી જોયું. શ્રીમંત સરકાર ગાયકવાડનું રાજ્યતંત્ર કેવી રીતે ચાલે છે તેની સંક્ષિપ્તમાં માહિતિ આ ચોપડીમાં આપી રા. રા. માલસે એમણે શાળોપયોગી પુસ્તકોમાંની એક મોટી ખોટ પૂરી પાડી છે. રા. રા. માલસેનું આ પુસ્તક ગુજરાતી નિશાળના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓને ઉપયોગી થશેજ. એ પુસ્તકથી વડોદરા રાજ્ય બહારના વાંચકવર્ગને પણ દેશી સંસ્થાનો પૈકી એક અગ્રપદ ધરાવનાર સંસ્થાન પ્રજાહિતદક્ષ અધિપતિ શ્રી. સયાજીરાવ ગાયકવાડ મહારાજાની સુરાજ્ય પદ્ધતિ કેવી રીતની છે તેનો ખ્યાલ આવી ઘણી ઉપયુક્ત માહિતિ મળી શકશે.

મો. કૃ. શારંગપાણી.
ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ, મેહેસાણા.

મી. દામોદર ગોવિંદ માલસેના "વડોદરાનું રાજ્યબંધારણ" એ ગ્રન્થની હસ્તલિખિત પ્રત મેં વાંચી છે. આ પુસ્તક એક દરે ઘણું સારૂં થયું છે. મી. માલસે એક દક્ષિણી ગૃહસ્થ છતાં ગુજરાતી ભાષા ઉપર સારો કાબુ ધરાવે છે. તેમણે સરળ અને સાદી ભાષામાં આ પુસ્તક લખ્યું છે; જેથી સામાન્ય વાચક વર્ગને તે ઉપયોગી થઇ પડશે એમાં શંકા નથી. પ્રાથમિક શાળાઓનાં ઉંચા ધોરણોના વિદ્યાર્થીઓના અને ખાસ કરીને ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોના હાથમાં આ પુસ્તક મુકવાથી તેમને વડોદરાના રાજ્યકારોબારનો સારો ખ્યાલ આવે એમ છે.

તા. ૨૬-૧૦-૨૮ } **છ. લ. પટેલ.**
મુ. ગોઝારીયા. } વિદ્યાધિકારી, કડી વિભાગ

રા. દામોદર ગોવિંદ માલસેએ લખેલું "વડોદરાનું રાજ્યબંધારણ" મેં આનંદથી વાંચ્યું છે. એ પુસ્તક સરળ ભાષામાં વડોદરા રાજ્ય-તંત્ર કેવી રીતે ચાલે છે તેની ઉપયોગી માહિતી પૂરી પાડે છે. આવા પુસ્તકની આવશ્યક્તાને માટે બે મત હોઈ શકે નહિ. છતાં આવું પુસ્તક સંક્ષિપ્ત રીતે લખાએલું આ પહેલુંજ મારા જોવામાં આવ્યું છે.

જેમ હિંદનું રાજ્યબંધારણ અંગ્રેજ સરકારના અમલ નીચેની શાળાઓનાં પ્રાથમિક ઉચ્ચ ધોરણોમાં ને અન્ગ્લો-વર્નાક્યુલર ૧ લાથી ૩ જા ધોરણોમાં શિખવાય છે, તેમ વડોદરાનું રાજ્યબંધારણ શ્રીમંત સરકાર મહારાજા સાહેબના રાજ્યની શાળાઓમાં શિખવાવું જોઇએ. વડોદરા રાજ્યનાં બાળકો વડોદરાના રાજ્યબંધારણથી અપરિચિત ન હોવાં જોઇએ. જો અભ્યાસક્રમમાં આ વિષયને સ્થાન આપવામાં આવે તો રા. માલસેનું પુસ્તક પાઠ્ય પુસ્તક તરીકે નિર્ણીત થવાને દરેક રીતે લાયક છે.

વડોદરાના રાજ્યબંધારણને વિષે સામાન્ય રીતે રસ લેનાર વાચકને પણ ઉક્ત પુસ્તક હિતાવહ છે. આવું ઉપયોગી પુસ્તક રચી રા. માલસેએ કેળવણી ખાતાના પોતાના સ્થાનને દીપાવ્યું છે ને તે માટે હું તેમને ધન્યવાદ આપું છું.

તા. ૩૧-૩-૨૯

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.
પ્રોફેસર, બરોડા કૉલેજ.

Dwarka, dated 22nd June, 1929.

Dear Mr. Malse.

I have carefully gone through your book, named 'Baroda-Constitution' written in Gujarati. I congratulate you on your successful efforts to collate in this little book as much information as possible on the constitution of the Baroda Government. I believe it will be very useful as a text-book in high schools and Vernacular schools of our State.

Your Sincerely,

P. V. GAEKWAD.

Okhamandal Commissioner.

વડોદરાનું રાજ્યબંધારણ.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું પ્રાસ્તાવિક. પૃષ્ઠાંક.

૧ વડોદરા રાજ્યનો ટુંક ઇતિહાસ ૧

૨ વડોદરા રાજ્યના ભાગ, વિસ્તાર, વસ્તી વગેરે ... ૪

પ્રકરણ ૨ જું હુજુર મધ્યવર્તી કચેરી.

૧ કારોબારી સભા ૭

૨ દીવાન, નાયબ દીવાન (મંત્રસચિવ, કર્મસચિવ) ... ૮

૩ હુજુર કામદાર ૯

૪ ફડણીસ ખાતું ૧૦

૫ મધ્યવર્તી હરરાજી સમિતિ ૧૦

૬ હુજુર મધ્યવર્તી પુસ્તકાલય ૧૦

૭ ઉમેદવારો પસંદ કરવા સંબંધી સમિતિ ... ૧૧

પ્રકરણ ૩ જું ધારા ઘડવાનું કામ.

૧ ધારાસભા ૧૨

૨ ન્યાયમંત્રી કચેરી ૧૫

પ્રકરણ ૪ થું મુલકી ખાતું.

૧ પૂર્વ ઇતિહાસ ૧૬

૨ સરસુબા ૧૮

૩ સર્વે સેટલમેન્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ ૨૦

૪ સુબા, નાયબસુબા... ... ... ૨૦

૫ વહીવટદાર ૨૧

૬ ઓખામંડળ કમીશનર ૨૩

૭ આબકારી ખાતું ૨૩

૮ આબકારી ખાતું... ... ... ૨૫
૯ નોંધણી કચેરી ૨૫
૧૦ દેવસ્થાન શાખા ૨૬
૧૧ પાલ્યપાલક શાખા... ... ... ૨૬
૧૨ સીમાડા શાખા ૨૭

પ્રકરણ ૫ મું ન્યાય.

૧ પૂર્વ ઇતિહાસ ... ...
૨ ખાતાનિહાય સદર અદાલત... ... ... ૨૯
૩ હુજુર ન્યાયસભા ૩૦
૪ વરિષ્ઠ ન્યાયાધીશી ૩૦
૫ પ્રાંત ન્યાયાધીશી ૩૧
૬ મહાલ ન્યાયાધીશી... ... ... ૩૧
૭ ગ્રામ્ય ન્યાયાધીશી અને મધ્યસ્થ પંચ... ... ૩૨
૮ વકીલ અને મુખ્તીઆર ૩૩

પ્રકરણ ૬ ઠું હિસાબી ખાતું.

૧ હિસાબી ખાતું અને તેની શાખાઓ ૩૪
૨ આવક ખર્ચનાં કોષ્ટકો ૩૮

પ્રકરણ ૭ મું કેળવણી.

૧ પૂર્વ ઇતિહાસ ૪૧
૨ રાજ્ય વિદ્યાધિકારી અને કમીશનર ઑફ એજ્યુકેશન ૪૪
૩ પ્રાંત અને વિભાગ વિદ્યાધિકારી ૪૫
૪ મહાલ વિદ્યાધિકારી અને તપાસનીસો... ... ૪૫
૫ શિક્ષણ આપનારી સંસ્થાઓ... ... ... ૪૬
૬ આર્ટ્સ કૉલેજ ૪૬

૭ માધ્યમિક શિક્ષણની સંસ્થાઓ ૪૭
૮ પુરૂષ અને સ્ત્રી શિક્ષણપદ્ધતિ પાઠશાળાઓ ... ૪૮
૯ પ્રાથમિક શાળાઓ... ... ... ૪૮
૧૦ કલાભવન ૪૯
૧૧ ખાસ સંસ્થાઓ ૪૯
૧૨ પુસ્તકાલય ખાતું ૫૦
૧૩ ડીસ્ટ્રીક્ટ લાયબ્રેરીઓ ૫૨
૧૪ ફરતાં પુસ્તકાલયો ૫૨
૧૫ સંસ્કૃત વિભાગ ૫૩
૧૬ સીનેમેટોગ્રાફ (ચલત્ ચિત્રપટ શાખા) ... ૫૩
૧૭ મહિલા અને બાળ પુસ્તકાલય ૫૩
૧૮ ભાષાંતર શાખા ૫૩
૧૯ મ્યુઝીઅમ (સંગ્રહસ્થાન) ૫૪

પ્રકરણ ૮ મું સ્થાનિક સ્વરાજ્ય.

૧ પંચાયતનો પૂર્વ ઇતિહાસ ૫૫
૨ પ્રાંત પંચાયત ૫૯
૩ ગામ પંચાયત ૬૩
૪ સુધરાઈ અને વિશિષ્ટ પંચાયત ૬૭

પ્રકરણ ૯ મું પ્રગતિ ખાતાં.

(અ) ખેતીવાડી ખાતું. ... ...
૧ ફરજો અને બંધારણ ૭૧
૨ મૉડલ ફાર્મ ૭૨
૩ ગૌશાળા ૭૨
૪ પ્રચારક કાર્ય... ... ... ૭૩
૫ પશુ દવાખાનાં ૭૩

(ब) વેપાર ઉદ્યોગ ખાતું.

૧ ખાતાનું બંધારણ ૭૪
૨ ઓખામંડળ... ... ... ૭૪
૩ સરકારી છાપખાનું ૭૫

(क) સહકારી ખાતું.

૧ સહકારી પેઢીઓ અને મંડળીઓ... ... ૭૬
૨ સહકારી ખાતાનું બંધારણ ૭૭

(ड) જંગલ ખાતું.

૧ ખાતાનું બંધારણ અને ફરજો ૭૮

પ્રકરણ ૧૦ મું રક્ષણ ખાતું.

૧ સૈન્ય ૭૯
૨ પોલીસ ૮૧
૩ રેલ્વે અને જળ પોલીસ ૮૩
૪ છુપી (ગુપ્ત) પોલીસ ૮૩
૫ ફીંગર પ્રીન્ટ બ્યુરો ૮૪
૬ જેલ... ... ... ૮૪
૭ અંદાઅરતી શાખા ૮૬

પ્રકરણ ૧૧ મું તંદુરસ્તી ખાતું.

(अ) દવા ખાતું. ... ...

૧ સ્ટેટ જનરલ હૉસ્પીટલ... ... ... ૮૬
૨ ચીફ મેડીકલ ઑફીસર... ... ... ૮૮
૩ મેડીકલ ઑફીસરો ૮૮
૪ સબ આસિસ્ટંટ સરજન ૮૯

૫ ખાસ દવાખાનાં. ૮૯

૬ પ્રસૂતિગૃહો ૮૯

૭ આયુર્વેદિક પાઠશાળા ૯૦

(ચ) આરોગ્ય રક્ષણ ખાતું.

૧ ખાતાનું બંધારણ અને ફરજો ૯૧

પ્રકરણ ૧૨ મું જાહેર બાંધકામ ખાતું.

(અ) બાંધકામ ખાતું.

૧ બંધારણ અને ફરજો ૯૨

(બ) રેલ્વે. ૯૫

૧ ઇન્જીનીઅરીંગ શાખા ૯૬

૨ ટ્રાફિક ડીપાર્ટમેન્ટ ૯૬

૩ લોકોમોટીવ ડીપાર્ટમેન્ટ ૯૭

૪ સ્ટોર ડીપાર્ટમેન્ટ ૯૭

૫ વિદ્યુત્ ખાતું... ... ... ૯૭

૬ વડોદરા રાજ્યની રેલ્વેનો વિસ્તાર... ... ૯૮

પ્રકરણ ૧૩ મું ખાનગી ખાતું.

૧ બંધારણ, ફરજો વગેરે ૯૯

શ્રી

વડોદરાનું રાજ્યબંધારણ.

પ્રકરણ ૧ લું.

પ્રાસ્તાવિક.

૧. વડોદરા રાજ્યનો ટુંક ઇતિહાસ.

શ્રી છત્રપતિ શિવાજી મહારાજે મરાઠી રાજ્યની સ્થાપના કર્યા પછી ધીમે ધીમે રાજ્યની સત્તા જામતી ગઈ, અને છેવટે લગભગ આખા હિંદમાં મરાઠાઓની હાક વાગવા માંડી. તે વખતે હાલની માફક જુદા જુદા પ્રદેશો સાથેનો સંબંધ રેલ્વે વગેરેના અભાવના કારણે સરળ નહોતો, અને તેથી જુદા જુદા પ્રાંતોમાં મરાઠા સરદારો દાખલ થઈ ખંડણી, ચોથ વગેરે ઉઘરાવવાનું કામ કરતા. ધીમે ધીમે દેશ કબજે કરવાનું કામ પણ લાગ મળે કરતા, અને પોતાના મુલકની ખંડણી વગેરે ઉઘરાવી સરકાર તરફ રવાના કરતા.

આવી રીતે શ્રી છત્રપતિ શાહુ મહારાજના વખતમાં ખંડેરાવ દાભાડેએ ગુજરાત પ્રાંતમાં ખંડણી ઉઘરાવવાનું કામ શરૂ કર્યું. તેમની નોકરીમાં દાવડી ગામના

રહીશ દામાજીરાવ ગાયકવાડ હતા. આ વખતે ગુજરાત પ્રાંતમાં મુસલમાન લોકોની સત્તા હોવાથી મરાઠા સરદારોને વારંવાર તેમની સાથે લડાઇમાં ઉતરવું પડતું. ધીમે ધીમે મુસલમાન સરદારોની સત્તા નબળી પડતી ગઇ તેમ તેમ મરાઠા લોકો મુલક સર કરતા ગયા. દામાજીરાવ ગાયકવાડે આ લડાઇઓમાં પોતાના બાહુ બળથી નામના મેળવી અને બાલાપુરની લડાઇમાં સમશેર બહાદુરનો ખિતાબ મેળવ્યો. દામાજીરાવના અવસાન પછી તેમના ભત્રીજા પીલાજીરાવ ગાયકવાડે પોતાની સત્તા જમાવી સોનગઢમાં પોતાનું થાણું સ્થાપ્યું, અને મોગલ સુબાઓને મદદ કરી તેમની પાસેથી વડોદરા ૧૭૨૪ માં મેળવ્યું. ત્યારપછી ૧૭૩૧ માં ભીલુપુરની લડાઇ પછી શ્રી છત્રપતિ શાહુ મહારાજાએ પીલાજીરાવને સેનાખાસખેલનો ખિતાબ આપ્યો. ત્યાર પછી જુદે જુદે પ્રસંગે ગુજરાતમાં મોગલોના સુબાઓને મદદ કરી બદલામાં મુલકો મેળવતા ગયા, અને પેશ્વા અને અંગ્રેજોની સાર્વભૌમ સત્તાની રૂઇએ જે જે ફેલફારો થયા તે પ્રમાણે આપણા રાજ્યનો હાલનો પ્રદેશ બન્યો છે અને તે હાલ વડોદરા રાજ્યના નામે ઓળખાય છે. આજ પીલાજીરાવના વંશજો હાલ વડોદરાની ગાદીએ રાજ્ય કરે છે.

આ રાજ્યની ગાદી ઉપર હાલ શ્રીમંત સરકાર

મહારાજ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર, જી. સી. એસ. આઇ; જી. સી. આઈ. ઈ. ફરજંદે ખાસ ઈ દોલતે ઈગ્લીશીયા બીરાજે છે. તેઓશ્રી સને ૧૮૭૫ ની સાલમાં બાર વર્ષની ઉમરે ગાદીએ આવ્યા. સને ૧૮૮૧ માં પુખ્ત ઉમરે પહોંચી રાજ્યની લગામ હાથમાં લીધી. પ્રજાની ઉન્નતિ એજ પોતાની પવિત્ર ફરજ સમજી દીર્ઘ ઉદ્યોગ અને સતત પ્રયાસથી રાજ્યતંત્રમાં અનેક સુધારા કર્યા છે. પ્રગતિ ખાતાં જેવાં ખાતાંની સ્થાપના કરી પ્રજાની ઉન્નતિ માટે પ્રયત્નો કર્યા છે. રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજીયાત કર્યાનું, અને ન્યાય અને કારોબારી ખાતાં જુદાં પાડવાનું પ્રથમ માન આપણા મહારાજાને છે. ટુંકામાં, હાલની રાજ્ય પદ્ધતિ આવા સુધારા પર લાવવાનું માન તેઓશ્રીને છે, અને તેથી વડોદરાનું રાજ્ય હાલ આખા હિંદુસ્તાનમાં ઉચ્ચ પંક્તિએ લાવવાનું માન આપણા હાલના નરેશનેજ આભારી છે. તેઓશ્રીએ દુનિયાના જુદા જુદા ભાગોમાં સતત મુસાફરી કરી જ્યાં જે સારૂં જણાયું તે તુરત પોતાના રાજ્યમાં દાખલ કર્યું છે. પ્રભુ એમને દીર્ઘાયુ બનાવો.

રાજ્યમાં કેવી કેવી જાતના સુધારા દાખલ થયા છે, હાલમાં રાજ્યતંત્ર કેવી રીતે ચાલે છે, પ્રજાને સુખી કરવાના ઉપાયો કેવી રીતે યોજવામાં આવ્યા છે, વગેરે બાબતો સ્થૂળ રૂપે બતાવવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે.

૨. વડોદરા રાજ્યના ભાગ, વિસ્તાર, વસ્તી, વગેરે.

આ રાજ્યના પાંચ ભાગ પાડવામાં આવેલા છે, અને તે દરેકને પ્રાંત કહેવામાં આવે છે. ગુજરાતમાં, ઉત્તરે પાલનપુરને અડીને કડી પ્રાંત, અમદાવાદની દક્ષિણે વડોદરા પ્રાંત, દક્ષિણે ખાનદેશને અડીને નવસારી પ્રાંત, અને કાઠિઆવાડમાં અમરેલી અને ઓખામંડળ આવેલા છે. દરેક પ્રાંતની વસ્તી, ક્ષેત્રફળ, ગામો, વગેરે નીચેના કોઠા પરથી જણાઈ આવશે

પ્રાંતનું નામ.	ક્ષેત્રફળ ચોરસ માઈલ	૧૯૨૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે વસ્તી.	કસ્બાની સંખ્યા	ગામડાંની સંખ્યા
કડી	૩૦૫૦	૯૦૦૫૭૮	૧૫	૧૦૩૬
વડોદરા	૧૯૨૨	૭૦૭૫૧૨	૧૯	૮૨૭
નવસારી	૧૮૧૦.૬	૩૪૦૩૭૨	૮	૬૭૫
અમરેલી	૧૦૭૭.૪	૧૫૨૫૮૫	૪	૨૪૨
ઓખામંડળ	૨૭૫.૨	૨૫૪૭૫	૨	૪૧
કુલ	૮૧૩૫.૨	૨૧૨૬૫૨૨	૪૮	૨૮૨૧

રાજ્યધાનીનું શહેર વડોદરા વિશ્વામિત્રી નદીના કાંઠે છે, અને તે સુંદર મકાનો અને રસ્તાઓ માટે પ્રખ્યાત ગણાય છે. રાજ્યની આંતરિક વ્યવસ્થા માટે નીચે પ્રમાણે ભાગો, વિભાગો અને તાલુકાઓ પાડવામાં આવ્યા છે. કેટલાંક ખાતાંની સરળતા માટે વિભાગોમાં જુજ ફેરફાર કરવામાં આવે છે.

રાજ્ય	પ્રાંતો	વિભાગ	તાલુકા
	કડી પ્રાંત	(૧) મહેસાણા–અંગત નાયબ સુબા.	મહેસાણા
		(૨) પાટણ વિભાગ	પાટણ ચાણસ્મા હારીજ
		(૩) વિસનગર વિભાગ	વિસનગર ખેરાળુ સિદ્ધપુર વિજાપુર
		(૪) કડી વિભાગ	કડી કલોલ દહેગામ આંતરસુંબા
		(૧) વડોદરા શહેર અંગત નાયબ સુબા.	વડોદરા શહેર
		(૨) વડોદરા વિભાગ	વડોદરા મહાલ પાદરા કરજણ શિનોર

વડોદરા રાજ્ય	વડોદરા પ્રાંત	(૩) ડભોઇ વિભાગ	ડભોઇ
			સંખેડા
			નાષોડીઆ
			તિલકવાડા
			ચાણોદ
		(૪) પેટલાદ વિભાગ	પેટલાદ
			ભાદરણ
			સાવલી
	નવસારી પ્રાંત	(૧) નવસારી–અંગત નાયબ સુબા.	નવસારી
		(૨) વ્યારા વિભાગ	વ્યારા
			સોનગઢ
			મહુવા
		(૩) કામરેજ વિભાગ	કામરેજ
			પલસાણા
			માંગરોલ
			ગણદેવી
	અમરેલી પ્રાંત	(૧) અમરેલી વિભાગ	અમરેલી
			દામનગર
			રતનપુર
			ભીમકટા
		(૨) કોડીનાર વિભાગ	કોડીનાર
			ધારી
			ખાંભા
	ઓખામંડળ	ઓખામંડળ	દ્વારકા
			બેટ

રાજ્યમાં જુદી જુદી જાતના લોકો વસે છે, ને તેમનો મુખ્ય ધંધો ખેતીનો છે. કુલ વસ્તી પૈકી લગભગ ૮૦ ટકા કરતાં વધુ હિંદુ લોકો છે; વસ્તીના આઠ ટકા મુસલમાન લોકોની વસ્તી છે; જૈન, પારસી, અને ખ્રિસ્તિ લોકોની વસ્તી અનુક્રમે ૪૩૨૩૩, ૭૫૩૦, ૭૪૨૧ છે.

પ્રકરણ ૨ જું.

હજુર મધ્યવર્તી કચેરી.

૧. કારોબારી સભા.

શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજ રાજ્યમાં સર્વ સત્તાધીશ છે. અત્યંત મહત્ત્વનાં કામો પોતે જોઇ નિકાલ કરે છે. રાજકારોબારમાં મદદ કરવા માટે **તેઓશ્રીએ** એક **કારોબારી સભા** સ્થાપી છે, અને તેને પોતાના કેટલાક અધિકાર આપ્યા છે. આ સભા **મંત્રિમંડળ** પણ કહેવાય છે.

આ સભામાં દરેક ખાતામાંથી દીવાન અધિકાર ઉપરાંતનાં અને મહત્ત્વનાં કામો ટીપણના રૂપમાં રજુ થાય છે. આ સભાના અધ્યક્ષ દીવાન હોય છે, અને સભાસદ તરીકે નાયબ દીવાન અને વખતો વખત શ્રીમંત મહારાજા સાહેબ જે મોટા અમલદારોની અગર રાજ્યધરાણાના માણસની પસંદગી કરે તે હોય છે. કામોનો નિકાલ બહુમતથી થાય છે, અને વિશેષ મહત્ત્વના કામો સભા પોતાના અભિપ્રાય

સાથે શ્રીમંતને રજુ કરે છે. શ્રીમંત મહારાજા સાહેબની સ્વારી જ્યારે વડોદરામાં હોય છે, ત્યારે તેઓશ્રી વારંવાર આ સભામાં ભાગ લઈ કામ કેવી રીતે થાય છે, તે જુએ છે, અને યોગ્ય સલાહ આપે છે.

૨. દીવાન અને નાયબ દીવાન.

રાજ્યની બધી વ્યવસ્થા જે મુખ્ય અધિકારી તરફથી થાય છે તે દીવાન કહેવાય છે. રાજ્યના બધા અમલદારોના તે ઉપરી છે, અને રાજ્યતંત્ર બરાબર ચાલે છે કે કેમ તે બદલ તે શ્રીમંત સરકારને જવાબદાર છે, આવી ભારે જવાબદારી ભરેલી જગોપર શ્રીમંત મહારાજા સાહેબ બહુજ લાયક માણસની પસંદગી કરી નીમણુક કરે છે. સામાન્યરીતે દીવાન પાંચ વરસ સુધી પોતાની જગો ઉપર રહે છે, અને તેમનો પગાર વધારેમાં વધારે માસિક રૂ. ૫૦૦૦) પાંચ હજાર હોય છે. દીવાન બે અગર ત્રણ નાયબ દીવાનોની મદદથી બધાં ખાતાં ઉપર દેખરેખ રાખે છે. એ ઉપરાંત બ્રિટિશ સરકાર અને બીજાં રાજ્યો સાથેના હિત સંબંધનું કામ કરે છે.

આ કચેરી પ્રથમ દીવાન કચેરીના નામથી ઓળખાતી, પણ બ્રિટિશ મુલકમાં મુંબાઈ, મદ્રાસ વગેરે ઇલાકામાં સેક્રેટરીએટ પદ્ધતિ છે તેવી યોજના દાખલ કરવી શ્રીમંત મહારાજા સાહેબને યોગ્ય લાગવાથી તે પદ્ધતિને અનુસરીને હાલની હુજુર મધ્યવર્તી કચેરીની રચના સન. ૧૯૧૮–૧૯૧૯માં કરવામાં આવી છે. આ કચેરીમાં ત્રણ શાખાઓ

છે. (૧) મુલકી, (૨) ન્યાય, (૩) સામાન્ય. આમાં બધાં ખાતાંનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચીફ સેક્રેટરી (મુખ્ય મંત્રીમદદનીશ) નામના અમલદાર ત્રણે શાખાઓ ઉપર દેખરેખ રાખે છે. આ અમલદારની મદદમાં બીજા બે મંત્રીમદદનીશો હોય છે, અને તે દરેક પોતાની શાખા માટે જવાબદાર ગણાય છે. આ કચેરીમાં આવતાં કામો આ અમલદારો મારફત જોવાઇ દીવાન અગર નાયબ દીવાન આગળ રજુ થાય છે. પોતાના અધિકારમાં નિકાલ થવા જેવાં કામોનો દીવાન અને નાયબ દીવાનો નિકાલ કરે છે, અને બાકીનાં પોતાની ભલામણ સાથે કારોબારી સભામાં મૂકે છે. સભાના, અને દીવાન અધિકારના જે છેવટના હુકમો થાય છે તે સરકારી છાપખાનાદ્વારા છપાઇ લાગતા વળગતા તરફ મોકલવામાં આવે છે. આ પ્રમાણે જ્યારે નાયબ દીવાન ફક્ત સલાહ આપવાનું કામ કરે છે, ત્યારે તેમને મંત્રસચિવ કહેવામાં આવે છે; અને તેઓ જ્યારે પોતાના અધિકારમાં કામોનો નિકાલ કરે છે ત્યારે તેઓ કર્મસચિવ કહેવાય છે.

૩. હજુર કામદાર.

આ અમલદાર શ્રીમંત મહારાજા સાહેબના સાન્નિધ્યમાં રહી મહારાજા સાહેબ તરફ રજુ થતાં કામો પોતે જોઇ રજુ કરે છે, અને તેના નિકાલ વગેરેની હકીકત યોગ્ય કચેરી તરફ મોકલી આપે છે. હજુર કામદારને મદદ કરવાને એક નાયબ હજુર કામદાર હોય છે, અને તેમની કચેરી રાજ્યમહેલ નજીક અગર શ્રીમંત ફરમાવે ત્યાં બેસે છે.

૪. ફડનીસ ખાતું.

આ કચેરીમાં રાજ્યનાં જુનાં દફતરો સુવ્યવસ્થિત સ્થિતિમાં રાખવામાં આવે છે, જેમાં રાજ્યના અંગનાં અગત્યનાં દફતરો હોય છે. આ સંસ્થાના વડાને રાજ્ય દફતરદાર કહેવામાં આવે છે. તેઓ રાજ્યમાં ફરી દરેક ખાતાની કચેરીઓનાં દફતરખાનાં તપાસી યોગ્ય સલાહ આપે છે.

૫. મધ્યવર્તી હરરાજી સમિતિ.

જુદાં જુદાં ખાતાંની મોટી હરરાજીઓ મંજુર કરવા માટે એક સમિતિ રાખવામાં આવી છે. આ સમિતિમાં નાયબ દીવાન પ્રમુખ હોય છે; અને સરદાર, અસામદાર વર્ગમાંથી એક સભ્ય, જે ખાતાની હરરાજી હોય તે ખાતાના વડા અગર તેમના નાયબ, અને શ્રીમંત મહારાજા સાહેબ પસંદ કરે તે, એમ ત્રણ સભ્યો હોય છે. આ સમિતિ રૂ. ૧૫૦૦૦) કિંમત સુધીની સ્થાવર મિલકતની અને રૂ. ૧૦૦૦૦૦) ની રકમ સુધીની જંગમ મિલકતની હરરાજી મંજુર કરે છે.

૬. હુજુર મધ્યવર્તી પુસ્તકાલય.

આ પુસ્તકાલયની સ્થાપના હાલમાંજ વડોદરામાં કોઠીના મકાનમાં થઇ છે. આ પુસ્તકાલયનો હેતુ વડોદરા તળના અને બહારના અમલદારોને તેમના કામકાજને લગતું મફત વાચન પુરૂં પાડવાનો છે. પુસ્તકાલયની વ્યવસ્થા માટે એક સમિતિ નીમવામાં આવી છે. તેનું બંધારણ નીચે મુંજબ છે.

અધ્યક્ષ:	સભ્યો:
સરસુબા.	પ્રગતિ અધિકારી
	વિદ્યાધિકારી
	પુસ્તકાલયના ક્યુરેટર
	મુખ્યમંત્રી મહદનીશ.

પુસ્તકાલયના લાયબ્રેરિયન સેક્રેટરી તરીકે કામ કરે છે, અને તે ઠરેલા નિયમ પ્રમાણે પુસ્તકાલયનું કામકાજ કરે છે. પુસ્તકો વગેરે મંગાવવાનું કામ ઉપરની સમિતિ બહુમતિથી કરે છે.

૭. ઉમેદવારો પસંદ કરવા સંબંધી સમિતિ.

રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓ માટે મોટી જગાઓ સારૂ ઉમેદવારો પસંદ કરવા સારૂ હુજુર મધ્યવર્તી કચેરીમાં એક સમિતિ રાખવામાં આવી છે. આ સમિતિ ઉમેદવારોની લાયકી વગેરે જોઇ રૂબરૂ મુલાકાત લઇ પસંદગી કરે છે; અને સરકારને વખતો વખત આવી બાબતોમાં સલાહ આપવાનું કામ કરે છે. આ સમિતિમાં એક નાયબ દીવાન અગર તેવાજ બીજા મોટા અમલદાર પ્રમુખ તરીકે હોય છે, અને બીજા સભ્યો જુદાં જુદાં ખાતાંના વડાઓ હોય છે. હુજુર મધ્યવર્તી કચેરીના મુખ્ય મંત્રી મદદનીશ આ સમિતિના સભાસદ હોવા ઉપરાંત તંત્રીનું કામ પણ કરે છે. કારકુન વગેરેની પસંદગી માટે દરેક પ્રાંતમાં સુબાના પ્રમુખપણા નીચે સમિતિઓ છે. તે પણ ઉપરના ધોરણે પસંદગીનું કામ કરે છે.

કારકુન વર્ગમાં દાખલ થનારા ઉમેદવારો માટે વડોદરામાં એક વર્ગ રાખવામાં આવ્યો છે. આ વર્ગમાં દાખલ

થનારા ઉમેદવારોને હંમેશ ઉપયોગમાં આવનારા રાજ્યના સામાન્ય નિયમ વગેરેનું જ્ઞાન આપવા ઉપરાંત જુદી જુદી કચેરીઓમાં મોકલી પ્રત્યક્ષ કામકાજની માહિતિ આપવામાં આવે છે. આ વર્ગનો અભ્યાસક્રમ ચાર માસ સુધીનો રાખવામાં આવેલો છે. આ વર્ગમાં પસાર થયા સિવાય કોઇને નોકરીમાં રાખવામાં આવતા નથી, આથી સરકારને લાયક અને શિક્ષિત નોકરો મળવાની યોજના થઇ છે.

પ્રકરણ ૩ જું.

ધારા ઘડવાનું કામ.

૧. ધારાસભા.

આ રાજ્યમાં કેટલાંકએક કામોમાં, જેવાં કે કાયદાઓ વગેરે ઘડવામાં અનુભવી લોકોની સલાહ લેવી હિતાવહ થશે એમ જણાયાથી શ્રીમંત મહારાજા સાહેબે આજથી લગભગ એકવીસ વરસ પહેલાં એક મંડળની સ્થાપના કરી છે જેને “ધારાસભા” કહેવામાં આવે છે. આ ધારાસભા પોતાની આગળ રજુ થતા કાયદાના મુસદ્દા ઉપર સલાહ આપવા ઉપરાંત સામાન્ય લોકહિતના ઠરાવો લાવી વાટાઘાટ કરી શકે છે, અને માહિતી માટે પ્રશ્નો પૂછી શકે છે. સામાન્ય રીતે આ સલાહકાર મંડળ છે. આ ધારાસભામાં અધ્યક્ષ સાથે કુલ ૨૭ સભાસદો છે. રાજ્યના દીવાનની ગેરહાજરીમાં તેમનાથી ઉતરતી પંક્તિના અમલદાર આ સભાના અધ્યક્ષ

હોય છે. બાકીના સભાસદો સંબંધે બંધારણ નીચે પ્રમાણે હોય છે.—

૫ હોદ્દાની રૂઇએ
૭ સરકાર નિયુક્ત સરકારી અમલદારો
૪ સરકાર નિયુક્ત લોકજ્ઞ સભાસદો
૧૦ રાજ્યના જુદાજુદા વિભાગના જથાઓ તરફથી ચુંટાઇ આવેલા લોકજ્ઞ સભાસદો.

લોકજ્ઞ સભાસદો નીમવા તે બનતા સુધી જુદી જુદી જ્ઞાતિના તથા ધંધાના હોઇ કેળવાએલા હોય છે, જમીનદાર વર્ગના અને વેપારી વગેરે વર્ગના કેટલાએક સભાસદો પણ હોય છે.

ધારાસભાના સભાસદ થવા માટે જે પ્રાંત અગર વિભાગ તરફથી નીમણુક થવાની હોય તે પ્રાંત અગર વિભાગમાં રહેનારો, ૩૦ વરસની ઉમર પુરી થઇ હોય તેવો, અને સ્થાનિક પંચાયત સંબંધી જે નિબંધ વખતો વખત અમલમાં હોય તે નિબંધમાં ઠરાવ્યા પ્રમાણેની સામાન્ય નાલાયકી વિનાનો ઇસમ લાયક ગણવામાં આવે છે. આવા ઉમેદવારોની ચુંટણી જે તે વિભાગમાં થાય છે, અને તે મંજુરી માટે હુજુરશ્રીને રજુ કરવામાં આવે છે, સભાસદની નીમણુંક સામાન્ય રીતે ત્રણ વરસ સુધી હોય છે. આ પ્રમાણે નીમાઇ આવેલા સભ્યોની યાદી આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન સભાની બેઠકો દર ત્રણ મહિને એક,

એમ ચાર થાય છે, અને તે અધ્યક્ષ મુકરર કરે તે વખતે અને તે સ્થળે મળે છે. હાલ આ સભા વડોદરામાં હુજુર મધ્યવર્તી કચેરીમાં આ સભા માટે ખાસ બનાવેલા દિવાન-ખાનામાં બેસે છે. કાંઈ ખાસ કારણસર વિશેષ બેઠક બોલાવવાની અધ્યક્ષને છુટ છે.

સભાનું કામ શરૂ કરવા માટે અધ્યક્ષ ઉપરાંત બીજા ચાર સભ્યોની જરૂર હોય છે. સભાનું કામ જોવા માટે બહારના ત્રાહિત માણસો અધ્યક્ષની પરવાનગીથી દાખલ થઇ શકે છે, અને તેમને બેસવા માટે ઇલાહીદી બેઠક હોય છે. સભાનું કામકાજ સામાન્ય રીતે ગુજરાતીમાં ચાલે છે. સભામાં ઉપર જણાવ્યા મુજબ રજુ થતાં કામો, લોકહિતનાં કાયદાના કેટલાક મુસદ્દા, ઠરાવો અને પ્રશ્નો હોય છે. તેનો સભામાં વાટાઘાટ થયા પછી બહુમતિથી નિકાલ થાય છે. આવા મુસદ્દા ન્યાયમંત્રી તરફથી રજુ થાય છે. કેટલેક પ્રસંગે પેટા સમિતિઓ પણ નીમવામાં આવે છે, જે તેની આગળ રજુ થતા મુસદ્દા વગેરે તપાસી પોતાની ભલામણ સાથે સભા આગળ મુકે છે. ત્યાં આનો છેવટનો નિકાલ કરવામાં આવે છે. પછી આવો મુસદ્દો હુજુરશ્રી આગળ મંજુરી માટે રજુ થાય છે, અને મંજુરી મળે ન્યાયમંત્રીની સહીથી કાયદા તરીકે આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ થાય છે.

ધારાસભાના તંત્રી તરીકે નાયબ ન્યાયમંત્રી કામ કરે છે અને તે તમામ કામકાજની વ્યવસ્થા રાખે છે. સભામાં થએલા કામકાજની નોંધ રાખી પ્રજાની જાણ સારૂ આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ કરે છે. ઉપર જણાવેલા ચુંટાઇ

આવેલા લોકલ સભાસદોને દર બેઠકે વડોદરામાં આવવા જવા સારૂ ઉચક રૂપીઆ સાઠ ભથ્થા ભાડા માટે આપવામાં આવે છે.

જ્યારે જ્યારે શ્રીમંત મહારાજા સાહેબની સ્વારી વડોદરામાં હોય છે, ત્યારે ત્યારે તેઓશ્રી ધારાસભાની બેઠકોમાં પોતાની હાજરી આપી ચાલતું કામકાજ જુએ છે, અને વખતો વખત પોતાની સલાહ આપે છે. આ સંસ્થા હજુ બચપણમાં છે. જેમ જેમ લોકો કેળવાતા જાય છે અને પોતાની જવાબદારી સમજતા થાય છે, તેમ તેમ તેમના ઉપર વિશેષ જવાબદારી નાંખવા શ્રીમંત મહારાજા સાહેબની તીવ્ર ઇચ્છા છે. ચુંટણીનું તત્ત્વ પણ વિશેષ પ્રમાણમાં વિસ્તૃત કરવાની તેઓશ્રીની ખાએશ છે. બીજા દેશી રાજ્યોમાં આવાં સલાહકાર મંડળો સ્થાપવાનું સ્તુત્ય પગલું શરૂ થયું છે. બ્રિટિશ હિંદુસ્તાનમાં ચુંટણીનું તત્ત્વ વિસ્તૃત કરવામાં આવ્યું છે, અને ત્યાં ધારાસભાના સભ્યોમાંથી બેત્રણ સભ્યો મંત્રી તરીકે ચુંટાઈ તેમને કેટલાંક ખાતાંનો કારભાર સુપ્રત કરવાની યોજના છે. પાશ્ચાત્ય દેશોમાં તો ધારાસભાઓ મહત્ત્વની ગણાય છે, અને કારોબારી સભા તેમને આધીન હોય છે. ધીમે ધીમે આપણા દેશમાં પણ આ તત્ત્વ સ્વીકારવાની શરૂઆત થઇ છે, અને આપણા રાજ્યમાં પણ આ યોજના દાખલ થયેલી જોવા લોકો ઘણા આતુર છે.

૨. ન્યાયમંત્રી કચેરી.

કાયદા ઘડવાના સંબંધનું કારોબારી કામ ન્યાયમંત્રી નામના અમલદારને સોંપવામાં આવેલું છે. તેઓ રાજ્ય

માટે નિબંધ, નિયમો ઘડે છે, અને ધારાસભામાં ચર્ચા થયા પછી શ્રીમંત મહારાજા સાહેબની સંમતિથી કાયદાના સ્વરૂપમાં આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ કરે છે. આ નિબંધ, નિયમ મુજબ રાજ્યનાં તમામ ખાતાંમાં કારોબારી કામ ચાલે છે. સરકારી નોકરો, અને પ્રજાના ઉપયોગ સારૂ મંજુર થએલા નિબંધ, નિયમો પુસ્તકોના રૂપમાં બહાર પાડવાનું કામ આ કચેરી તરફથી થાય છે. આ અમલદારને મદદ કરવા માટે તેમના હાથ નીચે નાયબ ન્યાયમંત્રી નામના અમલદાર હોય છે, જે ધારાસભાના તંત્રીનું કામ પણ કરે છે.

ન્યાયમંત્રીની દેખરેખ નીચે **ખાનગી નિયમ** શાખા છે, જે ખાનગી ખાતા માટે નિયમો ઘડે છે.

ન્યાયમંત્રી ઉપરની પોતાની ફરજો ઉપરાંત, શ્રીમંત મહારાજા સાહેબ ફરમાવે તે પ્રમાણે ન્યાય ખાતાની કચેરીઓની તપાસણીનું કામ પણ કરે છે.

પ્રકરણ ૪ થું.

મુલકી ખાતું.

૧. **પૂર્વ ઇતિહાસઃ**—પ્રાચીન કાળમાં હિંદુરાજાઓ રાજ્યના નિભાવ માટે પાકનો અમુક ભાગ–૧/૬, ૧/૮ એ પ્રમાણે રાજભાગ તરીકે લેતા એમ પ્રાચીન સ્મૃતિઓ જોતાં જણાય છે. અકબર પાદશાહના વખતમાં આ જુની ચાલતી આવેલી પદ્ધતિમાં ટોડરમલે મહત્ત્વનો ફેરફાર કર્યો. ટોડરમલે જમીનની માપણી કરી, અને જમીનના દર ઠરાવી

દર પ્રમાણે ઉપજ રોકડ નાણામાં લેવાનું ઠરાવ્યું. મુસલમાનો પછી ગુજરાતમાં મરાઠાઓનો અમલ થતાં ધીમે ધીમે પાછલો વહીવટ બંધ થયો, અને જુની પદ્ધતિ અમલમાં આવી. ઉપજ ઉઘરાવવા મુલકનો અમુક ભાગ એક માણસને આપવામાં આવતો, અને તે પોતાની મરજી મુજબ ગામના પટેલની મદદથી ઉઘરાવી સરકારમાં ઠરાવેલો ભાગ ભરતો, આ પદ્ધતિને **ઈજારા વહીવટ** કહેવામાં આવે છે. આ પદ્ધતિના પરિણામ ઘણાં અનિષ્ઠ નીવડયાં, કારણ ઈજારદારો લોકો પાસેથી ગમે તે રીતે જેટલું લેવાય તેટલું લેતા, અને સરકાર તીજોરીમાં જેટલું ઓછું ભરાય તેવી કોશિશ કરતા. આથી લોકોને ઘણી કનડગત થતી અને રાજા અને રૈયતનું હિત સચવાતું નહિ.

આ વહીવટથી થતી ખરાબી ધ્યાનમાં લઇ શ્રીમંત ખંડેરાવ મહારાજાએ સં. ૧૯૨૦ માં આ વહીવટ બંધ કરી ખાલસા વહીવટ દાખલ કર્યો. તેમણે જમીનની માપણી કરાવી અને દર ઠરાવ્યા. જમીન મહેસુલ ઉઘરાવવા દરેક ગામે તલાટી, એક અથવા વધારે ગામના જથા માટે મહેતો, દશ અગર તેથી વધારે ગામ માટે થાણદાર રાખવામાં આવ્યા. વસુલ એકઠું કરી તલાટી મહેતાને આપતો, મહેતો વહીવટદારને સોંપતો અને વહીવટદાર સરસુબાને વડોદરા મોકલી આપતા. આ વહીવટમાં તે વખતે કેટલીક ખામીઓ રહી હતી. માપણી વગેરે ચોકસ થઇ ન હતી અને કેટલેક સ્થળે જુદા જુદા વહીવટ ચાલુ હતા. શ્રીમંત ખંડેરાવ મહારાજા પછી શ્રીમંત મલ્હારરાવના વખતમાં ઇજારા

પદ્ધતિ ફરી દાખલ થઇ. આ પદ્ધતિથી રૈયતમાં ઘણો અસંતોષ ફેલાયો.

શ્રીમંત મલ્હારરાવ પછી નવી કારકીર્દી થઇ તે વખતે જુદા જુદા વહીવટ બંધ કરી સરકારી વહીવટના ગામોમાં રૈયતવારી વહીવટ દાખલ કરવામાં આવ્યો. ઇ. સ. ૧૮૮૩ માં મી. એફ. એચ. ઇલીયટ સાહેબે જમીનની માપણી કરી અને નકશા બનાવ્યા. જમીનના દર નક્કી કરી જમીનની મગદુર પ્રમાણે રોકડ લેવાનું ઠરાવ્યું. આથી બધે સ્થળે એક વહીવટ થયો, અને રૈયતમાં અસંતોષનું કારણ રહ્યું નહિ.

શ્રીમંત ખંડેરાવ મહારાજાના વખતમાં ઉપર જણાવ્યા મુજબ તલાટી, મહેતા અને થાણુદાર વગેરે વસુલ લેવાનું કામ કરતા. મહાલોમાં વહીવટદારો હતા, અને વહીવટદારોના કામ ઉપર દેખરેખ રાખવા સરકામદારો હતા. શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબની સગીર વયમાં સર લુઇ પેલીએ ચાર માસ સુધી વડોદરાનો રાજ્ય કારભાર ચલાવ્યો તે વખતે બ્રિટિશ રાજ્યના ધોરણે દરેક પ્રાંતમાં સુબાની નીમણુક કરી અને તેમના હાથ નીચે નાયબ સુબા નીમ્યા. ત્યાર પછી સર. ટી. માધવરાવે બ્રટિશ રાજ્યના ધોરણે જુદાં જુદાં ખાતાં સ્થાપન કર્યાં, અને રાજ્યના મહાલોની વહેંચણી ફરી નવેસર કરી. હાલ મુલકી ખાતાનો વહીવટ નીચે મુજબ છે.

૨ સરસુબા.

મુલકીખાતું એ મુખ્ય આવકનું ખાતું છે, અને તેમાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે. આ ખાતાની શાખાઓ,

ઉપશાખાઓ ઘણી હોવાથી આ ખાતાના મુખ્ય બે વિભાગ પાડવામાં આવ્યા છે. (૧) મહેસુલ, અને (૨) જમીન. પહેલા વિભાગમાં મહેસુલ સંબંધી અને તેને લગતી બીજી ઘણી શાખાઓનો શમાવેશ થાય છે. બીજા વિભાગમાં જમીન સંબંધી અને બારખલી, ગિરાસ, આંકડીઆ શાખા, ઇનામી શાખા વગેરે શાખાઓ આવે છે. પહેલા વિભાગ ઉપર જે અમલદાર હોય છે તેમને **સરસુબા** કહેવામાં આવે છે, અને તે મુલકી ખાતાના મુખ્ય અધિકારી છે. સરસુબાના હાથ નીચે એટલાં બધાં ખાતાંઓ અને શાખાઓ હોય છે કે એક અમલદારથી આ બધું કામ થવું મુશ્કેલ પડે છે, તેથી તેમના દરજ્જાના **પ્રગતિ અધિકારી** નામના અમલદારને આ કચેરીમાં કેટલાંક ખાતાંની સુપ્રત કરવામાં આવેલી છે. સરસુબાની પ્રત્યક્ષ દેખરેખ નીચે મુલકી ચીટનીસી, વિવાદ તપાસણીનાં કામો, આબકારી, બંદોબસ્ત, જેલ, પ્રેસરિપોર્ટ, સીમાડા, પોલીટીકલ, રેલ્વે ડીમાર્કેશન, પાલ્યપાલક, જપ્તિ, વળતર અને નોંધણી વગેરે ખાતાં છે. પ્રગતિ અધિકારી વ્યાપાર ઉદ્યોગ, બંદર ખીલવણી, જંગલ, ખેતીવાડી સહકાર્ય, સરકારી પ્રેસ અને પંચાયત–આરોગ્ય રક્ષણ વગેરે ખાતાં ઉપર ખાતાના મુખ્ય અધિકારીના અધિકારથી દેખરેખ રાખે છે.

બીજા વિભાગ ઉપર જે અમલદાર નીમવામાં આવ્યા છે તેમને **સર્વે અને સેટલમેન્ટ સુપરિન્ટેન્ડેન્ટ** કહેવામાં આવે છે, અને તે સરસુબાના અધિકારથી પોતાની શાખાનું કામ કરે છે. આ બન્ને અમલદારોની કચેરી વડોદરામાં છે. સરસુબાના તાબામાં મદદ કરવા માટે

નાયબ સરસુબા, આસિ૦ સરસુબા, તથા નોંધણી, પંચાયત વગેરે શાખાઓ માટે નાયબ અધિકારીઓ અને ચિટણીસો હોય છે. સર્વે સેટલમેન્ટ સુપરીન્ટેન્ડેન્ટની મદદમાં એક આસિસ્ટંટ, હોય છે, જે બારખળી, ગીરાસ વગેરેના કામે મદદ કરે છે.

આવકની મુખ્ય બાબતો:–મુલકી ખાતાની આવકોમાં નીચેની બાબતોનો મુખ્યત્વે કરીને સમાવેશ થાય છે. જમીન મહેસુલ, આબકારીનું ઉત્પન્ન, જકાત, અફીણનું ઉત્પન્ન, મીઠાનું ઉત્પન્ન, આયપતવેરો વગેરે.

૩ સર્વે સેટલમેન્ટ સુપરીન્ટેન્ડેન્ટ.

આ અમલદારની દેખરેખ નીચે મુખ્યત્વે નીચેનાં કામો થાય છે. વખતો વખત જમીનની માપણી કરવી, જમીનની સ્થિતિ અનુસાર ઠરાવેલા વખતે જમીનના ધારા નક્કી કરવા, સીમના તથા ગામ તળના નકશા બનાવવા, બારખલી જમીન અને વતનદારોના હક્ક સંબંધેનાં કામકાજો ઉપર દેખરેખ રાખવી, ગિરાસ સંબંધી બાબતોમાં રેસીડેન્સી સાથે લખાપટી કરી નિકાલ કરાવી આપવાનો છે.

૪. સુબા, નાયબસુબા.

પાછળ જણાવ્યા પ્રમાણે રાજકારોબારની સરળતા માટે રાજ્યના પાંચ ભાગ પાડવામાં આવેલા છે, અને તે દરેક ઉપર સુબાની નીમણુક કરવામાં આવે છે. આ સુબા પોતાના પ્રાંત પુરતા દરેક ખાતાની પ્રગતિ માટે જવાબદાર ગણાય છે, જોકે બીજાં ખાતાંઓ માટે જુદા અમલદારો હોય છે, તોપણ આ બધાં ખાતાંઓ પર સામાન્ય

દેખરેખ રાખવાનું કામ સુબાનું છે. પ્રાંતમાં સુબાની મુખ્ય ફરજ મહેસુલ ઉઘરાવવા સંબંધીની અને પોતાના પ્રદેશમાં સુલેહ શાંતી જાળવવાની છે, અને આ બાબતમાં તે સર સુબાને આધીન રહી કામો કરે છે. તેમની કચેરી પ્રાંતના મુખ્ય સ્થળે હોય છે. સુબાની ફરજો અનેક પ્રકારની છે, અને તેથી એક માણસ બધા કામને પહોંચી ન વળે એ કારણે સુબાની મદદમાં એક **અંગત નાયબસુબા** આપવામાં આવેલા હોય છે, અને તે બન્નેની વચ્ચે ખાતાંની વહેંચણી થાય છે. અંગત નાયબસુબા પોતાને સુપ્રત થએલા તાલુકામાં નાયબસુબાનું કામ કરવા ઉપરાંત, પ્રાંતનાં દેવસ્થાન, બારખલી, પાલ્યપાલક, ગિરાસ, જપ્તી, નોંધણી વગેરે શાખાઓમાં સુબાના અધિકારથી કામ કરે છે. સુબાની મદદમાં જુદી જુદી શાખાઓ માટે જુદા જુદા ચિટણીસો (જેવા કે આબકારી સુપરીન્ટેન્ડેન્ટ, ચીટણીસ વગેરે) હોય છે. સુબા પ્રાંતમાં ફરી મહાલ કચેરીઓ અને બીજી સંસ્થાઓની તપાસણી કરે છે.

સુબાની મદદમાં બે અગર ત્રણ **નાયબ સુબાઓ** હોય છે, અને તે બે અગર ત્રણ તાલુકાના જથા ઉપર દેખરેખ રાખવાનું કામ કરે છે. નાયબ સુબાની મુખ્ય ફરજ જમીન મહેસુલ સંબંધીની છે. તેઓ પોતાના વિભાગમાં ફરી જમાબંદી તપાસવાનું, દફતરો તપાસવાનું, અને સુલેહ શાંતી જાળવવાનું કામ કરે છે.

૪ વહીવટદાર.

પ્રાંતના તાલુકા પાડવામાં આવ્યા છે, અને તે દરેક

ઉપર **વહીવટદારની** નીમણુક હોય છે. પ્રાંત માટે સુબાની જે ફરજો છે, તે તાલુકા માટે વહીવટદારની હોય છે. વહીવટદારની મુખ્ય ફરજ પોતાના તાલુકાનું જમીન મહેસુલ ઉઘરાવવાની અને સુલેહ શાંતિ જાળવવાની છે. આ કામને અંગે તેમને બીજાં ઘણાં કામો જોવાનાં હોય છે. વહીવટદારની કચેરી તાલુકાના મુખ્ય સ્થળે હોય છે. તાલુકામાં ફુરટથી ફરી લોકોની પ્રત્યક્ષ ફરિયાદો સાંભળી દાદ આપવાનું કામ કરે છે. જમીન મહેસુલના કામમાં મદદ કરવા માટે વહીવટદારના તાબામાં **તલાટી** આપવામાં આવેલા હોય છે. જે ગામડાઓમાં રહી ખાતેદારો પાસેથી હસા પ્રમાણે મહેસુલ ઉઘરાવે છે. તલાટી ઉપર દેખરેખ રાખવા માટે અને તેમના કામમાં મદદ કરવા એક મુલ્કી તજવીજદાર અને એક માપણી તજવીજદાર રાખવામાં આવે છે. તે જમીન માપવી, નીમનાણા લેવા, મહેસુલ ઉઘરાવવાના કામે મદદ કરવી, વગેરે કામો બજાવે છે. દરેક ગામડામાં **પટેલ** નીમવામાં આવે છે, અને તે તલાટીને ઉપરની બધી બાબતોમાં મદદ કરે છે. પટેલના તાબામાં ગામના પ્રમાણમાં ચોકીઆતો આપવામાં આવેલા હોય છે અને તેમની મુખ્ય ફરજ સીમ સાચવવાની છે.

તાલુકાના મુખ્ય સ્થળે વહિવટદારની દેખરેખ નીચે ટ્રેઝરી હોય છે, જ્યાં તાલુકાનું સરકારી લેવડ દેવડનું કામ થાય છે. નાણાં સંબંધેના કામ ઉપર ખાસ દેખરેખ રાખવા વહિવટદારની મદદમાં **અવલકારકુન** નામના અમલદાર હોય છે, અને તે વહિવટદારને બીજાં કામોમાં પણ મદદ કરે છે.

૬. ઓખામંડળ કમીશનરઃ—

ઉપર જણાવ્યા પ્રમાણે કડી, વડોદરા, નવસારી અને અમરેલી પ્રાંતોમાં સુબાઓ નીમવામાં આવે છે, પણ ઓખામાંડળમાં જે મુખ્ય અમલદાર નીમવામાં આવે છે તે **કમીશનર** કહેવાય છે. બ્રિટિશ હિંદુસ્તાનમાં જે પ્રમાણે રેગ્યુલેશન અને નૉન રેગ્યુલેશન પ્રાંતો હોય છે, અને તેમનો કારભાર જુદો હોય છે, તે પ્રમાણે કેટલેક અંશે તેને મળતો અત્રેનો વહીવટ છે.

પ્રથમ ઓખામંડળમાં વાઘેર લોકોનું ઘણું પ્રબળ હતું, અને તે સુધરેલી પ્રજા માફક તાબે રાખવા કઠણ હતા. પણ જેમ જેમ તેઓ સુધરતા જાય છે તેમ તેમ સરકારની મુશ્કેલી ઓછી થતી જાય છે. તોપણ બીજા પ્રાંતો માફક ત્યાંનો કારભાર સરળ નહિ હોવાથી અને તે રાજધાનીથી ઘણે દૂર પડેલે હોવાથી ત્યાંના કારોબારમાં કેટલોક તફાવત રાખવાની જરૂર પડી છે.

કમીશનર ઓખામંડળ પુરતા સર્વ સત્તાધીશ હોઈ, તમામ ખાતાના મુખ્ય અધિકારીના અધિકારો ધરાવે છે. તેમને પોતાના પ્રદેશ પુરતા મીલિટરી, પોલિસ વગેરે સર્વ અધિકાર આપવામાં આવ્યા છે, અને આથીજ આ પ્રદેશ બ્રિટિશ હિંદુસ્તાનના નૉન રેગ્યુલેશન પ્રાંતને મળતો છે.

૭ આબકારી ખાતું.

આ ખાતું સરસુબાના હસ્તક હોય છે. પ્રાંતમાં તેની દેખરેખ સુબા રાખે છે. આ ખાતાનું કામ લોકો ખાનગી રીતે દારૂ ગાળી એ વ્યસનમાં પડી પોતાની ખુવારી ન

કરે માટે કંટ્રાકટરો મારફત દારૂ પુરો પડાવી, તેના ઉપર અંકુશ મૂકી લોકોને આ વ્યસનથી બચાવવાનો છે. રાજ્યની તમામ દારૂની દુકાનોને દારૂ પુરો પાડવા માટે સરકારી અમલદારોની દેખરેખ નીચે ફેકટરીઓને રાજ્ય તરફથી કંટ્રાકટ આપવામાં આવે છે; અને ત્યાંથી ડેપો મારફતે દરેક તાલુકા અને ગામડાની દુકાનોને પુરો પાડવામાં આવે છે. દરેક તાલુકામાં આબકારી ઇન્સ્પેકટરોની નીમણુક કરવામાં આવી છે. તાલુકાઓમાં ખાનગી રીતે દારૂ ન ગળાય તે માટે તેઓ દેખરેખ રાખે છે, તેવા ગુન્હા પકડે છે, અને તાલુકામાં આવેલી જુદી જુદી દુકાનોના હિસાબ વગેરે તપાસે છે.

દરેક આબકારી ઇન્સ્પેકટરના તાબામાં પંદરથી વીસ સુધીની આબકારી પોલીસની ટુકડી આપવામાં આવેલી હોય છે, જે ગુન્હા પકડવાના કામમાં ઇન્સ્પેકટરને મદદ કરે છે. આ ઉપરાંત અફીણ, ભાંગ, ગાંજો વગેરે પરહદમાંથી દાખલ ન થાય અને નિયમથી વધુ કોઇ માણસ ન રાખે તે માટે આ ખાતાના માણસો ખાસ તપાસ રાખે છે. આ વસ્તુઓ પણ કંટ્રાકટરદ્વારા દુકાનદારોને પુરી પાડવામાં આવે છે.

કડી પ્રાંતમાં સિદ્ધપુરમાં અફીણની વખાર છે, ત્યાંથી રાજ્યમાં અફીણ પુરૂં પાડવામાં આવે છે, અને પરદેશ પણ મોકલવામાં આવે છે. અફીણનું વાવેતર કરવાની સર્વેને છુટ નથી. સરકાર પરવાનગીથી અમુક તાલુકાના લોકોને એનું વાવેતર કરવાની પરવાનગી આપવામાં આવે છે, અને તે લોકો પોતાના ખેતરમાં થએલો રસ સરકારને અમુક ભાવે

આપે છે. તેમાં મેળવણી કરી સિદ્ધપુરની વખારમાં તેનું અફીણ બનાવવામાં આવે છે. આ વખાર ઉપર જે અમલદાર હોય છે તેને ફેક્ટરી સુપરીન્ટેન્ડેન્ટ કહેવામાં આવે છે. કોડીનાર તાલુકામાં મીઠું સરકાર દેખરેખ નીચે બનાવી વેચવામાં આવે છે.

૮ આયપતવેરા ખાતું.

આ ઉપરાંત આયપત વેરો, સ્ટેમ્પ વગેરેનું ઉત્પન્ન સરકાર ખાતે જમા થાય છે. આયપત વેરો નક્કી કરવા માટે ખાસ કામદારો નીમવામાં આવે છે અને તે ગામે ગામ ફરી લોકોની સ્થિતિ અનુસાર વેરો નક્કી કરે છે. જે લોકોની વાર્ષિક કમાણી રૂ. ૭૫૦ અને તે ઉપરાંતની હોય છે, તેમની પાસેથી સેંકડે રૂ. ૧।। પ્રમાણે આ કર લેવામાં આવે છે. આયપત વેરા કામદારના ઠરાવની વિરૂદ્ધ, કોઇને વિવાદ કરવો હોય તો વિભાગના નાયબસુબા રૂબરૂ વિવાદ લવાય છે, અને કેટલીક બાબતોમાં સુબા, સરસુબા પણ આવા કામે ફેરતપાસણી કરે છે.

૯. નોંધણી કચેરી.

દરેક તાલુકાની કચેરીમાં નોંધણી કામદારની કચેરી હોય છે. તેઓ સરકારની અમુક લાગત લેઇ દસ્તાવેજ વગેરે નોંધી આપે છે, અને દસ્તાવેજની નકલો પોતાના દફતરે સારા અક્ષરે લખી રાખે છે. આથી અમુક દસ્તાવેજ કઇ તારીખે થયો, અથવા અમુક દસ્તાવેજ ખોવાય તો તે બદલનો ચોકસ દાખલો આ કચેરીમાંથી મળી આવે છે. આથી લોકોને તેમના કામકાજમાં ઘણી સરળતા થાય છે.

નોંધણી કામદારો ઉપર સીધી દેખરેખ પ્રાંતના સુબાની હોય છે. મહાલના વહીવટદાર વખતો વખત આ કચેરીની તપાસણી કરી શકે છે.

૧૦. દેવસ્થાન શાખા.

રાજ્યની અંદરનાં દેવાલયો અને ધાર્મિક સંસ્થાઓ પૈકી કેટલાંક સરકાર વહીવટનાં, કેટલાંક સરકાર દેખરેખ નીચેનાં. અને બાકીનાં ખાનગી હોઇ સાર્વજનિક દેખરેખ નીચેનાં હોય છે. સરકારની દેખરેખ નીચેનાં દેવાલયોના નિભાવ માટે સરકાર વર્ષાસન, બારખળી જમીન, ઈનામી ગામ વગેરે આપે છે, અને તેની મરામત વગેરે યોગ્ય વખતે કરાવે છે. અમલદારો વખતો વખત પોતાની ફેરણી દાર્મયાન આ દેવસ્થાનો ઉપર દેખરેખ રાખે છે. આ દેવ-સ્થાનો સર્વે અને સેટલમેન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટના તાબામાં હોય છે. પ્રાંતમાં અને મહાલમાં તેમનો વહીવટ સુબા અને વહીવટદાર તરફથી થાય છે. લોકોને ધર્મનું શિક્ષણ મળે એ હેતુથી પ્રચારકો નીમવામાં આવ્યા છે. તેઓ ગામે ગામ ફરી વ્યાખ્યાનદ્વારા લોકોને ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપે છે.

૧૧ પાલ્યપાલક શાખા.

આ રાજ્યમાંના રૂપિઆ પંદરસો અને તેથી વધારે આવકવાળા જાગીરદાર, આસામદાર, ઠાકોર, અને ઈનામદાર વગેરે પોતાનો વહિવટ ચલાવવા સગીર અગર અશક્ત હોય તેવાની મિલ્કત સરકાર પોતાના હસ્તક લઇ તેના વાલી તરીકે વહીવટ કરે છે, અને સગીર ઉમર લાયક

થએ સરકાર તેને પાછી સોંપે છે. આ ખાતા ઉપર મુખ્ય દેખરેખ સરસુબાની હોઇ પ્રાંતમાં અને મહાલમાં અનુક્રમે સુબા અને વહીવટદાર પાલ્યોના પાલક તરીકે વહીવટ કરે છે. પ્રથમ આ શાખાનો વહિવટ, સગીરનો સંબંધ જે ખાતા સાથે હોય તે ખાતા તરફથી થતો, પણ હાલ આ સંબંધેની તમામ તજવીજ મુલકી ખાતેથી થાય છે.

૧૨. સિમાડા શાખા.

આ શાખા સરસુબા કચેરીમાં હોઇ તેમાં આ રાજ્યના પરરાજ્યો સાથેના સીમાડા સંબંધીનું તમામ કામ થાય છે. આ શાખા ઉપર દેખરેખ રાખવાનું કામ કરનાર અમલદારને **સીમાડા કામદાર** કહેવામાં આવે છે. રેલ્વેના કામે લેવામાં આવતી જમીન સંબંધીનું કામકાજ પણ આ અમલદારને સોંપેલું હોય છે, અને તે રેલ્વે ડીમાર્કેશન ઑફીસરના હોદ્દાથી કામ કરે છે.

પ્રકરણ ૫ મું.

ન્યાય.

૧. પૂર્વ ઇતિહાસ.

જુના વખતમાં ન્યાય આપવા માટે હાલના જેવી વ્યવસ્થા નહોતી. તે વખતે રાજ્યકર્તાઓની મુખ્ય ફરજ પોતાની સત્તા દઢ કરવાની અને દેશને બહારના શત્રુઓથી બચાવવાની હતી. આવા વખતમાં રાજ્યકર્તાઓને રૈયતને ન્યાય આપવા તરફ જોઇએ તેટલો વખત પણ મળતો નહિ.

ફોજદારી તકરારો માટે આ સમયમાં લેખી કાયદા વગેરે નહતા; અને તેથી ઈન્સાફ આપવાનું ધોરણ ન્યાય આપનારની મરજી ઉપર રહેતું. મિલકત સંબંધી તકરારોમાં હિંદુઓને હિંદુ શાસ્ત્ર પ્રમાણે અને મુસલમાનોને સરેહના કાયદા પ્રમાણે રાજ્યકર્તા તરફથી ઇન્સાફ અપાતો. લોકો ઘણે ભાગે પોતાની તકરારો પંચ મારફત પતાવી લેતા હતા. સંવત્ ૧૮૭૨ પછી દેશમાં શાંતી થવા માંડી. તે વખતે મુલક ઇજારે અપાતો. આ ઈજારદારો ન્યાયનું પણ કામ કરતા. આ પદ્ધતિ મહેસુલ પદ્ધતિ જેટલીજ નિષ્ફળ નીવડી હતી. ત્યાર પછી સંવત્ ૧૮૭૦ માં કૅપ્ટન કર્નાકે એક ન્યાયાધીશીની સ્થાપના કરી, અને કામો વગેરે લેખી ચલાવવાનો વહીવટ દાખલ કર્યો. આ ન્યાયાધીશીમાં એક સરપંચ, એક ન્યાયાધીશ, અને ત્રણ પંચ બેસતા. સલાહ વગેરે આપવા માટે શાસ્ત્રી અને કાઝીઓને બોલાવવાનો રિવાજ હતો. ધીમે ધીમે આ ન્યાયાધીશીઓના બંધારણમાં ફેરફાર થયા. ત્યારબાદ આધુનિક પદ્ધતિએ ન્યાય આપવાની યોજના શ્રીમંત ખંડેરાવ મહારાજાના વખતમાં થઇ. તેમણે સં. ૧૮૩૦ માં "હુજુર ફોજદારી "ની સ્થાપના કરી. આ અરસામાં ઇજારા વહીવટ બંધ થયો હતો, અને દરેક મહાલે વહીવટદારની નીમણુક થઇ હતી. વહીવટદારના હાથ નીચે મુલકી, દીવાની, ફોજદારી વગેરે કામો માટે જુદા જુદા અવલકારકુનો રાખવામાં આવ્યા હતા, અને તે ગુન્હાના કામના કાગળો બનાવી વહીવટદાર આગળ રજુ કરતા. વહીવટદારો તે કામો પોતાના અભિપ્રાય સાથે 'હુજુર ફોજદારી ' માં મોકલતા. ત્યાર બાદ સં. ૧૯૨૬ માં શ્રીમંત

ખંડેરાવ મહારાજાએ સ્વતંત્ર લેખી કાયદા તૈયાર કરવાના તજવીજ કરી, અને દિવાની કામો માટે ઇલાયદી ન્યાયાધીશીઓ સ્થાપી. સંવત્ ૧૯૨૭–૨૮ માં શ્રી. કે. મલ્હાર રાવના વખતમાં વરિષ્ઠ કોર્ટની સ્થાપના થઇ તેમાં એક સ્વતંત્ર ન્યાયાધીશની નીમણુક થઇ. મહાલોમાં અને પ્રાંતોમાં વહીવટદાર અને સુબાઓ ન્યાય આપતા. ન્યાયની કચેરીઓનું સુધરેલી ઢબ પ્રમાણેનું હાલનું બંધારણ શ્રી. સરકાર સયાજીરાવ મહારાજા ૧૮૭૫ માં ગાદીએ બેઠા ત્યાર પછી થયું. તેમાં વહીવટદારો તરફના દીવાની અધિકાર લઇ લેવામાં આવ્યા, અને ન્યાય ખાતાની દેખરેખ નીચે પ્રાંત ન્યાયાધીશીઓ અને મહાલ ન્યાયાધીશીઓ સ્થાપવામાં આવી. ફોજદારી કામો વહીવટદાર અને સુબા પોતાના અધિકાર મુજબ ચલાવતા. ધીમે ધીમે કામ કરવાની પદ્ધતિમાં ફેરફારો થતા ગયા, અને સને ૧૯૦૪–૦૫ માં ન્યાય અને કારોબારી ખાતાં જુદાં પાડવામાં આવ્યાં. હાલ ન્યાય ખાતાનું કામકાજ નીચે જણાવ્યા મુજબ થાય છે.

૨. ખાતાનિહાય સદર અદાલત.

ખાતાના વડાના, દીવાન, અને કારોબારી સભાના નિકાલ વિરૂદ્ધ વિવાદ માટે અગર ફેર તપાસણી માટે ઉંચામાં ઉંચી અદાલત રાખવામાં આવી છે, જેને ખાતાનિહાય સદર અદાલત કહેવામાં આવે છે. આ અદાલતમાં જે કામો આવે છે તેનો નિકાલ થએલા ઠરાવને અનુસરીને થવાનો હોય તો અદાલત પોતાના અધિકારમાં તેનો નિકાલ આપી શકે છે. પણ તેથી વિરૂદ્ધ નિકાલ આપવાનો

હોય તો તેવાં કામો શ્રીમંતને પોતાની ભલામણો સાથે અદાલત રજુ કરે છે. આ અદાલતમાં શ્રીમંત મહારાજા સાહેબ જે બે અગર વધુ અમલદારોને નીમે તે બેસી શકે છે. ઘણું કરીને સરસુબા અગર તેથી વધુ દરજ્જાના અમલદારની નીમણૂક આમાં થાય છે. આ અદાલત વરસમાં કામની જરૂરીયાત પ્રમાણે બેસે છે, અને ઉપર મુજબ આવતાં કામોનો નિકાલ કરે છે. આ અદાલતના કામ માટે નિયમો ઘડવામાં આવેલા છે, અને વખતા વખત આ અદાલતની કચેરી ઉપર દેખરેખ માટે શ્રીમંત મહારાજા સાહેબ જેને નીમે તે તપાસણી કરી સુધારા સૂચવે છે.

૩. હુજુર ન્યાયસભા.

રાજ્યમાં વરિષ્ઠ ન્યાયાધીશી એ મોટામાં મોટી ન્યાયની અદાલત છે. તો પણ તેના ઠરાવ વિરૂદ્ધ કેટલાક નિયમોને આધીન રહી આ સભામાં વિવાદ દાખલ થઈ શકે છે. આ સભા શ્રીમંત મહારાજા સાહેબને મહત્ત્વના વિવાદ અને ફેર તપાસણીના કામે સલાહ આપે છે. આ સભામાં ન્યાયમંત્રી, વરિષ્ઠ કોર્ટના ન્યાયાધીશ જેમનો ચાલુ કામના નિકાલમાં સંબંધ ન હોય તે, અને હુજુર કામદાર હોય છે. હુજુર કામદાર અને ન્યાયમંત્રીનું કામ એકજ અમલદાર પાસે હોય તો નાયબ દીવાન અગર રાજ્યના નિવૃત્ત થએલા કોઈ જજની મદદ લેવામાં આવે છે. આ સભા વર્ષમાં ચાર વાર અગર વધુ મળે છે, અને આવેલાં કામોનો નિકાલ કરે છે.

૪ વરિષ્ઠ ન્યાયાધીશી.

વરિષ્ઠ ન્યાયાધીશી એ રાજ્યમાં મોટામાં મોટી અદાલત છે, અને તેની કચેરી વડોદરામાં છે. આ કચેરીમાં

ત્રણથી ચાર ન્યાયાધીશો હોય છે, અને તેમાંના મુખ્યને **સરન્યાયાધીશ** અગર ચીફ જસ્ટીસ કહેવામાં આવે છે. આ અમલદાર ન્યાયના કામ ઉપરાંત ખાતાનું કારોબારી કામ કરે છે, અને તાબાની ન્યાયાધીશીઓની તપાસણી કરે છે. આ ન્યાયાધીશીમાં પ્રાંત ન્યાયાધીશી ઉપરના વિવાદો ચાલે છે, અને અત્રેથી છેલ્લા ચુકાદા આપવામાં આવે છે.

૫. પ્રાંત ન્યાયાધીશી.

દરેક પ્રાંતમાં પ્રાંતના મુખ્ય સ્થળે **પ્રાંત ન્યાયાધીશીની** કચેરી હોય છે, અને તે મહાલમાંથી આવતા ફોજદારી અને દિવાની વિવાદોનો નિકાલ કરે છે. આ ન્યાયાધીશીમાં રૂ. ૧૦,૦૦૦ ની રકમો ઉપરાંતના દિવાની દાવા અવલ દાવા તરીકે લેવાય છે. ઉપરાંત અત્યંત મહત્ત્વનાં ફોજદારી કામો ઉત્પન્ન થયાં હોય તો તે શ્રીમંત મહારાજા સાહેબના ફરમાન અનુસાર ચલાવવામાં આવે છે. પ્રાંત ન્યાયાધીશની મદદમાં એક અમલદાર હોય છે તેને **નાયબ પ્રાંત ન્યાયાધીશ** કહેવામાં આવે છે. સામાન્ય રીતે આ અમલદાર પ્રાંતના દિવાની કામોનો નિકાલ કરે છે.

૬. મહાલ ન્યાયાધીશી.

સામાન્ય રીતે દરેક મહાલમાં **મહાલ ન્યાયાધીશી** હોય છે, અને તે મહાલની સ્થળ સીમામાંના ફોજદારી અને દિવાની કામો અમુક અધિકાર સુધી ચલાવે છે. દરેક મહાલ ન્યાયાધીશને રૂ. ૧૦૦૦૦ સુધીના દિવાની દાવા ચુકવવાનો અધિકાર હોય છે, અને રૂ. ૫૦ થી ૩૦૦ સુધીના નાના દાવા ચુકાવવાનો વ્યક્તિવાર અધિકાર જેને તેને આપવામાં

આવે છે. આ ન્યાયાધીશીમાં નાદારીનાં કામો પણ ચાલે છે. ફોજદારી કામો ચુકવવા માટે તેમને મ. ફો. ન્યા. વર્ગ ૧ ઠહેવામાં આવે છે, અને તેઓ ફોજદારી કામો પહેલા વર્ગના અધિકારથી ચલાવે છે. આ ઉપરાંત કેટલાક મહાલોમાં નહાના દાવાની યુગલ ન્યાયાધીશીઓ સ્થાપન કરવામાં આવી છે. આ ન્યાયાધીશીઓ રૂપિઆ ૫૦૦) સુધીના પૈસા સંબંધીના કામોનો નીકાલ કરે છે. આ કામ માટે કેટલાક મહાલોમાં હાલમાં વધારાના ન્યાયાધીશો રાખવામાં આવ્યા છે. તેઓ જે તે મહાલના ન્યાયાધીશ સાથે યુગલમાં બેસી કામોનો નીકાલ કરે છે. આ મદદનીશ ન્યાયાધીશો આ ઉપરાંત જ્યાં કામનું ભારણ વિશેષ હોય ત્યાં જઇ જુનાં કામોનો પણ નીકાલ કરે છે અને ફોજદારી યુગલોમાં પણ બેસે છે. આ યોજનાથી રૈયતને થોડે ખરચે જલદી ઇન્સાફ મળી શકે છે.

૭. ગ્રામ્ય ન્યાયાધીશીઓ અને મધ્યસ્થ પંચ.

આ ઉપરાંત **ગ્રામ્ય ન્યાયાધીશીઓ** સ્થાપવામાં આવી છે, અને તે પોતાની હદમાં ન્યાયનું કામ કરે છે. હાલ આવી બે ન્યાયાધીશીઓ છે. (૧) પાદરા, અને (૨) વરીઆવ (કામરેજ). આ ઉપરાંત મધ્યસ્થ પંચો પણ નીમવામાં આવે છે, અને તેઓ રોકડ રૂપીઆના દાવાનાં કામો આવે તમાં પક્ષકારોને બોલાવી જુબાની વગરે લીધા સિવાય સલુકાઇથી નિકાલ કરી આપે છે, અને પોતાના કામનું નિવેદન પોતાની મૈહાલ ન્યાયાધીશા તરફ મોકલે છે. મહાલ ન્યાયાધીશ આવાં કામો ઊપર મંજુરીનો શેરો કરી અમુક મુદતમાં વિરૂદ્ધ હકીકત ન આવે તો અમલ બજાવણી કરવા હુકમ આપે છે.

લાયક ઇનામદારોને પણ પોતાની હદમાં કામો ચલા-વવાનો અધિકાર આપવામાં આવ્યો છે, અને તે પોતાની હદમાં આ અધિકાર વાપરે છે. આવા રાજ્યમાં ૪ ઇનામ-દારોને અધિકાર છે.

આ ઉપરાંત પંચાયતોને પણ કામ ચલાવવાના અધિ-કાર આપવામાં આવેલા છે. હાલ ૬ વિશિષ્ટ પંચાયતો અને ૮ ગ્રામ્ય પંચાયતો આ અધિકાર ભોગવે છે. આ અધિકાર મળ્યા છતાં કેટલીક પંચાયતો આ રસ લઈ સારૂં કામ કરતી હોય એમ જણાતું નથી. જો આ પંચાયતો સારૂં કામ કરે તો લોકોનો જુજ દાવાના સંબંધમાં ઘણો વખત અને પૈસા બચવાનો સંભવ છે.

૮. વકીલ અને મુખ્તીઆર.

રાજ્યમાં એકંદર ૪૧૩ વકીલો અને મુખ્તીઆર છે. તે પૈકી ૨ બૅરીસ્ટર, ૧૯૪ એલ, એલ, બી., ૧૭ હાઈકૉર્ટ પ્લીડર, ૧૮ ડીસ્ટ્રીકટ પ્લીડર, અને ૧૮૨ રાજ્યની વકીલની પરીક્ષા પાસ થએલા છે. દરેક ન્યાયાધીશીમાં સરકારી વકીલો હોય છે, જે પોલીસના કામો સરકાર તરફથી ચલાવે છે. આ બદલ તેમને માસિક પગાર અને કામ ચાલે તે તે દિવસનું યોગ્ય મહેનતાણું આપવામાં આવે છે. આ વકીલોની નીમણુક વગેરે ન્યાયમંત્રી તરફથી થાય છે, અને તેમના કામો માટે તે વરિષ્ઠ ન્યાયાધીશીને આધીન છે.

પ્રકરણ ૬ ઠું.

હિસાબી ખાતું.

૧. હિસાબી ખાતું અને તેની શાખાઓ.

પ્રથમ રાજ્યને જ્યારે નાણાંની જરૂર પડે ત્યારે તે શાહુકારો પાસેથી કરજે લેવામાં આવતાં, અને તેની ચીઠ્ઠી કરી આપવામાં આવતી. બીજાને નાણાં આપવાં હોય તેની પણ શાહુકારો ઉપર ચીઠ્ઠીઓ અપાતી. આ નાણાંની શાહુકારોને કમાવીસદાર કે ઇજારદાર ઉપર વરાત આપવામાં આવતી. ઇજારદારો શાહુકારોનો હિસાબ ચુકવી બાકીની રકમ સરકારમાં ભરતા. આવી શાહુકારો ઉપર ચીઠ્ઠીઓ આપવાની રીતને **પોતદારી** કહેતા, અને આ રીતે કામ કરનાર શાહુકારો **પોતદાર** કહેવાતા. આ પોતદારોને છ ટકાથી માંડીને બાર ટકા જેટલું વ્યાજ મળતું હતું. હરિભક્તિ, ગોપાળ મેરાળ, રતનજી કહાનદાસ, બાકજી દાદાજી, શામળ બહેચર વગેરે પોતદારો હતા. મહારાજા સયાજીરાવ બીજાએ પણ આવી પોતદારીની પેઢી ખોલી હતી. તે પછી ખંડેરાવ મહારાજાએ બે બેંકો કાઢી હતી, જેથી ત્યાર પછી શાહુકારની જરૂર રહી નહતી. હાલમાં વડોદરા બેંક કાઢવામાં આવેલી છે. આ બેંકને સરકારી મદદ સારી છે, અને તેની એકંદર વ્યવસ્થા પાશ્ચમાત્યની બેંક પદ્ધતિ પ્રમાણે ચાલે છે. આ બેંકની શાખાઓ રાજ્યના ઘણા ખરા તાલુકાઓમાં હવે થઈ છે, જે મહાલ ત્રીજોરીને બદલે સરકારની લેવડ દેવડનો તમામ

વ્યવહાર કરે છે. જ્યાં બેંક ન હોય ત્યાંનું નાણાંનું કામ મહાલ ત્રિઝોરીમાં થાય છે.

પ્રથમ રાજ્યમાં હિસાબ રાખવા માટે ફડનીસો હતા, અને તે રાજ્યનો તમામ હિસાબ રાખતા. રોકડ પૈસા રાખવા માટે રાજ્યમાં સરકારી પેઢીઓ હતી અને શાહુકારોની પેઢીઓમાં પણ નાણાં રાખવામાં આવતાં. પણ પછી હિસાબ વગેરેમાં બહુ ભૂલો થવાથી રાજા સર ટી માધવરાવે સંવત્ ૧૯૩૧ માં ફડનીસો પાસેથી આ કામ લઇ લીધું, પેઢીઓ બંધ કરી, અને તેને બદલે હાલની ત્રિઝોરીની પદ્ધતિ દાખલ કરી. હિસાબ તપાસણીનું કામ સરસુબાને હસ્તક સોંપવામાં આવ્યું. ત્યાર બાદ સને ૧૮૮૧ માં શ્રીમંત મહારાજા સાહેબની ઇચ્છાનુસાર સરસુબા તરફથી આ કામ લઇ નીરાળું હાલનું એકાઉન્ટ ખાતું સ્થાપવામાં આવ્યું.

પ્રથમ હિસાબ રાખવાની પદ્ધતિમાં પણ ફેર હતો. ખોડખત, ઝડતી, સુડ વગેરે કાગળો બનાવવામાં આવતા. પણ હવે નમુના ઠરાવી તે પ્રમાણે હિસાબ રાખવાની વ્યવસ્થા થઇ છે.

આ ખાતું રાજ્યના પૈસા સંબંધીનું કામ કરે છે અને તેથી ઘણું અગત્યનું ખાતું છે. આ ખાતું આખા રાજ્યનું બજેટ તૈયાર કરે છે, અને તેમાં આવક ખરચના અંદાજી આંકડા મુકી સરકાર આગળ મંજુર થવા રજુ કરે છે. રાજ્યમાં થતા તમામ ખર્ચનાં વાઉચરો, બીલો વગેરેની તપાસણી આ ખાતા તરફથી થાય છે. આ ઉપરાંત રાજ્યની

આવક ખર્ચનો હિસાબ ઠરેલા નમુના પ્રમાણે માસિક અને વાર્ષિક પત્રકોમાં તૈયાર કરવામાં આવે છે, અને રાજ્યના મહેસુલ વગેરેમાં કાંઈ મહત્ત્વના ફેરફારો જણાય તો તેની ખબર શ્રીમંત સરકારને આપે છે, અને નાણાં સંબંધીના કામકાજમાં યોગ્ય સલાહ આપે છે. ટુંકામાં, આ ખાતું રાજ્યના હિસાબ તૈયાર રાખવાનું, હિસાબ તપાસવાનું અને નાણાં સંબંધીનું તમામ કામ કરે છે.

આ ખાતાના મુખ્ય અમલદારને એકાઉન્ટન્ટ જનરલ કહેવામાં આવે છે, અને તેની મદદમાં એક ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, આસિ. એકાઉન્ટન્ટ જનરલ, ચિફ ઑડીટર, ચીટણીસો (સુપરિન્ટેન્ડેન્ટ) હોય છે, અને આ બધા અમલદારો પોતાના વડાને આધીન રહી જુદી જુદી શાખાઓમાં કામ કરે છે. આ ખાતાની કચેરી વડોદરામાં છે. રાજ્યની દરેક સંસ્થાનો હિસાબ તપાસણીનો સીધો સંબંધ આ કચેરી સાથે હોય છે. એકાઉન્ટન્ટ જનરલની મંજુરીના શેરા સિવાય કોઈ પણ વૉચર ટ્રેઝરી અમલદાર ખર્ચે પાડી શકતા નથી. આ ખાતાની કુલ ૧૦ શાખાઓ છે, અને તે નીચે જણાવ્યા પ્રમાણે કામ કરે છે:—

૧ મુખ્યશાખા—આખી કચેરી ઉપર દેખરેખ રાખવાના કામ ઉપરાંત મુખ્યત્વે નાણાં સંબંધીનું કામકાજ કરે છે.

૨ વ્યાજમહાલ શાખા—અંગ્રેજી શાખાના કામકાજ ઉપરાંત રાજ્યની જુદા જુદા પ્રકારની થાપણો સંબંધીનું કામ કરે છે.

૩ એકીકરણું શાખા—બજેટ વગેરે તૈયાર કરવાનું અને આવક ખર્ચના હિસાબ એકત્ર કરવાનું કામ આ શાખા તરફથી થાય છે.

૪ સિવિલ ઑડિટ બ્રૅંચ (ઉત્તર તપાસણી શાખા) —વડોદરા તળની સંસ્થાઓ અને કચેરીઓ, ઇજનેર, રેલ્વે, અને મિલિટરી ખાતા સિવાયના રાજ્યનાં તમામ ખાતાનાં વાઉચરો (ખર્ચ પડયા પછી) તપાસવાનું કામ આ શાખા કરે છે.

૫ સ્ટેમ્પ બ્રૅંચ—સ્ટેમ્પની મુખ્ય ડેપો ઉપર દેખરેખ રાખે છે, અને રાજ્યની ડેપો અને વેન્ડરોને સ્ટેમ્પ પુરા પાડવાનું કામ કરે છે.

૬ સુધરાઇ તપાસણી શાખા—વડોદરા શહેરની સુધરાઈનો હિસાબ તપાસવાનું કામ આ શાખા કરે છે.

ઉપરની છ શાખાઓ પૈકી વ્યાજ મહાલ શાખા સિવાય બાકીની પાંચ શાખાઓ ઉપર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલની સીધી દેખરેખ હોય છે. વ્યાજ મહાલ શાખા માટે એક સ્વતંત્ર અમલદારની નીમણૂક થઇ છે.

૭ પ્રીઑડીટ બ્રૅંચ. (પૂર્વ તપાસણી શાખા) અને

૮ તપાસણી શાખા—જુદા જુદા આસિ. એકાઉન્ટન્ટ જનરલની દેખરેખ નીચે અનુક્રમે વડોદરા તળની તમામ કચેરીઓનાં બીલો (રેલ્વે અને ઇજનેર ખાતા સિવાયનાં) ખર્ચ પાડતા

અગાઉ તપાસવાનું, અને રાજ્યની તમામ કચેરીઓ અને સંસ્થાઓના હિસાબ તપાસવાનું કામ કરે છે. પ્રીઑડિટ શાખા, મિલિટરી ખાતાની વડોદરા તળની અને બહારની કચેરીઓના હિસાબ તપાસે છે.

૯ પબ્લિક વર્ક્સ ઑડિટ બ્રેન્ચ, અને

૧૦ રેલ્વે ઑડિટ બ્રેન્ચ—તે ખાતામાંથી લીધેલા નિષ્ણાત અમલદારોની દેખરેખ નીચે અનુક્રમે ઈજનેર ખાતાના અને રેલ્વે ખાતાના હિસાબ તપાસવાનું કામ કરે છે. રેલ્વેના હિસાબ તપાસનાર અમલદારને ચિફ ઑડિટર કહેવામાં આવે છે.

૨ **આવક અને ખર્ચ**—રાજ્યમાં નીચે જણાવેલાં તમામ ખાતાંની આવક અને ખર્ચ સને ૧૯૨૭–૨૮ ના વાર્ષિક રિપોર્ટ પ્રમાણે નીચે પ્રમાણે છે:—

આવક બતાવનારૂં કોષ્ટક.

અનુક્રમ નંબર.	ખાતાનું નામ.	રકમ રૂપિઆ લાખમાં.
૧	જમીન મહેસુલ.	૧૧૮.૪૪
૨	પરચુરણ કરો વગેરે	૬.૫૯
૩	જંગલ	૪.૦૮
૪	આબકારી	૩૬.૪૧
૫	જકાત	૧૨.૧૭
૬	સ્ટેમ્પ	૧૨.૦૦
૭.	નોંધણી	૧.૮૩

૮	ખંડણી તથા આંકડો	૧૦.૨૮
૯	ખંડણી.	
૧૦	વ્યાજ	૧૪.૧૫
૧૧	ગામ પંચાયતનું ઉત્પન્ન	૧.૧૫
૧૨	વિશિષ્ટ પંચાયત	૦.૨૧
૧૩	અફીણ	૫.૪૨
૧૪	રેલ્વે	૧૧.૪૦
૧૫	વિજળી	૨.૦૫
૧૬	નહેર	૦.૨૮
૧૭	ન્યાય	૧.૪૮
૧૮	કેળવણી	૫.૬૯
૧૯	જેલ	૦.૩૫
૨૦	પબ્લીક વર્કસ	૬.૧૯
૨૧	દવાખાનું	૦.૮૯
૨૨	પરચુરણ સૈન્ય, પોલીસ, ખેતી-વાડી, વેપાર, ઉદ્યોગ વગેરે.	૧૧.૦૫
	કુલ ...	૨૬૨.૧૧

ખર્ચ બતાવનાર કોષ્ટક.

અનુક્રમ નંબર.	ખાતાનું નામ	રકમરૂપિયા લાખમાં.
૧	જમીન મહેસુલ	૨૧.૯૮
૨	આબકારી, જકાત, તથા મીઠું	૪.૬૧
૩	જંગલ	૧.૨૫
૪	સ્ટેમ્પ	૦.૮૪
૫	નોંધણી	.૬૦
	વ્યાજ	.૨૭

૭	અફીણ	.૩૦
૮	રાજમહેલ (ખાનગી)	૨૨.૨૦
૯	પ્રિન્સ પ્રતાપસિંહરાવનું ખર્ચ	૧.૭૩
૧૦	હુજુર રાજકારભાર	૮.૭૫
૧૧	ન્યાય	૪.૯૦
૧૨	પોલીસ	૧૩.૬૪
૧૩	જેલ	.૯૯
૧૪	કેળવણી	૩૩.૬૪
૧૫	દવાખાનું	૭.૧૯
૧૬	પંચાયતો	૪.૯૧
૧૭	પબ્લીક વર્કસ ખાતું	૩૫.૪૪
૧૮	નહેર ખાતું	૦.૮૭
૧૯	સૈન્ય	૨૭.૧૮
૨૦	દેવસ્થાન	૨.૦૭
૨૧	આસામદાર	૫.૭૫
૨૨	પેન્શન	૫.૪૦
૨૩	વિશેષ પ્રકારનું ખર્ચ	૨.૦૯
૨૪	આરોગ્ય રક્ષણ	૦.૬૧
૨૫	ખેતીવાડી	૧.૦૪
૨૬	વેપાર ઉદ્યોગ	૩.૦૩
૨૭	પરચુરણ	૨.૯૩
	કુલ ખર્ચ.	૨૧૪.૫૧

આ ઉપરાંત રાજ્યે અત્યાર સુધી લગભગ ૯ કરોડ રૂપિઆ રેલ્વેમાં, નહેર ખાતામાં, અને બંદર વગેરેમાં રોકયા છે.

પ્રકરણ ૭ મું.

કેળવણી.

૧ પૂર્વ ઇતિહાસ.

રાજ્યમાં કેળવણી ખાતું એ મોટું મહત્ત્વનું ખાતું છે, કારણ તે પ્રજાને કેળવણી આપવાનું પવિત્ર કાર્ય કરી રહ્યું છે, અને શ્રીમંત મહારાજા સાહેબ અંતઃકરણપૂર્વક તે ખાતાની ઉન્નતિ માટે પ્રયાસ કરે છે. સને ૧૮૭૧ સુધી રાજ્યમાં એક પણ સરકારી શાળા ન હતી, અને કેળવણી ખાતું પણ અસ્તિત્વમાં ન હતું. વાણીઆ, બ્રાહ્મણ જેવી ઉંચી કોમનાં છોકરાં ખાનગી પંડયાઓએ કાઢેલી ગામઠી શાળામાં ભણતા, જ્યાં તેમને સાધારણ લેખન, વાંચન અને ગણિત શિખવવામાં આવતું. આવી શાળાઓ રાજ્યમાં બસો હતી, અને તેમાં આઠ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા. પ્રથમ સને ૧૮૭૧ માં વડોદરા તળમાં બે ગુજરાતી અને બે મરાઠી એમ ચાર શાળાઓ પ્રાથમિક શિક્ષણ માટે, અને એક હાઇસ્કુલ માધ્યમિક શિક્ષણ માટે એમ પાંચ શાળાઓ ઉઘાડવામાં આવી. ત્યાર બાદ પેટલાદ, પાટણ વગેરે સ્થળોએ શાળાઓ ઉઘાડવામાં આવી, પણ સને ૧૮૭૮ સુધી આવી શાળાઓની સંખ્યા ૧૫૦ ઉપરાંત થઇ શકી નહીં. સને ૧૮૮૧ માં જ્યારે આપણા હાલના મહારાજા સાહેબ પુખ્ત ઉમરે પહોંચી રાજ્યમાં સર્વ સત્તાધીશ થયા, ત્યારે રાજ્યમાં પ્રાથમિક ૧૮૦ શાળાઓ હતી અને તેમાં લગભગ ૧૭૪૬૫ વિદ્યાર્થીઓ

ભણતા હતા. આ તમામ શાળાઓનો વહિવટ ઇ. સ. ૧૮૯૧-૯૨ માં સરકાર હસ્તક લઇ 'ડીરેકટર ઑફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રકશન' નામના અધિકારીને સોંપવામાં આવ્યો. ઇ. સ. ૧૮૯૬ માં આ અધિકારીનો હુદ્દો બદલાઇ **વિદ્યાધિકારી** ઠરાવવામાં આવ્યો.

કેળવણીની આવી સ્થિતિ આપણા વિદ્યાવિલાસી મહારાજા સાહેબને યોગ્ય લાગી નહિ. પોતાની રૈયતમાંથી દરેક કોમના ઇસમને-પછી તે પુરૂષ હો કે સ્ત્રી હો દરેકને-લખતાંવાંચતાં આવડવુંજ જોઇએ, કારણ બધા સુધારાના અને ઉન્નતિનો પાયો કેળવણી છે, એવી તેઓશ્રીની દૃઢ માન્યતા છે. આ ઉદ્દેશથી રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજીઆત આપવા માટે અખતરા દાખલ પ્રથમ અમરેલી પ્રાંતમાં અમરેલી કસ્બામાં અને બીજા કેટલાક તાલુકામાં ઇ. સ. ૧૮૯૨ મા શરૂઆત કરવામાં આવી. આ અખતરો સફળ થયાના ચિન્હો જણાઇ આવ્યા ઉપરથી સને ૧૯૦૬ માં આખા રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજીઆત અને મફત દાખલ કરવામાં આવી, અને આને માટે ફરજીઆત નિબંધ, નિયમ બહાર પાડવામાં આવ્યા. આ કાયદાની રૂઇએ આઠથી ચોદ વર્ષ સુધી છોકરા માટે અને આઠથી બાર વર્ષ સુધી કન્યા માટે, ફરજીઆત શિક્ષણ લાયક ઉમર ઠરાવવામાં આવી છે. ફરજીયાત શિક્ષણની યત્તા ધોરણ ચાર સુધીની રાખવામાં આવી છે. આ ઉમરના છોકરાં શિક્ષણ લે નહીં તો તેમના વાલી પાસેથી ચાનકુ દાખલ જુજ દંડ લેવામાં આવે છે. આ પ્રમાણે એકત્ર થતા દંડનો વિનિયોગ શાળાઓનાં મકાનો બાંધવા તરફ

અને ગરીબ બાળકોને શિષ્યવૃત્તિઓ આપવા તરફ કરવામાં આવે છે. કાયદામાં ન ભણાવી શકાય તેવાં બાળકો માટે યોગ્ય રાહત પણ આપવામાં આવી છે. આ કાયદાનાં હવે મીઠાં ફળ આવવા માંડયાં છે, અને રાજ્યમાં કેળવણીનો પ્રચાર ઘણો વધ્યો છે. પ્રાથમિક કેળવણી ઉપરાંત પ્રજાને માધ્યમિક કેળવણી મળે તે હેતુથી રાજ્યમાં એ. વી. સ્કુલો, તથા હાઈસ્કુલો છુટથી ઉઘાડવામાં આવી છે ને આવે છે. ઉચ્ચ કેળવણી માટે વડોદરામાં એક આર્ટ્સ કોલેજ સ્થાપવામાં આવી છે. આ ઉપરાંત હુન્નર ઉદ્યોગના શિક્ષણ માટે કલાભવન તથા ઉદ્યોગ શાળાઓ સ્થાપી છે. એ સિવાય સાહિત્ય, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, હુન્નર ઉદ્યોગ, રાજ્યતંત્ર વગેરેનો ઉંચો અભ્યાસ કરવા માટે ઉમેદવારોને શિષ્યવૃત્તિઓ અને લોન આપી પરદેશ મોકલવામાં આવે છે. દર વર્ષે બે અમલદારોને પણ પરદેશ મોકલી પાશ્ચિમાત્ય દેશોની સંસ્કૃતિનું અવલોકન વગેરે કરવાની તક આપવામાં આવે છે. એકંદરે પોતાની પ્રજા સુસંસ્કૃત શી રીતે બને એ જોવાની શ્રીમંત મહારાજા સાહેબની તીવ્ર ઇચ્છા છે. શ્રીમંત મહારાજા સાહેબની કેળવણી બદલ કાળજી પોતાના રાજ્ય પુરતીજ છે એટલું જ નહિ પણ રાજ્ય બહાર પણ જ્યાં જ્યાં સારી સંસ્થાઓ અને વિદ્વાનો હોય ત્યાં ત્યાં તેમનો ઉદારતાથી સત્કાર કરી યોગ્ય કદર કરવામાં આવે છે. આપણા રાજ્યની શ્રાવણ માસ દક્ષિણા-પરીક્ષા અને શ્રી સયાજી પારિતોષિક એ શ્રીમંત મહારાજા સાહેબના કેળવણી પ્રત્યેના પ્રેમના પ્રત્યક્ષ દાખલા છે.

૨ રાજ્ય વિદ્યાધિકારી અને કમીશનર ઑફ એજ્યુકેશનઃ—

આ ખાતાનો કારોબાર વિદ્યાધિકારી અને કમીશનર ઑફ એજ્યુકેશન નામના એકજ અધિકારીના હસ્તક છે. તેમની દેખરેખ નીચે આ ખાતાને લગતાં નીચે જણાવેલાં ખાતાનાં કામકાજ થાય છેઃ—

(૧) કેળવણી ખાતું.

(૧) દેશી શાળા, (૨) અંગ્રેજી શાળા.

ટીપઃ–દેશી શાળા ખાતાના વડા તરીકે વિદ્યાધિકારી કહેવાય છે. અંગ્રેજી શાળાઓના વડા તરીકે કમીશનર ઑફ એજ્યુકેશન કહેવામાં આવે છે.

(૨) પુસ્તકાલય ખાતું.

(૩) મ્યુઝિયમ (સંગ્રહસ્થાન).

વિદ્યાધિકારીની કચેરી વડોદરામાં છે, અને તેમની મદદમાં એક મદદનીશ આપવામાં આવેલા હોય છે, જેને નાયબ વિદ્યાધિકારી કહેવામાં આવે છે. વિદ્યાધિકારી પોતાના ખાતાના કારોબારી કામ ઉપરાંત રાજ્યમાં છુટથી ફરી, શાળાઓ, શિક્ષણ વિષયક સંસ્થાઓ, અને પુસ્તકાલયો તપાસવાનું અને તાબાના અમલદારોની કચેરીઓ તપાસવાનું કામ કરે છે.

અંગ્રેજી શાળાઓનો કારોબાર કમીશનર ઑફ એજ્યુકેશન પોતેજ ચલાવે છે. આ કામ કરવા માટે તેમની કચેરીમાં એક જુદી શાખા હોય છે. અંગ્રેજી શાળાઓની પરીક્ષાઓનું કામ વિદ્યાધિકારી ઠરાવે તે પરીક્ષકો તરફથી કરવામાં આવે છે.

૩. પ્રાંત અને વિભાગ વિદ્યાધીકારી.

ખાતાના કારોબાર માટે પ્રાંત અને વિભાગ પાડવામાં આવેલા છે, અને તે દરેક ઉપર **પ્રાંત** અગર **વિભાગ વિદ્યાધિકારી** નામના અમલદાર હોય છે. આ અમલદારોની કચેરી પ્રાંત અગર વિભાગમાં ઠરાવેલા સ્થળે હોય છે; અને ત્યાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓનો કારોબાર તે ચલાવ છે. પોતાના પ્રદેશમાં અને પોતાની હદમાં આવેલી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ઉપર દેખરેખ રાખે છે. હાલ આવા છ વિભાગ છે. ૧ વડોદરા, ૨ પેટલાદ, ૩ પાટણ, ૪ કડી, ૫ નવસારી, અને ૬ અમરેલી.

૪. મહાલ વિદ્યાધિકારી અને તપાસનીસો.

પ્રાંત અગર વિભાગ વિદ્યાધિકારીની મદદમાં દરેક મહાલ અગર ૬૦ શાળાઓના જથા માટે **મહાલ વિદ્યાધિકારી** હોય છે. મહાલ વિદ્યાધિકારી પોતાની હદમાં ફુટથી ફરી આવેલી તમામ શાળાઓ તપાસવાનું, પરીક્ષા લેવાનું, અને શાળાઓનાં દફતરો તપાસવાનું કામ કરે છે. ઉપરાંત ફરજીઆતનો અમલ ચોકસ કરાવવામાં પ્રજાને ભાષણદ્વારા ઉપદેશ આપવાનું પણ કામ કરે છે. આ ઉપરાંત કન્યાશાળાના શિક્ષણ ઉપર ખાસ દેખરેખ રાખવા સ્ત્રી પ્રાંત વિદ્યાધિકારી હોય છે. ઉર્દુ અને અંત્યજ શાળાની તપાસણી માટે તપાસનીસ રાખવામાં આવેલા છે. કસરતના શિક્ષણ ઉપર ખાસ દેખરેખ રાખવા કસરત તપાસનીસ રાખવામાં આવેલા છે, જે રાજ્યમાં ફરી શારીરિક શિક્ષણનું કામ-કાજ કરે છે

૫. શિક્ષણ આપનારી સંસ્થાઓ.

હાલ રાજ્યમાં દેશી તથા અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપનારી સંસ્થા નીચે મુજબ છે:—

અંગ્રેજી કેળવણી ખાતું.

(૧) વડોદરા આર્ટસ્ કૉલેજ (૧)
(૨) હાઇસ્કુલો છોકરા માટે (૨૦)
(૩) હાઇસ્કુલ કન્યાઓ માટે (૧)
(૪) ઍંગ્લો વ્હર્નાકિયુલર સ્કુલો (૪૭)
(૫) ખાસ સંસ્થાઓ (૨)

દેશી કેળવણી ખાતું.

(૧) પુરૂષશિક્ષણપદ્ધતિ પાઠશાળા (૧)
(૨) સ્ત્રીશિક્ષણપદ્ધતિ પાઠશાળા (૧)
(૩) પ્રાથમિક છોકરાની શાળાઓ (૨૩૮૬)
(૪) આ પૈકી કેટલીક મિશ્રશાળાઓ હોઈ તે ઉપરાંતની પ્રાથમિક કન્યાશાળાઓ સ્વતંત્ર (૩૬૦)
(૫) કલાભવન (૧)
(૬) ઇતર સંસ્થાઓ (૧૩૦)

ઉપરની તમામ સંસ્થાઓમાં કુલ બે લાખ ઉપરાંત વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે. આ ઉપરાંત રાજ્યમાં કેટલીક ખાનગી શાળાઓ પણ છે, જેને સરકાર તરફથી યોગ્ય મદદ આપવામાં આવે છે.

૬. આર્ટસ કૉલેજ.

વડોદરા આર્ટસ કૉલેજ સને ૧૮૮૨ માં સ્થાપવામાં આવી. તે મુંબઇ યુનિવર્સિટી સાથે જોડાયેલી હોઇ એમ.

એ. એમ. એસ. સી. સુધીનું શિક્ષણ આપે છે. આ સંસ્થાના વડાને પ્રિન્સિપાલ કહેવામાં આવે છે. આ કૉલેજમાં સ્રી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ લે છે. આ સંસ્થા ખાતે લગભગ પોણાબે લાખ રૂપીઆ વાર્ષિક ખરચ થાય છે. આ સંસ્થામાં શિક્ષણ આપવા માટે ઉત્તમ કેળવાયેલા પ્રોફેસરો પસંદ કરવામાં આવે છે.

કૉલેજમાં શિક્ષણ લેતા બહારના વિદ્યાર્થીઓને રહેવા માટે સારાં સગવડવાળાં વસતિગૃહોની સગવડ કરવામાં આવેલી છે. ઉપરાંત રમત ગમત માટે વિશાળ પટાંગણો મોટે ખરચે તૈયાર રાખવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓ ટેનીસ, હૉકી, ક્રિકેટ વગેરે રમતો રમે છે. કૉલેજના અંગે એક સારૂં પુસ્તકાલય અને વાચનાલય છે, અને કૉલેજ તરફથી એક "મેગેઝીન" કાઢવામાં આવે છે. કોલેજમાં વિદ્યાર્થીઓને લશ્કરી શિક્ષણ આપવા માટે પણ યોજના કરેલી છે. આ કૉલેજમાં ગરીબ લાયક વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેટલા માટે શ્રીમંત મહારાજા સાહેબે ખાસ દસ ટકા વિદ્યાર્થીઓને માફી આપવાની કૃપા કરેલી છે—

૭. માધ્યમિક શિક્ષણની સંસ્થાઓ.

રાજ્યની હાઇસ્કુલો તથા એ. વી. સ્કુલોમાં મેટ્રીક સુધીનું માધ્યમિક શિક્ષણ આપવામાં આવે છે અને તેનો અભ્યાસક્રમ મુંબઇ યુનિવર્સિટીએ નિર્ણિત કરેલા ધોરણને અનુસરીને હોય છે. સાધારણ સ્થિતિના હોંશિયાર વિદ્યાર્થીઓ ઉંચી કેળવણી લઇ શકે એટલા માટે કૉલેજમાં

અને હાઈસ્કુલોમાં જુદા જુદા પ્રકારની શિષ્યવૃત્તિઓ રાખવામાં આવી છે.

રાજ કુટુંબના બાળકોને કેળવણી આપવા માટે જુદી શાળા કાઢવામાં આવી છે, જેને **રાજકુમાર શાળા** કહેવામાં આવે છે. તેમાં રાજકુમારને લાયક શારીરિક અને માનસિક કેળવણી ઉત્તમ પ્રકારે આપવામાં આવે છે.

૮. પુરૂષ અને સ્ત્રીશિક્ષણ પદ્ધતિ પાઠશાળાઓ.

પ્રાથમિક શાળાઓમાં સારા કેળવાયલા શિક્ષકો હોય તોજ કેળવણીનો હેતુ સફળ થાય એ હેતુથી આ રાજ્યમાં પુરૂષ તથા સ્ત્રી શિક્ષકોને કેળવવા માટે વડોદરામાં **પુરૂષ શિક્ષણ પદ્ધતિ પાઠશાળા** અને **સ્ત્રીશિક્ષણ પદ્ધતિ પાઠશાળા** સ્થાપવામાં આવી છે, જેમાં રાજ્યની દેશી શાળાનું છઠું ધોરણ પાસ થએલા પુરૂષ તથા સ્ત્રીશિક્ષકોને ત્રણ વર્ષ સુધી રાખી શિક્ષણશાસ્ત્રની ઉત્તમ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. અત્રે શિક્ષણ લેતા શિક્ષકોને શિષ્ય વૃત્તિઓ આપવામાં આવે છે.

૯. પ્રાથમિક શાળાઓ.

આ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી, મરાઠી, ઉર્દુ, તથા અંત્યજ શાળાઓનો સમાવેશ થાય છે. શ્રીમંત મહારાજા સાહેબને શિક્ષણ પ્રત્યે ઘણોજ પ્રેમ હોઈ તેનો બહોળો ફેલાવો થાય તે માટે પછાત કોમોને ખાસ મદદ અર્થે શિષ્યવૃત્તિઓ રાખવામાં આવેલી છે. તેમને પુસ્તક સામાન પણ મફત આપવામાં આવે છે. તેમજ ઘણીજ પછાત કોમો જેવી કે કોળી, ધાણકા, વગેરે માટે વસતિ

ગૃહો સ્થાપીને તેમને કેળવણી આપવા ખાસ ગોઠવણ કરવામાં આવેલી છે. અંત્યજો માટે પણ વડોદરા, નવસારી અને અમરેલી વગેરે સ્થળે વસતિગૃહો સ્થાપવામાં આવેલાં છે.

૧૦. કલાભવન.

આ રાજ્યમાં હુન્નર ઉદ્યોગના શિક્ષણ માટે કલાભવન અને ઉદ્યોગ શાળાઓ સ્થાપેલી છે. વડોદરામાં કલાભવનની સ્થાપના સને ૧૮૯૦ માં થઇ; અહીં યંત્ર, શિલ્પ, ચિત્ર, વણાટ, રંગ અને વ્યાપાર વગેરે બાબતોનું સારૂં શિક્ષણ આપવામાં આવે છે. નવસારી અને અમરેલીમાં હુન્નર ઉદ્યોગનું શિક્ષણ આપવા માટે શાળાઓ સ્થાપવામાં આવી છે. તેમજ પાટણ, પેટલાદ વગેરે સ્થળે અખતરા દાખલ પ્રાથમિક શાળાના અંગે ઉદ્યોગ શાળાઓ પણ ઉઘાડવામાં આવી છે. કલાભવનના અંગે બાળકેદી શાળા સ્થાપવામાં આવેલી છે, જે કાચી ઉંમરના ગુન્હેગારોને પ્રાથમિક શિક્ષણ ઉપરાંત ખેતીવાડીનું શિક્ષણ આપે છે.

૧૧. ખાસ સંસ્થાઓ.

આ ઉપરાંત બીજી કેટલીક શિક્ષણ આપનારી ખાસ સંસ્થાઓ છે, જેવી કે સંગીત શાળા, સંસ્કૃત પાઠશાળા, આયુર્વેદિક પાઠશાળા, બહેરાં મુગાંની શાળા, બાળકાશ્રમ, બાલોદ્યાન શાળા, બાળવીર સંસ્થા વગેરે. આ સંસ્થાઓ મારફત જુદી જુદી જાતનું શિક્ષણ આપવામાં આવે છે.

રીરિક શિક્ષણ માટે જે તે શાળા અને સંસ્થાઓમાં યોજનાઓ કરેલી હોય છે. કેટલેક સ્થળે સ્વતંત્ર કસરત

શિક્ષકો પણ રાખવામાં આવેલા છે. ખાનગી અખાડાઓને પણ સરકાર તરફથી મદદ આપવાની યોજના કરવામાં આવી છે. વડોદરા તળની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની શારીરિક તપાસ કરાવવા માટે "ચીમનાબાઈ મેટરનીટી અને ચાઈલ્ડ વેલ્ફેર લીગ" ની સંસ્થા તરફથી ગોઠવણ કરવામાં આવી છે. આ સંસ્થાના માનનીય અધ્યક્ષ આરોગ્ય રક્ષણ ખાતાના અધિકારી છે. તેઓ વડોદરાની શાળાના બાળકોની શારીરિક તપાસણી કરી રોગો જણાવે છે, અને તે માટે ઉપાયો લેવા તેમના વાલીઓને સૂચના કરે છે. રાજ્યના જુદા જુદા સ્થળે વૈદ્યકીય ખાતાના અમલદારો તરફથી આ કામ કરવામાં આવે છે.

૧૨. પુસ્તકાલય ખાતું.

પ્રજા અને તેમાં ખાસ કરીને મજુરીયાત અને પછાત વર્ગના ઇસમો ફરજીઆત શિક્ષણ લીધા પછી પોતાના ધંધામાંજ મશગુલ રહી લીધેલું જ્ઞાન ભૂલી ન જાય, અને તેમનું જ્ઞાન તાજું રહે, જુદા જુદા દેશોની હકીકતો તેમના જાણવામાં આવે, અને જમાનાથી પ્રજા પાછળ ન પડે એવા ઉંચા હેતુથી સને ૧૯૧૧ માં આ ખાતાની સ્થાપના કરવામાં આવી છે, અને આથી પરોક્ષ રીતે તે કેળવણી ખાતાનીજ એક શાખા બને છે. પુસ્તકાલય ખાતાની પ્રવૃત્તિઓ નીચે જણાવેલી મુખ્ય પાંચ શાખાઓમાં વહેંચાયલી છેઃ—

(૧) ડીસ્ટ્રીકટ લાયબ્રેરીઓ.
(૨) ફરતાં પુસ્તકાલયો.
(૩) સંસ્કૃત વિભાગ.

(૪) ચલત્ ચિત્રપટ શાખા.

(૫) મહિલા અને બાળ પુસ્તકાલય શાખા.

આ ખાતાના ઉપર સામાન્ય દેખરેખ વિદ્યાધિકારીની રહે છે. પુસ્તકાલય ખાતાની અંતર વ્યવસ્થા માટે એક અધિકારી હોય છે, તેને **ક્યુરેટર ઑફ સ્ટેટ લાયબ્રેરીઝ** કહેવામાં આવે છે. આ અમલદારને મદદ કરવા માટે એક આસિસ્ટંટ ક્યુરેટર અને બીજા ઈસમો હોય છે.

આ ખાતું ઘણુંજ ઉપયોગી કામ કરી રહ્યું છે. વડોદરા રાજ્યમાં દરેક તાલુકામાં અને તાલુકાના ઘણુંખરાં ગામડાંઓમાં પુસ્તકાલયો અને વાંચનાલયો અસ્તિત્વમાં આવ્યાં છે. પ્રજા પણ પોતાનો ઉત્સાહ તેટલે અંશે બતાવે છે. આ તમામ સંસ્થાઓ સરકાર, પંચાયત અને લોક મદદથી ચાલે છે. ઘણુંખરાં પુસ્તકાલયોએ પોતાની માલકીનાંજ મકાન કરી લીધાં છે, અને નિભાવ માટે કાયમનાં સારાં ફંડ એકઠાં કર્યાં છે જે હાલમાં ઉઘાડેલી **પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં** મુકવામાં આવે છે.

વડોદરા શહેરમાં આ ખાતાની મુખ્ય કચેરી છે, અને ત્યાં એક ઉત્તમ પુસ્તકાલય છે, જે આખા હિંદમાં પ્રખ્યાત ગણાય છે. ત્યાંની વ્યવસ્થા અને યોજના પુસ્તકાલયતજ્ઞ બોર્ડન નામના અમેરિકન ગૃહસ્થ તરફથી કરવામાં આવેલી હતી. ત્યાર પછી દિન પ્રતિદિન અસંખ્ય સુધારાઓ થઇ હાલ તે નમુનેદાર પુસ્તકાલય ગણાય છે. સદરહુ પુસ્તકાલયમાં હાલ જુદા જુદા વિષયો ઉપરનાં જુદી જુદી ભાષાનાં કુલ એક લાખ ઉપરાંત પુસ્તકો છે, અને તે વાચકોને વગર

લવાજમે વાંચવા આપવાની યોજના કરી છે. પુસ્તકાલય ખાતાનું વાર્ષિક ખર્ચ લગભગ એક લાખ રૂપિયા ઉપરાંતનું છે.

૧૩. ડીસ્ટ્રીકટ લાયબ્રેરીઓ.

રાજ્યમાં કુલ ૪૫ પ્રાંત અને કસ્બા પુસ્તકાલયો, અને ૬૬૧ ગામ પુસ્તકાલયો છે. આ તમામ પુસ્તકાલયોમાં પુસ્તકોનો સારો જથો છે, અને લોકો તેનો છુટથી લાભ લે છે.

આ ઉપરાંત ૧૭૬ વાંચનાલયો છે. આ તમામ પુસ્તકાલયો આસિસ્ટંટ કયુરેટરની દેખરેખ નીચે પોતાનું કામ કરે છે. દરેક પુસ્તકાલય ખાનગી સ્વરૂપની સંસ્થા છે. ગામના ગૃહસ્થો પોતાનામાંથીજ કાર્યવાહકો ચુંટી સભા બનાવે છે, અને તે પુસ્તકાલયનું દારોમદારી કામ પુસ્તકાલય ખાતાના નિયમોને આધીન રહી ચલાવે છે. ગામડાનાં પુસ્તકાલયોમાં ઘણે સ્થળે પ્રાથમિક શાળાના શિક્ષકો કાર્યવાહક તરીકે કામ કરે છે. શાળા ખાતાના તપાસણી અમલદારો આ પુસ્તકાલયોની ભેટ લઈ યોગ્ય સલાહ આપવાનું કામ કરે છે. પુસ્તકાલયોનો રાજ્યમાં એટલો બધો ફેલાવો થયો છે કે હાલ રાજ્યના એકંદર વસ્તીના ૬૧.૮૯ ભાગમાં પુસ્તકાલયો આવેલાં છે. કસ્બાવાળા સ્થળે તો આ સંસ્થાઓ સો એ સો ટકા છે.

૧૪. ફરતાં પુસ્તકાલયો.

આ ઉપરાંત વડોદરામાં પુસ્તકાલયની મુખ્ય કચેરીમાં સંખ્યાબંધ પુસ્તકો છેલાહીદા રાખવામાં આવેલાં છે, જે લોકોની ઇચ્છાનુસાર રાજ્યનાં ગમે તે સ્થળે સરકાર ખર્ચે

પેટીઓમાં લોકોને મફત પાછા કરવાની શરતે તેમના ગામે પુરાં પાડવામાં આવે છે.

૧૫. સંસ્કૃત વિભાગ.

આ વિભાગમાં જુનાં સંસ્કૃત હસ્તલિખિત તાડપત્રો, તામ્રપટો, લેખો, જુનાં પુસ્તકો, વગેરે સંશોધન કરાવી શુદ્ધ ભાષામાં છાપવામાં આવે છે, અને હસ્તલિખિત પ્રતો કાળજીથી સંભાળવામાં આવે છે. છપાએલાં પુસ્તકો '**ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ**' એ નામથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧૬. સીનેમેટોગ્રાફ (ચલત્ ચિત્રપટ શાખા).

ઉપર જણાવેલી તમામ પ્રવૃત્તિઓ ઉપરાંત લોકોને જુદા જુદા દેશો, હુન્નર ઉદ્યોગો વગેરેની પ્રત્યક્ષ માહિતી હાલતાં ચિત્રોદ્વારા બતાવવામાં આવે છે. આ શાખાનો ઇસમ રાજ્યનાં પ્રત્યેક સ્થળે ફરી, છેક ખૂણામાં આવેલાં ગામડાંમાં જઇ લોકોને મફત ઘેર બેઠે ચિત્રો બતાવે છે.

૧૭. મહિલા અને બાળ પુસ્તકાલય.

એ નામની એક શાખા વડોદરા પુસ્તકાલયમાં છે. તેમાં એ બાબતનો અઠવાડીયામાં એક દિવસ રાખવામાં આવ્યો છે. તે દિવસે સ્ત્રી ઉપયોગી વાંચન અને રમતના રાખેલાં સાધનોથી મનરંજન સાથે શિક્ષણ આપવાની યોજના છે.

૧૮ ભાષાન્તર શાખા–

આ શાખા વડોદરામાં વિદ્યાધિકારી કચેરીમાં છે અને તેના ઉપર ભાષાન્તર આસિસ્ટંટ નામના એક અમલદાર

વિદ્યાધિકારીની દેખરેખ નીચે કામ કરે છે. વિજ્ઞાન, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય વગેરે પાશ્ચાત્ય દેશના ઉત્તમ ગ્રંથોનું ભાષાન્તર દેશી ભાષામાં કરવા ઉત્તેજન આપવા સારૂ શ્રીમંત મહારાજા સાહેબે બે લાખ રૂપીઆ બક્ષીસ આપી વ્યાજે મુકાવ્યા છે, જેના વ્યાજમાંથી સારા લેખકોને ઉત્તેજન આપી ભાષાન્તર કરવાનું કામ કરાવવામાં આવે છે. સદરહુ પુસ્તકો "શ્રી સયાજી સાહિત્ય માળા" અને "શ્રી સયાજી બાળજ્ઞાન માળા" એ નામથી બહાર પાડવામાં આવે છે. આજ સુધી આ સંસ્થા તરફથી બસો ઉપરાંત પુસ્તકો બહાર પાડવામાં આવ્યાં છે.

૧૯. મ્યુઝીઅમ (સંગ્રહસ્થાન)

વડોદરામાં એક મોટા વિસ્તીર્ણ કામાઠી બાગ નામના બગીચામાં એક ઉત્તમ સંગ્રહસ્થાન અને ચિત્ર સંગ્રહ છે. આ સંગ્રહસ્થાન સને ૧૮૯૪ માં નાના પાયા ઉપર સ્થાપવામાં આવ્યું હતું. તેમાં દિન પ્રતિદિન આજ સુધીમાં ઘણો વધારો થયો છે. તેમાં જુદા જુદા દેશની કારીગરીના પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય નમુના, ચિત્રો અને બીજી વસ્તુઓ છે. તેના મુખ્ય છ વિભાગ છે.

(૧) ઔદ્યોગિક કળાઓ: ભારતીય ને વિદેશી.

(૨) પ્રાકૃતિક ઇતિહાસ (Natural History)

(૩) મનુષ્યવિષયક જાતિવિદ્યા (Ethnology)

(૪) ભૂસ્તર શાસ્ત્ર

(૫) પુરાતનસંસ્કૃતિતત્ત્વશોધક વિદ્યા (Archoeology)

(૬) અર્થશાસ્ત્રવિષયક વિભાગ (Economic Court)

ચિત્ર સંગ્રહસ્થાનમાં પૂર્વ અને પશ્ચિમનાં ચિત્રો કારીગરીના નમુના તરીકે રાખવામાં આવેલાં છે, અને તેથી આ સંગ્રહસ્થાન ઉત્તમ અને નમુનેદાર બન્યું છે. આ ચિત્રોમાં પશ્ચિમના ગ્રીસ, હોલૅન્ડ, ઇટાલી, પોર્ટુગાલ, ફ્રાન્સ અને ઇંગ્લાંડ દેશના ઉત્તમ ચિત્રકારોનાં ચિત્રો છે. પૂર્વ તરફમાં નેપાળ અને તિબેટ તરફના લોકોની કારીગરીનાં ચિત્રો છે.

આ બાગમાં સંગ્રહસ્થાન ઉપરાંત જુદા જુદા દેશનાં જુદી જુદી જાતનાં જીવતાં જાનવરો પણ રાખવામાં આવેલાં છે.

સંગ્રહસ્થાન અને ચિત્રસગ્રંહ ઉપર દેખરેખ રાખવા માટે એક અમલદાર હોય છે તેને ક્યુરેટર કહેવામાં આવે છે, અને તે વિદ્યાધિકારીની દેખરેખ નીચે કામ કરેછે. આ સંગ્રહસ્થાન આખા હિન્દુસ્તાનમાં પ્રખ્યાત ગણાય છે, અને વડોદરાની જોવા લાયક વસ્તુઓમાં આનો સમાવેશ થાય છે.

પ્રકરણ ૮ મું.

સ્થાનિક સ્વરાજ્ય.

૧. પંચાયતનો પૂર્વ ઇતિહાસઃ—

સ્થાનિક સ્વરાજ્ય એ હિંદુસ્તાનમાં ઘણા પ્રાચીન વખતથી ચાલતી આવેલી સંસ્થા છે. પ્રાચીન સ્મૃતિઓમાં પણ આ સંબંધેની હકીકત મળી આવે છે. પ્રથમ નાના નાના ગામડાંઓ પોતપોતાનો આંતરિક વહિવટ કરતાં, અને ગોર્વા કેમિ માટે એક સભા ચુંટવામાં આવતી. તેઓ

ગામના મંદિરમાં અગર સાર્વજનિક સ્થળે મળી સામાન્ય લોકહિતનાં કામો ઉપરાંત, રાજ્ય વહીવટનાં કામો, જેવાં કે, મહેસુલ એકઠું કરવું, ગામહાણુ નક્કી કરવું, ગૌચર ઠરાવવું, વગેરે કામો કરતાં, અને ન્યાય વગેરે પણ ચુકવવાનું કામ કરતાં. ટુંકામાં, ગામનો તમામ વહિવટ આ સભા કરતી. રાજ્યની મુખ્ય સત્તા ઘણે દૂર પડ્લે હોવાથી દરેક નાને સ્થળે માણસો મુકી દેખરેખ રખાવવી ઘણી મુશ્કેલ હતી, અને તેથી આવી સંસ્થાઓ ઘણી ઉપયોગી થઇ પડી હતી. કંઇ સાર્વજનિક કામ કરવું હોય તો લોકો જાતમહેનતથી તેવાં કામો કરતા. ગામને લગતાં તમામ કામો આ સંસ્થા તરફથી થતાં. આ સંસ્થાઓ ઘણા પ્રાચીન સમયથી આજ સુધી એક અગર બીજા રૂપમાં હજુ પણ અસ્તિત્વમાં છે. વચમાં હાલની નવીન રાજ્ય પદ્ધતિ દાખલ થતાં પહેલાં આ સંસ્થાઓ નામશેષ જેવી થઇ હતી, અને તેથી તેને સંગીન પાયા ઉપર લાવવા માટે, શ્રીમંત મહારાજા સાહેબે વખતો વખત કાયદા પસાર કરી હાલની આપણી પંચાયતની વ્યવસ્થા કેટલાક ફેરફાર સાથે અસ્તિત્વમાં આણી છે શ્રીમંત મહારાજા સાહેબે પોતાની ઉદાર બુદ્ધિનું તથા દીર્ઘ દૃષ્ટિનું એક વધારે સ્તુત્ય ઉદાહરણ પ્રજાની સમક્ષ મૂકેલું છે. આ સ્થાનિક પંચાયતોમાં બેસી પૂર્ણ જવાબદારી સાથે કામ કરવાને લોકોને આ તક આપવામાં આવી છે. લોકો જેટલે અંશે પોતાની લાયકી આવાં સાર્વજનિક કામમાં બતાવશે તેટલે અંશે દિન પ્રતિદિન લોકોને વધુ અધિકારો આપવાની શ્રીમંત મહારાજા સાહેબની તીવ્ર ઇચ્છા છે.

પ્રથમ ગામનાં સાર્વજનિક કામો કરવા માટે જે તે ગામ માટે રૈયત તરફથી મદદની રકમ લેવાનું ધોરણ હતું, અને લોકો માંહોમાંહે ફાળો નાંખી મદદની એ રકમ એકત્ર કરતા. જે ફાળો ન આપી શકે તેવા હોય તેઓ અંગમહેનતથી કામ કરતા, અને પછી કામની શરૂઆત કરતા. પણ પછી આવી લોકમદદની રકમો એકઠી કરવી એ બહુ મુશ્કેલ થતું, અને લોકોને પણ આવી રકમ આપવી બોજારૂપ ન પડે, એ હેતુથી જમીન મહેસુલ ભરનાર દરેક પાસેથી દર રૂપિયે ૦–૧–૦ પ્રમાણે સ્થાનિક વેરો લેવાનું ધોરણ દાખલ કરવામાં આવ્યું, અને જુનાં ધોરણો બંધ કરવામાં આવ્યાં. વધુ ખર્ચ માટે પંચાયતોને બીજાં સાધનો જેવાં કે ઘાસ, જળાઉ લાકડાં, ફળ વગેરેનું ઉત્પન્ન આપવાનાં આવે છે. હાલ પંચાયતોની સ્થિતિ કેવી છે, તેઓ શું શું કામ કરે છે, વગેરે બાબતો નીચે બતાવવામાં આવી છે, તે ઉપરથી તેમનું બંધારણ વગેરે જણાઇ આવશે. સ્થાનિક સ્વરાજ્યમાં રાજ્યની પ્રાંત પંચાયત, મહાલ પંચાયત, ગામ પંચાયત, સુધરાઇ અને વિશિષ્ટ પંચાયતની સંસ્થાઓનો સમાવેશ થાય છે. ગામ પંચાયતની સ્થાપના ઇ. સ. ૧૮૯૧ માં થઇ, અને મહાલ પંચાયત અને પ્રાંત પંચાયતની સ્થાપના ઇ. સ. ૧૯૦૪ ના સ્થાનિક પંચાયતના કાયદા મુજબ થઇ. આ પંચાયતોમાં સામાન્ય રીતે કે સરકાર નિયુક્ત સભાસદો, અને કે રૈયત તરફથી ચુંટાયેલા સભ્યો હોય છે. આ સંસ્થાઓ પોતપોતાની હકુમતના પ્રદેશમાં લોકોપયોગી સાર્વજનિક કામો કરી પ્રજાની સ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે.

ઉપર જણાવેલા પ્રાંત, મહાલ, અને ગામ પંચાયતોના બંધારણમાં કેટલોક ફેરફાર કરવાનું ઇષ્ટ જણાયાથી સન ૧૯૨૮-૨૯ માં શ્રીમંત મહારાજા સાહેબે પંચાયતોની પુનર્રચના કરવાનું ફરમાવ્યું, અને એ ઉપરથી એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ પોતાનું નિવેદન રજુ કર્યું તે ઉપરથી પંચાયતોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યા. મહાલ પંચાયતોનું સ્વતંત્ર અસ્તિત્વ બંધ કરવામાં આવ્યું, અને પ્રાંત તથા ગામ પંચાયતો કેટલાક ફેરફાર સાથે રાખવામાં આવી. પ્રાંત પંચાયતોનું મુખ્ય કામ લોકોપયોગી કામો કરવાં, અને ગામ પંચયતોની ખીલવણી કરવાનું ઠરાવવામાં આવ્યું. ગામ પંચાયતોની ખીલવણી માટે નાયબ સુબાના દરજ્જાના અમલદારની નીમણુક કરવામાં આવી, અને ગામ પંચાયતો પોતાની હદમાં વધુ મોટા પ્રમાણ ઉપર કામો કરી શકે તેટલા માટે સરકારમાંથી અમુક ધોરણે મદદ આપવાનું ઠરાવ્યું.

૨. પ્રાંત પંચાયત.

પ્રાંત પંચાયતની સંસ્થા દરેક પ્રાંતમાં હોય છે. તેની કચેરી પ્રાંતના મુખ્ય સ્થળે હોય છે. પ્રાંત પંચાયતના અધ્યક્ષ સુબા હોય છે; હાલ કેટલેક સ્થળે રૈયત વર્ગમાંથી લાયક ઇસમો મળી આવવાથી અજમાયશ દાખલ તેમની અધ્યક્ષ તરીકે નીમણુક કરવામાં આવે છે.

પ્રાંત પંચાયતની રચના નીચે પ્રમાણે કરવામાં આવી છે. એકંદર સભાસદો પૈકી ૨/૩ ચુંટાએલા અને ૧/૩ નીમાએલા હોય છે: આ નીમાએલા સભાસદોમાં ૧/૨ હોદ્દાની રૂઇએ નીમાએલા અને ૧/૨ રૈયત વર્ગમાંથી નીમાએલા હોવા

જોઇએ. પ્રાંત પંચાયત માટે દરેક મહાલમાંથી એકથી ચાર સુધી સભાસદો ૨૫૦૦૦ માણસની વસ્તીમાંથી એક એ પ્રમાણે ચુંટી કાઢવાના હોય છે. મહાલમાંનાં ગામોના સુધરાઇવાળા કસ્બાઓ સિવાય પણ વિશિષ્ટ પંચાયતવાળા કસ્બા સાથે જથા કરી દરેક જથામાંથી એક સભાસદ જથામાંના મતાધિકારીઓએ ચુંટી કાઢવાનું ઠરેલું છે.

સુધરાઇ અને વિશિષ્ટ પંચાયતો તરફથી પ્રાંત પંચાયત માટે સભાસદ મોકલવાનું બંધ થયું છે. પણ ચુંટણી માટે મહાલનો કોઇ પણ લાયક સખસ સુધરાઇવાળા સ્થળનો રહીશ હોય તો પણ તે તેજ મહાલના કોઇ પણ જથા માટે ઉમેદવાર થઇ શકશે. આથી મહાલના કોઇ પણ ઉમેદવારનું ચુંટણી માટે આખો મહાલ ક્ષેત્ર ગણાશે. સભ્યોની ચુંટણી દર ત્રણ વરસે એક વખત થાય છે.

ઉપરના ધોરણે દરેક પ્રાંત પંચાયતનું બંધારણ નીચે પ્રમાણે ઠરેલું છે.

પ્રાંત	ચુંટાએલા.		નીમાએલાં.		કુલ.
	મહાલો માંથી	ઇનામદારો તરફથી.	હુદ્દાની રૂઇએ.	રૈયતમાંથી	
૧ વડોદરા	૨૬	૧	૬	૬	૩૯
૨ કડી	૩૩	૧	૮	૮	૫૦
૩ નવસારી	૧૮	૧	૪	૪	૨૭
૪ અમરેલી	૧૧	૧	૩	૩	૧૮

પ્રાંત પંચાયતની ચુંટણી માટે મતાધિકારીઓની લાયકી.

આ ઇસમ એકવીસ વરસની ઉમરનો હોવો જોઇએ; એ સિવાય નીચે જણાવેલી લાયકી પૈકી કોઇ પણ પ્રકારની લાયકી વાળો હોવો જોઇએ.

(૧) રૂ. ૩૦)નો ખાતેદાર, અથવા

(૨) રૂ. ૭૫૦)ની પ્રાપ્તિવાળો, અથવા

(૩) રૂ. ૧૦૦૦)જેટલી કિંમતની સ્થાવર મિલકતવાળો. અથવા

(૪) મેટ્રીકથી કમી નહીં એટલી શિક્ષણની લાયકીવાળો, અથવા

(૫) મહાલની હદમાં રહેનારા ઑનરરી માજીસ્ટ્રેટ, અથવા

(૬) હુજૂર આજ્ઞાપત્રિકામાં જાહેરનામું કાઢીને વખતો વખત જેને ફરમાવે તે મહાલની હદમાં રહેનારો કોઇ પણ સખસ.

મહાલ પંચાયતો બંધ થવાથી તેમની જગાએ પ્રાંત પંચાયતો તરફથી સ્થાનિક સમિતિઓ નીમવામાં આવી છે. આમાંની કેટલીક સમિતિઓ ફરજીઆત છે અને કેટલીક ઐચ્છિક છે.

અ ઐચ્છિક સમિતિઓ મહાલવાર હોય છે. તે નીચે મુજબ:-

(૧) સલાહકાર સમિતિ—આ સમિતિએ મહાલનો કાર્યક્રમ નક્કી કરવાનું અને મંજુર થએલાં કામો ઉપર દેખરેખ રાખવાનું કામ કરવાનું છે.

(૨) પ્રચારક સમિતિ—આ સમિતિએ ગામ પંચાયતની ખીલવણી કરવાનું અને તેના પર દેખરેખ રાખવાનું કામ કરવાનું છે.

૪ આવશ્યક સમિતિઓ—

(૧) નાણાં સંબંધી સમિતિ.

(૨) રસ્તાઓ સંબંધી સમિતિ.

(૩) બીજાં લોકોપયોગી કામો સંબંધી સમિતિ.

પ્રાંત પંચાયતની કચેરી માટે એક નિયામક અધિકારી, એક ઇજનીયર, અને એક મુખ્ય અમલદાર રાખવામાં આવે છે. આ મુખ્ય અમલદાર ઉપર જણાવેલી સમિતિઓ સાથે રહી કામ કરે છે અને તેની મુખ્ય ફરજ ઉપર જણાવ્યા પ્રમાણે ગામ પંચાયતોની ખીલવણી કરવાની છે. સભાએ કરેલા ઠરાવો વગેરેની અમલ બજાવણી આ કચેરીદ્વારા કરવાની હોય છે.

પ્રાંત પંચાયતનું કામ કરવા અને તે ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે પંચાયત પોતાનામાંથી એક ઉપાધ્યક્ષ ચુંટી કાઢે છે. અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ સભામાં અધ્યક્ષસ્થાને બેસી કામ ચલાવે છે, અને અધ્યક્ષ જે કામો સોંપે છે તે તે કરે છે. સભાની બેઠકો વરસમાં ૪–૫ વખત થાય છે, અને તેમાં રજુ થતાં કામોનો નીકાલ બહુમતિથી કરવામાં આવે છે. સામાન્ય રીતે કામની શરૂઆત થવા માટે કુલ સભ્યોના ⅓ સભાસદોની હાજરીની આવશ્યકતા છે. મહત્ત્વના કામ માટે પેટા સમિતિઓ પસંદ કરવામાં આવે છે અને તે સોંપેલા કામો પર વાટાઘાટ કરી પોતાના અભિપ્રાય સાથે કામ સામાન્ય સભામાં રજુ કરે છે. બીજા તાલુકામાંથી આવનાર લોકલ સભાસદોને ખર્ચ માટે બીજા વર્ગનું ભથ્થું ભાડું આપવામાં આવે છે.

ઉત્પન્ન—પ્રાંત પંચાયતનું ઉત્પન્ન નીચે પ્રમાણે હોય છે.

(૧) સ્થાનિક વેરો

(૨) આયપતવેરા ઉપર દર રૂપિઆ એકે બે આના પ્રમાણેનું વધારાનું ઉત્પન્ન.

(૩) જેમની ખેતી સિવાયની ઉપજ રૂ. ૨૫૦)થી રૂ ૭૫૦) સુધી હોય તેમની પાસેથી રૂ. ૧) એક પ્રમાણે સમાન કર નાંખવો.

(૪) સરકારમાંથી આવે તે ફાળો.

અનુક્રમ નંબર ૨–૩ ના કર પોત પોતાની જરૂરી આત પ્રમાણે સરકારમાંથી મંજુરી મેળવી દાખલ કરી શકાશે. પંચાયતનો રક્ષિત નિધિ (રીઝર્વ ફંડ) તેમની એક વરસની સ્થાનિક વેરાની જમાબંદી જેટલું રાખવાનું ઠરાવેલું છે. પંચાયતોને ચોરા બાંધવામાં અને શિતળા સંબંધીના ખર્ચમાં સરકારે અમુક મદદ આપવાનું ધોરણ ઠરાવ્યું છે.

પ્રાંત પંચાયતની ફરજો:—

પ્રાંત પંચાયતનું મુખ્ય કામ લોકોપયોગી કામો કરવાં અને ગામ પંચાયતોની ખીલવણી કરવાનું છે.ઉપરાંત પોતાના પ્રદેશોમાં ચોકખા પાણીનો પુરવટો કરવો, રસ્તાઓ વગેરે બંધાવવા અને સમરાવવા; શિતળા, દવાખાનાં અને આરોગ્ય રક્ષણ સંબંધીનાં સાધનો લોકોની સુખાકારી માટે સ્થાપવાં અને તેના પર દેખરેખ રાખવી; વિદ્યાવૃદ્ધિ માટે બનતી મદદ કરવી અને ઉત્તેજન આપવું; નાણાંની સવડ પ્રમાણે ખેતીવાડીના ઓજારો, બી, યોગ્ય

ભાવથી પુરાં પાડવાં; સારા પાકો માટે પ્રયોગો કરવા, સારાં ઢોરા ઉછેરાવવા તથા તેમની ઓલાદ સુધારવા માટે પ્રયત્નો કરવા; દુષ્કાળ વખતે મદદનાં સ્થાનક કામો ઉઘાડી ચાલુ રાખવાં વગેરે છે. ટુંકામાં ગામ પંચાયતના કાર્યક્ષેત્ર બહારનાં તમામ કામો પ્રાંત પંચાયતે કરવાં. મુખ્યત્વે કરીને મોટા રસ્તાઓ અને સામાન્ય રીતે સર્વ કામો જે કોઇ એક ગામને લગતું ન હોય, તેવાં કામો કરવાનાં છે. જેથી લોકોની સુખાકારી વધે, વિદ્યાવૃદ્ધિ થાય, અને ખેતી તથા વ્યાપારની આબાદી થાય.

૩. ગામ પંચાયત.

તાલુકાના એક હજાર અને તેથી વધારે વસ્તીવાળાં દરેક ગામે પ્રાંતના સુબાની મંજુરીથી ગામ પંચાયત સ્થાપવામાં આવે છે. એક હજાર કરતાં ઓછી વસ્તીવાળાં ગામોના જથા પાડી વચ્ચેના મુખ્ય ગામે એક ગામ પંચાયત સ્થાપવામાં આવે છે. પંચાયતમાં વસ્તીના દર ૨૫૦ અથવા તેના ભાગે એક એ પ્રમાણે પંચ હોય છે. પરંતુ આ પંચની સંખ્યા છ કરતાં કમી અને બાર કરતાં વધુ હોતી નથી. આ પંચાયતમાં ચુંટાઇ આવેલા પંચો ઉપરાંત, મુખી પટેલ, અને શાળાના મહેતાજી, એ હોદ્દાની રૂઇએ સભાસદ હોય છે. સામાન્ય રીત મુખી પટેલ આ પંચાયતનો અધ્યક્ષ હોય છે.

ચુંટાઇ આવનાર પંચની લાયકી નીચે પ્રમાણે હોવી જોઇએ:—

(૧) તે ઇસમ જે ગામ અગર જથામાંથી પંચ તરીકે ચુંટાવાનો હોય તે ગામ અગર જથાનો તે રહીશ હોવો જોઇએ.

(૨) રૂપીઆ પચીસ કરતાં ઓછી નહિ તેટલા આકાર વાળી સરકારી જમીનનો ખાતેદાર હોવો જોઇએ; અગર એક હજાર કરતાં ઓછી નહિ તેટલી સ્થાવર મિલકતનો માલીક હોવો જોઇએ. અગર જેનું વાર્ષિક ઉત્પન્ન રૂ. ૩૦૦) કરતાં ઓછું ન હોય એવો હોવો જોઇએ, અગર વિશ્વવિદ્યાલયની મેટ્રીક અગર સ્કુલ ફાઇનલ કે તેથી ચઢતા દરજ્જાની પરીક્ષા પાસ થયેલો હોવો જોઇએ, અગર ગુજરાતી છઠ્ઠા ધોરણમાં પાસ થએલો હોવો જોઇએ.

ઉપર જણાવેલી લાયકી છતાં જેને ફોજદારી ગુન્હામાં શિક્ષા થએલી હોય અગર પંચાયતમાંથી કંઇ કારણસર કમી કરવામાં આવ્યો હોય તો તે નાલાયક ગણાય છે.

સભાસદોની ચુંટણી દર ત્રણ વર્ષે એક વખત થાય છે.

પંચાયતનું દફતરી કામ કરવા માટે સભા પોતાનામાંથી એક ચીટનીસ નીમી યોગ્ય મહેનતાણું આપી શકે છે. કેટલેક સ્થળે નિશાળના મહેતાજીઓ પણ આ કામ કરે છે, અને આવા કામ બદલ તેમને મહેનતાણું આપવા હરકત નથી.

ઉપર જણાવેલા પંચને ચુંટનાર ઇસમને મતાધિકારી કહેવામાં આવે છે. તેની લાયકી નીચે પ્રમાણે હોવી જોઇએ.

(૧) તે ગામ અગર જથાનો રહીશ હોઈ રૂા. ૧૦) કરતાં ઓછી નહિ તેટલા આકાર વાળી જમીનનો ખાતેદાર હોવો જોઇએ, અગર

(૨) રૂ. ૨૦૦) થી ઓછી નહિ તેટલી સ્થાવર મિલકતનો માલીક હોવો જોઇએ, અગર

(૩) જેની વાર્ષિક પેદાશ રૂ. ૧૦૦) કરતાં ઓછી નં હોવી જોઇએ, અગર

(૪) તે વિશ્વવિદ્યાલયની મેટ્રીક અગર તેથી ચઢતા દરજ્જાની પરીક્ષા પસાર થયેલો, અગર નિદાન ગુજરાતી છઠું ધોરણ પાસ થએલો હોવો જોઇએ.

ઉત્પન્ન.

(૧) સ્થાનિક વેરાની ફાલવણી કરી જે રકમ પ્રાંત પંચાયતને મળે છે, તેમાંથી એક આને બે પાઇ જેટલી રકમ ગામ પંચાયતને તેના સ્થાનિક વેરાના ઉત્પન્નના પ્રમાણમાં ફાળવી આપવાનું ઠરેલું છે.

(૨) ગ્રામઠાણુ ફીરાયું; જે ઠેકાણે ફીરાયાને બદલે ખેતી સિવાયની જમીનનો આકાર લાગુ કરવામાં આવ્યો છે તે ઠેકાણે ફીરાયા જેટલી રકમ સરકારમાંથી આપવામાં આવે છે.

(૩) ગામ પંચાયત ગામપર કર નાંખી ઉત્પન્ન વધારે તો સરકારમાંથી તેટલીજ રકમ ગામ પંચાયતને આપવામાં આવે છે.

નાણાંના અભાવે ગામનાં અવશ્યનાં કામો બાકી રહે તો ગામ પંચાયતને કર નાંખવાની ફરજ પાડવામાં આવે છે.

(૪) ઘાસ, જળાઉ લાકડાં, અને ફળ હરરાજીનું ઉત્પન્ન.

(૫) ફરજીઆત દંડનું ૩૫ ટકાનું ઉત્પન્ન.

ગામ પંચાયતની ફરજો.

મહાલ પંચાયતો બંધ થવાથી દરેક ગામ પંચાયતે હવે પોતપોતાની હદમાં પોતાની જરૂરીઆતનાં કામો કરી લેવાનાં છે. ગામને માટે સ્વચ્છ પાણીનો પુરવઠો કરવો, કુવા તથા તળાવ વગેરે જળાશયો સાફ રખાવવાં અને દુરસ્ત કરાવવાં; ગામની સ્વચ્છતા ને આરોગ્યતા સાચવવી તથા દીવાબત્તી સંબંધી તજવીજ કરાવવી; ગામઠાણુ અને પોતાના સીમાડાની અંદરના સર્વ પ્રકારના રસ્તા તેમજ મોટા રસ્તાથી ગામ સુધીના રસ્તા તૈયાર કરાવવા, સમરાવવા, અને સ્વચ્છ રખાવવા; સાર્વજનિક રસ્તાઓ પર ઝાડો રોપાવવાં, બગીચા કરાવવા; ગામઠાણુની અંદર મકાન બાંધવાની પરવાનગી આપવી; ગામની અંદરનાં સાર્વજનિક દેવાલયો પર દેખરેખ રાખવી; સીમનાં હદ નિશાનો કાયમ રહે તેવી તજવીજ રાખવી; ફરજીયાત કેળવણી તથા બાળલગ્ન પ્રતિબંધક નિબંધનો અમલ કરાવવો; ગામ નોકરોપર તથા નિશાળપર દેખરેખ રાખવી અને ગામના પુસ્તકાલયનો કારોબાર ચલાવવો વગેરે છે.

ટુંકામાં ગામ રક્ષણુ સંબંધી તથા ગામની ઉન્નતિ સંબંધી તમામ કામ કરવાનું હોય છે. આ ઉપરાંત કેટલીક ગામ પંચાયતોને દિવાની અને ફોજદારી અધિકારો પણ આપવામાં આવેલા છે, તેમજ વખતો વખત વિશેષ અધિકાર આપવામાં આવે તે કામ તેઓ કરે છે.

આ ઉપરાંત પોતાનું ઉત્પન્ન વધારવા ગામ પંચાયત હુજુર મંજુરીથી કર અને લાગત પણ લાગુ કરી શકે છે.

દાખલા તરીકે:-જાત્રાળુ ઉપર કર, હોટલ ઉપર વેરો, ઘર વેરો વગેરે, આરોગ્ય જાળવવા માટે જ્ઞાતિ ભોજન, તથા અપાયકારક ધંધા ઉપર લાગત બેસાડી શકે છે.

આ પંચાયત ગામના ચોરામાં અગર કોઇ સાર્વજનિક સ્થળે દર મહિને સામાન્ય રીતે પહેલા સોમવારે મળે છે.

કામની શરૂઆત કરવા કુલ નવ પંચ હોય તો ત્રણ, અને વધુ હોય તો ચાર પંચોની હાજરીની આવશ્યક્તા હોય છે.

પંચાયતમાં રજુ થતાં કામોનો નિકાલ બહુમતિથી કરવામાં આવે છે, અને થયેલા કામનું ટાંચણ એક નોંધ-વહીમાં કરવામાં આવે છે. થએલા ઠરાવની નકલો પ્રાંત પંચાયત તરફ મોકલવામાં આવે છે. સામાન્ય રીતે ગામ પંચાયત ઉપર પ્રાંત પંચાયતના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને પ્રાંત પંચાયતના મુખ્ય અમલદાર દેખરેખ રાખે છે.

૪. સુધરાઇ અને વિશિષ્ટ પંચાયત:—

પ્રથમ સુધરાઈ અને વિશિષ્ટ પંચાયતનો વહીવટ સરકાર તરફથી ચલાવવામાં આવતો, અને બે ત્રણ મ્યુનિસિ-પાલીટી સિવાય તમામનો ખર્ચ સરકાર તરફથી મળની વાર્ષિક મદદ ઉપર ચાલતો. સને ૧૯૦૬ ના ફેબ્રુઆરી માસથી નવીન મ્યુનિસિપલ કાયદો અમલમાં આવ્યો, અને તેની રૂઇએ મોટા તાલુકાના સ્થળે અને સામાન્ય રીતે પંદર હજાર અગર તેથી વધુ વસ્તીવાળાં સ્થળે સુધરાઇઓ સ્થાપવામાં આવી. આથી સુધરાઇના મંડળના ઓછામાં ઓછા અર્ધા સભાસદોને ચુંટણીથી નીમવાનું, અને બાકી-નાને સરકાર તરફથી નીમવાનું ઠર્યું. આમાંની કેટલીક

મ્યુનિસિપાલીટીના અધ્યક્ષ પ્રાંતના સુબા હોય છે, અને બાકીનીના અધ્યક્ષ નાયબ સુબા હોય છે. કેટલેક સ્થળે ચુંટણીના અધ્યક્ષ આપવાનું ધોરણ હાલમાં પ્રચલિત થયું છે, અને તે પ્રમાણે હાલ પાટણ, નવસારી, અમરેલી વગેરે સ્થળે ચુંટણીના અધ્યક્ષો છે.

ઉપરની સુધરાઇઓ ઉપરાંત બીજા તાલુકામાં અને કસ્બાઓમાં આવાંજ મંડળો છે, તેમને વિશિષ્ટ પંચાયત કહેવામાં આવે છે.

ગામ પંચાયતો પોતાની હદમાં જે નિયમ મુજબ જે કામ કરતી તેજ નિયમને અનુસરીને તેજ કામો વિશેષ મોટા પ્રમાણમાં આ પંચાયતો કરતા, તેથી તેને વિશિષ્ટ પંચાયતો કહેવામાં આવે છે. વિશિષ્ટ પંચાયતના કામકાજ સંબંધે હાલમાંજ એક નિબંધ બહાર પાડવામાં આવ્યો છે, જે ૧-૮-૨૭ થી અમલમાં આવ્યો છે. આથી વિશિષ્ટ પંચાયતને સુધરાઇનું તત્ત્વ લાગુ કરવામાં આવ્યું છે, અને હવે આ સંસ્થા સુધરાઇ જેવુંજ કામ કરે છે.

આ નવા કાયદાની રૂઇએ ચુંટણીનું તત્ત્વ વિસ્તૃત કરવામાં આવેલું છે. હવે સભાસદોમાં ⅔ ચુંટાએલા અને ⅓ સરકાર તરફથી નીમવાના એમ ઠરાવવામાં આવ્યું છે. આવી વિશિષ્ટ પંચાયતો હાલ રાજ્યમાં ૩૩ છે. વસ્તીના દર ત્રણસો, અથવા તેના ભાગે એક પંચ રહેશે. આવા પંચોની સંખ્યા નવ કરતાં કમી અને પંદર કરતાં વધુ હોતી નથી. વિશિષ્ટ પંચાયતના અધ્યક્ષ વહિવટદાર અગર મહાલકરી હોય છે.

સભાસદોમાંથી એક ઉપાધ્યક્ષ ચુંટી કાઢવામાં આવે છે, જે વિશિષ્ટ પંચાયતના કારોબારી કામ ઉપર દેખરેખ રાખે છે. આ પંચાયતોનું કામકાજ ઉપર જણાવેલી પંચાયતોને મળતુંજ છે.

આવી સંસ્થાઓ હવે સ્વતંત્ર થઈ છે, અને તેથી સરકાર હવે બધું ખર્ચ ન આપતાં પોતાના પગ ઉપરજ તે ઉભી રહે તેમ ઇચ્છે છે. તથી આવી સંસ્થાઓ ઘર વેરો નાખી, જાનવરો તથા વાહનો ઉપર કર નાંખી, આયાત માલ ઉપર જકાત નાંખી પોતાની ઉપજ ઉત્પન્ન કરે છે. ઉપરાંત પંચાયત તરફથી દર વર્ષે તેમને અમુક ફાળો આપવામાં આવે છે. મુખ્યત્વે કરીને આ પંચાયતના ઉત્પન્નોનું સાધન ફળ હરરાજીનું ઉત્પન્ન, જળાઉ લાકડાંની હરરાજીનું ઉત્પન્ન, ઘાસ હરરાજીનું ઉત્પન્ન, ડબા ફ્રી, તથા ગામઠાણનું ભાડું, વગેરે હોય છે. આ સિવાય કોઇ વખતે ખાસ કામને માટે સરકાર તરફથી મદદ પણ આપવામાં આવે છે.

વરસ દર્મિયાન પંદર વીસ સભાઓ કામની મગદુર પ્રમાણે ભરવામાં આવે છે, અને તેમાં બહુમતિથી કામનો નિકાલ થાય છે. કામકાજની પદ્ધતિ ઉપર જણાવ્યા પ્રમાણે ગામ તથા પ્રાંત પંચાયતોના જેવીજ છે. જુદા જુદા કામ માટે આરોગ્યતા, શિક્ષણ, ચાલુ કામ વગેરે પેટા સમિતિઓ નીમવામાં આવે છે, અને તે પોતાના કામનું નિવેદન સભા આગળ રજુ કરે છે.

સુધરાઇ અને વિશિષ્ટ પંચાયતની ફરજો.

પોતાની સ્થળ સીમામાં પીવાના પાણીની જોગવાઇ કરી આપવી, અને જળાશયો વગેરે સ્વચ્છ રાખવાં; ગામમાંના રસ્તા બંધાવવા અને તેમની મરામત કરાવવી; રસ્તાઓ ઉપર તથા મંહાલ્લામાં દીવાબત્તી કરાવવી, જોખમકારક મકાનો ઉતરાવી નંખાવવાં, મુસાફરો માટે ધર્મશાળાઓ બંધાવવી અને તે ઉપર દેખરેખ રાખવી, જન્મ મરણની નોંધ રાખવી. નવીન મકાન બાંધવા પરવાનગી આપવી, નિશાળોને મદદ કરવી, તે ઉપર દેખરેખ રાખવી, અને ફરજીયાત કાયદાનો અમલ કરવામાં મદદ કરવી, શાક ભાજી વેચવા માટે મારકીટ બાંધવી, રસ્તા પહોળા કરાવવા, જાહેર રસ્તા ઉપર છંટકાવ કરવા અને ખુલ્લી જગાએ ગંદકી થવા દેવી નહીં, બાગ બગીચા કરાવવા, અગ્નિશાંતિના ઉપાયો લેવા, દવાખાનાં કઢાવવાં. પોતાના અધિકારના ગુન્હાનાં કામો ચલાવી ન્યાય આપવા વગેરે છે. ટુંકામાં રૈયતનું આરોગ્ય સચવાય અને સુખાકારી વધે તેવા ઇલાજો લેવા.

પ્રકરણ ૯ મું.

પ્રગતિ ખાતાં.

રાજ્યમાં પ્રજાની ઉન્નતિ માટે શ્રીમંત મહારાજા સાહેબે પ્રગતિ ખાતાંઓની યોજના કરી છે, અને તેમાં ખેતીવાડી, વ્યાપાર ઉદ્યોગ, સહકારી વગેરે ખાતાંઓનો સમાવેશ થાય છે.

अ ખેતીવાડી ખાતું.

૧. ફરજો અને બંધારણ.

રાજ્યની વસ્તીનો મોટો ભાગ ખેડુત છે અને તેથી ખેતીવાડીની સુધારણા એ પ્રજાની ઉન્નતિનું એક અંગ છે. આથી સુધરેલી રીતે ખેતી કરતાં શીખવવા ખેતીવાડી ખાતું સરકાર તરફથી રાખવામાં આવ્યું છે, જેમાં જુદી જુદી જાતના પાકો વધુ પ્રમાણમાં પકવવાના અખતરા કરવામાં આવે છે, અને લોકોને તે પ્રત્યક્ષ જોવા દેવામાં આવે છે. આ ઉપરાંત સુધરેલાં ઓજારો સરકાર પોતાના ખર્ચે જુદે જુદે સ્થળે લઇ જઇ તેના વડે કામ કેવી રીતે કરી શકાય તે ખેડુતોને એકઠા કરી બતાવે છે, અને આવાં સાધનો ખરીદવા ખેડુતોને મદદરૂપે તગાવી પણ આપે છે. ખાતરથી જમીનમાં સારો પાક થઈ શકે માટે ખાતરો કેવી રીતે વાપરવાં, અને ક્યાંથી તે મેળવી શકાય તેનું જ્ઞાન લોકોને આપવામાં આવે છે. પાકમાં થતા રોગો દૂર કરવાના ઉપાયો અને સારાં બી સસ્તે ભાવે મેળવી આપવાની પણ સરકાર તરફથી ગોઠવણ કરવામાં આવી છે.

આ ઉપરાંત પશુઓની ઓલાદ સુધારવી અને ઉત્તમ જાનવરો પેદા કરાવવાની તજવીજ આ ખાતા તરફથી થાય છે. આ ખાતાની પ્રવૃત્તિઓ નીચે પ્રમાણેની શાખાઓમાં વહેંચવામાં આવી છે.

(૧) ખેતીવાડી, (૨) ખેતીવાડીને લગતાં યાંત્રિક સાધનો, અને (૩) પશુ દવાખાનાં. આ ખાતાની કચેરી વડોદરામાં છે, અને તેના વડાને **ખેતીવાડી અધિકારી** કહેવામાં આવે છે. આ અમલદારની ગદદમાં જુદી જુદી શાખાઓ માટે અમલદારો હોય છે, જેવા કે ખેતીવાડી ઇજીનીયર, પશુરોગ ચિકિત્સક, વગેરે.

૨. મૉડલ ફાર્મ.

પાકના અખતરા કરી બતાવવા માટે રાજ્યમાં ત્રણ ફાર્મ રાખવામાં આવ્યાં છે, અને તે વડોદરા, જગુદન અને અમરેલીમાં છે. ફાર્મના ઉપરીને **ફાર્મ સુપ્રીન્ટેન્ડેન્ટ** (કૃષીશાસ્ત્ર પ્રચારક) કહે છે. તે પોતાની દેખરેખ નીચે જુદી જુદી જાતના પાકો ઉત્તમ રીતે શી રીતે પકવી શકાય તેના અખતરા કરે છે. ઉપરાંત આ ખાતાના અમલદારો ફરતી વખતે લોકોને પાક શી રીતે સુધારવા, તે બદલ ભાષણોદ્વારા સલાહ પણ આપે છે.

૩. ગોશાળા.

આ શાખાના ઉપરી **ગાશાળા સુપ્રીન્ટેન્ડેન્ટ** કહેવાય છે. આ ગોશાળા મકરપુરામાં છે અને આ ગૌશાળા રાખવાનો મુખ્ય હેતુ ઉત્તમ પ્રકારની ગાયો અને ભેંસો ઉછેરી, તેમની ઓલાદ સુધારવાનો છે.

૪. પ્રચારક કાર્ય.

રાજ્યમાં જુદા જુદા સ્થળે જ્યાં સારો પાક થવાનો સંભવ હોય તેવે સ્થળે ખેડુતોને ઉતેજન આપી પાક ઉત્તમ રીતે અને સુધરેલી ઢબથી પકવવાની યોજનાઓ કરવામાં આવી છે. જુદા જુદા વખતે આવા પાક પકવનારને ઉત્તેજન દાખલ ઇનામો પણ આપવામાં આવે છે. આ સિવાય જુદે જુદે સ્થળે દર વર્ષે સર્વ પ્રજાની જાણ માટે વારાફરતી ખેતીવાડી અને ઢોરોનાં પ્રદર્શનો ભરવામાં આવી જાનવરો, ઉત્તમ બી વગેરે રાખનાર ખેડુતોને ઇનામો આપવામાં આવે છે, અને પાકો વગેરેના સંબંધમાં ભાષણોદ્વારા સમજુતી આપવામાં આવે છે. આ ઉપરાંત વડોદરામાં ખેડુતોને ખેતી સંબંધી જ્ઞાન આપવા માટે છ માસ સુધીનો અભ્યાસક્રમ ઠરાવી એક વર્ગ ઉઘાડવામાં આવ્યો છે. તેમાં અભ્યાસ કરનારને સરકાર તરફથી શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. આ :શાળામાં પુસ્તકોદ્વારા તેમજ પ્રયોગોદ્વારા ખેતીવાડીનું શિક્ષણ અપાય છે.

૪. પશુ દવાખાનાં.

ખેતીનો મુખ્ય આધાર ઢોરો ઉપર હોવાથી તે તંદુરસ્ત રહે અને તેમનામાં થતા રોગો અટકે તે માટે રાજ્યમાં જુદે જુદે સ્થળે પશુઓ માટે દવાખાનાં કાઢવામાં આવ્યાં છે. આવાં દવાખાનાં આ રાજ્યમાં હાલ ૧૫ છે. આ દવાખાનાં પંચાયતની મદદથી તેની દેખરેખ નીચે ચાલે છે. પ્રથમ આવાં દવાખાનાંઓને સરકાર તરફથી મદદની રકમ આપવામાં આવતી, અને બાકીની રૂ. પંચા-

યત તરફથી અપાતી, પણ હાલમાં સરકાર અને પંચાયત દરેક ½ રકમ આપે છે. ઢોરોની સારવાર માટે મુંબઇની કૉલેજમાં પાસ થએલા પશુરોગ ચિકિત્સકો નીમવામાં આવે છે, જે દવાખાનાના કામ ઉપરાંત ગામડાઓમાં ફરી રોગી ઢોરોની સારવાર કરે છે.

૫ વેપાર ઉદ્યોગ ખાતું.

૧. ખાતાનું બંધારણ.

વેપાર તથા ઉદ્યોગની વૃદ્ધિ એ પ્રજાની પ્રગતિનું એક સાધન છે, અને તેથી આ રાજ્યમાં વેપાર ઉદ્યોગ ખાતું રાખવામાં આવ્યું છે. આ ખાતાની પ્રવૃત્તિઓ નીચે જણાવ્યા મુજબ ઘણા પ્રકારની છે. રાજ્યમાં જુદાં જુદાં કારખાનાં, મીલો વગેરેને ઉત્તેજન આપવું, તેમના યાંત્રિક સાધનો ઉપર દેખરેખ રાખવી, વેપારની ખીલવણી માટે સ્થળો પસંદ કરી વેપારીઓને રાહત આપવી, વગેરે છે. આ ઉપરાંત વેપારને લગતાં માસિકો, વર્તમાનપત્રો વગેરે મંગાવી લોકોને છુટથી મફત લાભ આપવામાં આવે છે. આ સિવાય રાજ્યની વેપારની પેઢીઓ વગેરે નોંધી તેને કાયદાથી મળતું રક્ષણ આપવાની યોજના કરે છે. આ ખાતાના અધિકારીને **વેપાર ઉદ્યોગ ખાતાના અધિકારી** કહેવામાં આવે છે. આ શાખાની હાલ બે મુખ્ય પ્રવૃત્તિઓ છે. (૧) ઓખાબંદરની ખીલવણી, (૨) સરકારી છાપખાનું.

૨. ઓખાબંદર.

રાજ્યના પશ્ચિમ કિનારે આવેલા ઓખાબંદરે સરકારે મોટા ખર્ચથી બંદર બાંધી ત્યાં પરદેશથી આગબોટો

વગેરે ઉભા રહેવાની અને માલ ચઢાવવા ઉતારવાની યોજના કરી છે. ત્યાં માલ રાખવા માટે મોટી ગોદીઓ બનાવી છે, અને ત્યાંથી માલ સીધો રેલ્વે માર્ગે રાજ્યમાં દાખલ થાય તેવી પણ યોજના કરી છે. આથી વેપારીઓને પરદેશથી માલ મંગાવવાની ઘણી સરળતા થઇ છે. અહીં એક પોર્ટ ઑફીસરની દેખરેખ નીચે આ બંદરની વ્યવસ્થાનું કામ થાય છે.

૩. સરકારી છાપખાનું.

રાજ્યમાં પ્રથમ રાજ્યને લગતું છાપવાનું કામ ખાનગી કંટ્રાકટર મારફત થતું, પણ હાલમાં સરકારે તે કામ પોતે ઉપાડી લઇ રાજ્યને લગતું તમામ છાપવાનું કામ ત્યાં કરવાની ગોઠવણ કરી છે. આ ઉપરાંત લેખન સામગ્રીને લગતી કેટલીક વસ્તુઓ પણ ત્યાં તૈયાર થવાનું કામ થાય છે. ભવિષ્યમાં લેખન સામગ્રીને લગતી તમામ ચીજો જે હાલ કંટ્રાકટર મારફત લેવામાં આવે છે તે પૂરી પાડવાનું કામ આ સંસ્થા કરવાનું ધારે છે. છાપખાના ઉપર દેખરેખ માટે એક છાપખાના કામદાર છે, તે વેપાર ઉદ્યોગ ખાતાના અધિકારીને આધીન રહી પોતાનું કામ કરે છે. આ છાપખાનાના અંગે પ્રુફ રીડીંગનો વર્ગ કાઢવામાં આવ્યો છે, જેમાં રાજના કારકુન વગેરેને આ કામનું શિક્ષણ આપવામાં આવે છે.

રાજ્યમાં મીલના યંત્રો વગેરે ઉપર દેખરેખ રાખવાનું અને કાયદા અન્વયે નિયમન કરવાનું કામ બૉયલર ઈન્સ્પેકટર અગર વરાળયાંત્ર અધિકારી નામના અધિકારી કરે છે.

આ ખાતા તરફથી એક સરકારી સામાહિક પ્રસિદ્ધ થાય છે, તેને **આજ્ઞાપત્રિકા** કહેવામાં આવે છે. આમાં દરેક ખાતા તરફથી પ્રસિદ્ધ થતા વટહુકમો, જાહેરનામાં, નીમણુક બઢતી, નિબંધ નિયમો, વગેરે નોકરો તેમજ પ્રજાની જાણ માટે બહાર પાડવામાં આવે છે.

ૠ સહકારી ખાતું.

૧. સહકારી પેઢીઓને મંડળીઓ.

રાજ્યની મોટી વસ્તી ખેતી ઉપર પોતાનો નિર્વાહ ચલાવે છે. ખેતીના કામમાં ખેડુતોને બીજા પાસેથી નાણાં વગેરે લેવાં પડે છે. આ કામ વાણીઆ વેપારીઓ કરે છે, અને તે ગરીબ લોકો પાસેથી ભારે વ્યાજ લે છે. ખેતીમાં બરાબર પાક નહીં ઉતરવાથી ખેડુતો વખતસર નાણાં પાછાં આપી શકતા નથી, અને તેથી ખેડુતોની સ્થિતિ ઘણી દયાજનક થાય છે. આથી પ્રજાના હિત માટે શ્રીમંત મહારાજા સાહેબે સહકારી ખાતાની સ્થાપના કરી છે. આ ખાતાનો મુખ્ય ઉદ્દેશ ખેડુતોને ઓછે વ્યાજે નાણાં ધીરવાં એ છે. એ માટે ખેતીવાડીની રાજ્યમાં પેઢીઓ ઉઘાડવામાં આવી છે, અને બીજી આંટ વધારનાર સહકારી મંડળીઓ કાઢવામાં આવી છે. આવી મંડળીઓનો લોકો ઘણો લાભ લે છે, અને દિવસે દિવસે આવી મંડળીઓની સંખ્યામાં સારો વધારો થતો જાય છે.

સહકારી પેઢીઓની મુડી હાલમાં મોટે ભાગે સરકાર તરફથી રોકવામાં આવી છે. આવી પેઢીઓમાં લોકો હવે

પોતાની મુડી પણ રોકે છે, અને પેઢી તરફથી થતો નફો પોતાની મુડી પ્રમાણે ફાળવી લે છે.

સહકારી મંડળીઓ ગામડાં, અને કસ્બાઓમાં ઉઘાડવામાં આવી છે. તેમાં ખેડુતો, કારીગરો, સરકારી નોકરો તથા બીજા ગમે તે જાતના માણુસો તેમાં સભાસદ થઇ શકે છે. આવી મંડળીઓ દરેકને પોતાના સાહુકાર બનાવે છે કારણ કે ઘણા સભ્યોનાં નાણાં એકઠાં થઇ મુડી થએલી હોય છે. ગમે તે સભ્યને જરૂર હોય તે પ્રમાણે અમુક ધારા ધોરણને અનુલક્ષીને પૈસા ઉધાર આપવામાં આવે છે. આ પ્રમાણે બીજા ઉપર આધાર રાખ્યા વગર લોકોની આર્થિક ઉન્નતી થાય એ દેખીતું છે. વળી ઘણા માણુસોએ એકઠા થઇ એક સંપથી કામ કેવી રીતે કરવું તે પણ આથી શીખી શકાય છે.

આ યોજના રૈયતના પ્રત્યેક માણુસની સ્થિતિ સુધારવા ઉપરાંત સમસ્ત પ્રજાની વેપાર વગેરેની સંઘ શક્તિને પણ પોષક છે. પ્રથમ રાજ્યમાં સહકારી મંડળીનો કાયદો સને ૧૯૦૫ માં પ્રસિદ્ધ થયો હતો; પણ આ કાયદામાં સને ૧૯૧૨ માં સુધારણા થઇ ત્યારથી રાજ્યમાં આ યોજનાનો ઘણો ફેલાવો થયો છે, અને ઘણા લોકો તેનો લાભ લેતા થયા છે.

સહકારી ખાતાનું બંધારણ.

આ ખાતાની મુખ્ય કચેરી વડોદરામાં છે, અને તેના અધિકારીને સહકારી અધિકારી કહેવામાં આવે છે. આ અધિકારીને મદદ કરવા તેમના તાબામાં એક મદદનીશ

હોય છે. શિક્ષણદ્વારા લોકોને આ યોજનાના હેતુ સમજાવવા માટે માનનીય પ્રચારકો પણ પસંદ કરી નીમવામાં આવે છે, જે રાજ્યના જુદે જુદે સ્થળે ફરી આ યોજનાના ફાયદા સમજાવે છે, અને લોકોને સહકાર કરવા સમજાવે છે.

આ ઉપરાંત આ ખાતા તરફથી સહકારનું શિક્ષણ આપવા વર્ગો ચલાવવામાં આવે છે. સહકાર સંબંધેની પત્રિકાઓ છાપી લોકોમાં છૂટથી વહેંચવામાં આવે છે. હાલ રાજ્યમાં ખેતીવાડી પેઢીઓ, આંટ વધારનારી સહકારી મંડળીઓ, ખેડુત મંડળો, વગેરે સારી સંખ્યામાં છે, અને તેમની સ્થિતિ પણ પૈસે ટકે ઉત્તમ છે.

ડ. જંગલ ખાતું.

૧. ખાતાનું બંધારણ અને ફરજો.

વડોદરા રાજ્યના સંખેડા, આતરસુંબા, ઓખામંડળ, ગીર, વાકળ, વ્યારા, સોનગઢ, વાજપુર, સાદડવેલ વગેરે તાલુકાના કેટલાક ભાગ રાની છે. ત્યાં મોટાં જંગલો આવેલાં છે. આવાં જંગલો પણ દેશની આબાદીમાં વૃદ્ધિ કરે છે, જેથી તે સચવાઇ રહે તે માટે રાજ્યે અમુક ધારા ધોરણો ઠરાવી જંગલ ખાતાની સ્થાપના કરી છે. આવા જંગલથી રાજ્યને અનેક ફાયદા છે. વરસાદ આકર્ષાય છે, અને ઇમારતી લાકડાં, ઘાસ, લાખ, ગુંદર, મધ, વગેરે મોટા જથ્થામાં ચઇ શકે છે. ખાસ કરીને દુષ્કાળના પ્રસંગોમાં જંગલોનું ઘાસ ઘણું ઉપયોગી થઇ પડે છે. ૧૮૭૭ પહેલાં આપણા રાજ્યમાં જંગલો ઇજારાથી અપાતાં, પણ પછી આ પદ્ધતિથી ઝાડોનું રક્ષણ વગેરે બરોબર થવા ન લાગ્યું. તેથી

૧૮૯૪ માં આ સંબંધે કાયદો ઘડવામાં આવ્યો. આ કાયદાની રૂઇએ આ ખાતાનું કામકાજ ચાલે છે. આ ખાતાના અધિકારીની કચેરી વડોદરામાં છે, અને તેના વડાને કૉન્સરવેટર ઑફ ફોરેસ્ટસ (જંગલ ખાતાના અધિકારી) કહેવામાં આવે છે. આ અમલદારની મદદમાં બે આસિસ્ટંટ કૉન્સરવેટરો, અને બીજા નાની પાયરીના અમલદારો, જેવા કે રેન્જર વગેરે હોય છે. તેઓ જંગલ તરફના પ્રદેશોમાં (વ્યારા વગેરે સ્થળે) રહી જંગલ સુધારણાનું અને સાચવવાનું કામ કરે છે. જંગલમાં ઉપયોગી ઝાડોનો નાશ ન થાય અને જંગલી ઝાડોની (લાખ વગેરે) પેદાશ સારી થાય એ જોવાનું કામ આ ખાતાનું છે. જંગલનાં ઝાડ કાપનાર ગુન્હેગાર ગણાય છે, અને તેને કાયદા પ્રમાણે શિક્ષા થાય છે. જંગલવાળા પ્રદેશો તરફ વસવાટ કરવા માટે સરકાર લોકોને જમીન આપી ઉત્તેજન આપે છે, અને આ પ્રમાણે કાળી પરજના લોકોને જમીન આપી છે.

પ્રકરણ ૧૦ મું.

રક્ષણ.

૧. સૈન્ય.

પ્રથમ રાજ્યમાં પાગાઓ રાખવામાં આવતી, અને તેનો નિભાવ રાજ્ય અને રાજ્યના સરદારો તરફથી થતો. ગુજરાત પાગા એ પીલાજીરાવના વખતથી છે. ગુજરાતનો ઘણો ખરો ભાગ આ સૈન્યની મદદથી જીતવામાં આવ્યો

હતો; પણ પછીથી દક્ષિણમાંથી સૈન્ય આવતું બંધ થયું. અને અહીં કિલ્લાઓ, સરહદો, વગેરે સાચવવાની જરૂરીઆત જણાવા લાગી, ત્યારે આ કામ માટે આરબ, સિંધી અને મકરાણી લોકોને રાખી લેવામાં આવ્યા. આ પ્રકારના સૈન્યને સીબંદી કહેવામાં આવતું.

આ ઉપરાંત, એકાંડે શિલેદાર લોકોનું સૈન્ય રાખવામાં આવતું. તેઓ પોતપોતાના ઘોડા લાવતા, અને લડાઇમાં મદદ કરતા. આ સિવાય નાના પગાર ઉપર બારગીરો પણ રાખવામાં આવતા, અને તેઓ સિપાઇનું કામ કરતા. રાજ્ય તરફથી બંદુકો, તોપો રાખવામાં આવતી.

ઓગણીસમા સૈકાના મધ્ય સુધી, બ્રિટીશના સહાયકારી સૈન્ય સિવાય રાજ્યમાં શિક્ષિત (કવાયતી) લશ્કર નહોતું. મહારાજા સયાજીરાવ બીજાના વખતમાં થોડું કવાયતી પાયદળ સૈન્ય રાખવામાં આવ્યું હતું; પણ તેમની પછી તેમના બીજા દીકરા મરહુમ ખંડેરાવ મહારાજાના વખતમાં કવાયતી સૈન્યની બરાબર સ્થાપના થઇ, અને તેમાં યૂરોપીઅન અમલદારોની દેખરેખ નીચે પાયદળ, ઘોડેસ્વાર, તોપખાનું વગેરે રાખવાની યોજના કરવામાં આવી. આ સૈન્યની પુનર્ઘટના ઇ. સ. ૧૮૭૫, અને ઇ. સ. ૧૮૮૭ માં થઇ. હાલ આપણું સૈન્ય કવાયતી, અને બીનકવાયતી, એમ બે વિભાગમાં છે. આ ખાતાના વડાને **સેનાપતિ** કહેવામાં આવે છે. આ. અધિકારીના તાબામાં બીજા અમલદારો કૅપ્ટન, મેજર, ક્વાર્ટર માસ્તર વગેરે હોય છે, જે

જુદી જુદી શાખાઓમાં રહી પોતાના વડાને મદદ કરે છે. આ ખાતાનું ખર્ચ લગભગ એકવીસ લાખ રૂપીઆનું છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સૈન્યના બે વિભાગ છે:—

(૧) રેગ્યુલર (કવાયતી), (૨) ઇર્રેગ્યુલર (બીન કવાયતી).

આ બીજા પ્રકારના સૈન્યમાં આપણાં દેશી લશ્કર જેવાં કે સીલેદાર, સીબંદી, વગેરેનો સમાવેશ થાય છે.

સૈન્યમાં પાયદળ, ઘોડેસ્વાર, તોપો, લશ્કરી વાજાંવાળા માણસો, વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યની સોના ચાંદીની તોપો આ ખાતાનીજ દેખરેખ નીચે છે, અને તેનો રાજ્યમાંની જોવા લાયક વસ્તુઓમાં સમાવેશ થાય છે.

સૈન્યમાં શિક્ષણ આપવાનો પણ એક વર્ગ હોય છે, જેમાં નવા દાખલ થનાર ઇસમોને ઘોડા ઉપર બેસવાની, બંદુક ફોડવાની વગેરે ઉત્તમ તાલીમ આપવામાં આવે છે. ખોટી લડાઇઓ (sham fights) પણ લડાવવામાં આવે છે, જેથી દરેક સૈનિકને લડાઇનું પ્રત્યક્ષ શિક્ષણ મળે.

સૈન્યને રહેવા માટે સારાં સગવડવાળાં મકાનો બાંધવામાં આવ્યાં છે. અને ત્યાં બધાનો સમાવેશ થાય છે.

૨. પોલીસ ખાતું.

જેવી રીતે રાજ્યમાં બહારના શત્રુઓથી રક્ષણ કરવા માટે સૈન્ય રાખવામાં આવે છે, તેવી રીતે રાજ્યની અંદર પ્રજાની સહીસલામતી માટે પોલીસ રાખવામાં આવે છે. આપણા રાજ્યમાં પ્રથમ સૈન્ય અને પોલીસ વચ્ચે ઝાઝો

નક્કાવત નહોતો. ઇ. સ. ૧૮૭૮ પછી, હાલના આપણા શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાદીએ આવ્યા પછી હાલના પોલીસ ખાતાની નવીન પદ્ધતિએ રચના થઈ, અને ઇ. સ. ૧૮૮૧ માં પોલીસ ઍક્ટ ઘડવામાં આવ્યો.

આ ખાતાના વડાને **પોલીસ કમીશનર** કહેવામાં આવે છે, અને તે આખા રાજ્યની પોલીસ ઉપર દેખરેખ રાખે છે. આ ખાતાની કચેરી વડોદરામાં છે.

દરેક પ્રાંતમાં **પોલીસ નાયબસુબા** હોય છે, અને તેમની કચેરી પ્રાંતના મુખ્ય સ્થળે હોય છે. તેઓ પોલીસ કમીશનરને આધીન રહી, પ્રાંતના પોલીસ ખાતાનો કારોબાર ચલાવે છે. તેઓ તાલુકાના ફોજદારો, અને વિભાગના સરફોજદારો ઉપર દેખરેખ રાખે છે, અને પ્રાંતમાં મોટા ગુન્હા થયે સ્થળ ઉપર પોતે હાજર રહી તપાસ કરાવે છે. આ અમલદારને મદદ કરવા માટે એક મદદનીશ આપવામાં આવેલો હોય છે. પ્રાંતમાં નવા દાખલ થયેલા પોલીસ ઉમેદવારોને કવાયત વગેરે શિખવવા વર્ગ હોય છે, તે ઉપર પણ પોલિસ નાયબસુબાની દેખરેખ રહે છે. દરેક ઉમેદવારને અહીં શિક્ષણ આપ્યા પછી નોકરીના સ્થળે મોકલવામાં આવે છે.

પ્રાંતમાં પોલીસ નાયબ સુબાની કચેરીમાં હેડ ફોજદાર હોય છે જે પોલીસના કેસ અને હિસાબ વગેરેનું કામ કરે છે.

પ્રાંતના સ્થળે કેટલીક પોલીસ ખાસ રાખી મૂકવામાં આવે છે, જેમનો ઉપયોગ પ્રાંતમાં જ્યાં અચાનક જરૂર પડે

ત્યાં પ્રસંગોપાત કરવામાં આવે છે. આ સિવાય ઘોડેસ્વાર પોલીસ પણ હોય છે, જેમની મુખ્ય ફરજ સરહદ પર દેખરેખ રાખવાની અને લુંટ વગેરેના ગુન્હા પકડવાની છે.

પોલીસ નાયબસુબાના હાથ નીચે દરેક વિભાગમાં સરફોજદાર હોય છે. તેઓ પોતાના વિભાગમાં પોતાની ફરજો બજાવે છે. દરેક મહાલમાં ફોજદારની કચેરી હોય છે; ફોજદારો પોતાની સ્થળ સીમામાં બંદોબસ્ત રાખવાનું કામ કરે છે. આ અમલદારના તાબામાં ત્રણ ચાર નાયબ ફોજદારો હોય છે, જે પોતાના જથાના ગામડાઓમાં થાણામાં રહી બંદોબસ્તનું કામ કરે છે. આ ઉપરાંત જમાદાર, હવાલદાર, સિપાઇ વગેરે ઉપરના અમલદારોને આધીન રહી પોતાની ફરજો બજાવે છે. દરેક નાના ગામમાં ચોકીઆત રાખેલા હોય છે. તે પોતાના ગામ માટે પોલીસ પટેલને આધીન રહી બંદોબસ્તનું કામ કરે છે.

૩. રેલ્વે પોલીસ, અને જળ પોલીસઃ—

આ ઉપરાંત રેલ્વે પોલીસ અને જળ પોલીસ હોય છે.

રેલ્વે પોલીસ જે તે પ્રાંતના પોલીસ નાયબસુબાના તાબામાં રહી રાજ્યની હદમાં આવેલી રેલ્વે લાઇન ઉપર રહી મુસાફરોની સંભાળ રાખવાનું કામ કરે છે. જળ પોલીસ કોડીનાર અને ઓખામંડળમાં છે, અને તે દરિયા માર્ગે વહાણમાં આવતા જતા માલ વગેરનું અને દરીયાકિનારાનું સંરક્ષણ કરે છે.

૪. છુપી (ગુપ્ત) પોલીસ.

આ ઉપરાંત ગુપ્ત પોલીસ (સી. આઇ. ડી.) એ

પોલીસ ખાતાની શાખા છે, અને તે છુપી રીતે ગુન્હા પકડવાનું કામ કરતી હોવાથી તેને છુપી પોલીસ કહેવામાં આવે છે. આ ખાતાની કચેરી વડોદરામાં છે, અને જ્યાં જ્યાં મહત્ત્વના ગુન્હા જે સામાન્ય પોલીસથી જલદી ન પકડી શકાય, તેમનો છુપી રીતે તપાસ કરી પત્તો લગાડી આપે છે. આ શાખાના મુખ્ય અમલદારને **ચીફ ડીટેક-ટીવ ઑફીસર** કહેવામાં આવે છે, અને તેના હાથ નીચે એક સરફોજદાર. ત્રણ ફોજદાર, પાંચ નાયબ ફોજદાર, અને દશ સિપાઇ હોય છે આ પોલીસ બીજા રાજ્યની પોલીસને પણ જરૂરી વખતે મદદ કરે છે.

૫. ફીંગર પ્રીંટ બ્યુરો.

છુપી પોલીસ ખાતાની આ એક શાખા છે, અને તે ગુન્હેગારો, અને શકમંદ માણસોની આંગળીઓની છાપો લેવાનું કામ કરે છે. આથી ગુન્હા પકડવાનું કામ સહેલાઇથી થાય છે.

૬. જેલ.

જુના વખતમાં તુરંગની વ્યવસ્થા હાલના જેવી ન હતી. બધા કેદીઓને એક ઠેકાણે રાખવામાં આવતા. કામ વગેરે કરાવી લેવાની હાલના જેવી તજવીજ ન હતી. કેદીઓના ખોરાકી ખર્ચ માટે કેદીઓની મિલકતમાંથી અગર તેમના સગાઓ પાસેથી વસુલ કરવામાં આવતું.

નવી કારકીર્દિમાં તુરંગને માટે મકાનો બંધાયાં અને કેદીઓની ખોરાકી, મજુરી બદલ નિયમો થયા; કેદીઓની તંદુરસ્તી પાછળ પણ લક્ષ અપાવા લાગ્યું. રોગથી પીડાતા

કેદીઓને અલગ રાખવાની અને તેમને દવા વગેરે આપ-વાની વ્યવસ્થા થઇ. સ્રી કેદીઓને અલગ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી. કેદીઓને હુન્નર ઉદ્યોગ વગેરે શીખવવાનું શરૂ થયું.

વડોદરામાં એક મુખ્ય જેલ છે, તેને સેન્ટ્રલ જેલ કહેવામાં આવે છે. આ જેલ સને ૧૮૮૧ માં પંજાબની સુરંગની પદ્ધતિએ બાંધવામાં આવ્યો છે. તેમાં કેદીઓને રહેવાના, કામ કરવાના વગેરે જુદા જુદા ઓરડાઓ બાંધ-વામાં આવ્યા છે. આ જેલમાં રોગી કેદીઓની સારવાર માટે એક દવાખાનું કાઢવામાં આવ્યું છે. કેદીઓને વણાટનું તથા નેતર વગેરેનું કામ શીખવવામાં આવે છે. સ્રી કેદીઓને માટે ખાસ ઈલાયદી ગોઠવણ કરવામાં આવી છે.

દરેક પ્રાંતના મુખ્ય સ્થળે ડીસ્ટ્રીક્ટ જેલ હોય છે. જેલમાં કેદીઓને જુદી જુદી જાતના ધંધા શીખવવામાં આવે છે, અને તેઓ સન્માર્ગે ચઢે તેવું નૈતિક શિક્ષણ આપવામાં આવે છે. જેલમાં કેદીઓને રાખવાની જગા ઘણી સ્વચ્છ હોય છે. દરેક તાલુકાના સ્થળે લૉકપ હોય છે. રાજ્યમાં આવાં ૩૮ લૉકપ છે.

પ્રથમ જેલ ઉપર પોલીસ કમીશનરની દેખરેખ રહેતી, પણ હાલમાં આ કામ સરસુબાને સોંપવામાં આવ્યું છે, અને આ કામ બદલ તેમનો હોદ્દો **ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પ્રીઝન્સ** (કારાધ્યક્ષ) છે. ડીસ્ટ્રીક્ટ જેલ ઉપર જે તે સ્થળના મેડીકલ ઑફીસરની દેખરેખ હોય છે, અને દરેક મહાલના લૉકપ જે તે સ્થળના વહીવટદારના કબજામાં

હોય છે. જેલ ઉપર દેખરેખ રાખવા માટે જેલર, વૉર્ડર વગેરે બીજા નોકરો હોય છે.

૭. બંદોબસ્તી શાખા.

આ શાખા સરસુબાના હસ્તક હોય છે અને તેમનું કામ સુલેહશાંતિ જાળવવાનું છે. પ્રાંતમાં, વિભાગમાં, અને મહાલમાં આ કામ અનુક્રમે સુબા, નાયબસુબા, વહીવટદાર અગર મહાલકરી, અને અવલકારકુન પોતાની હદમાં અનુક્રમે ફર્સ્ટ કલાસ, સેકંડ કલાસ અને થર્ડ કલાસના અધિકારથી કરે છે. આ શાખા પોલીસ ખાતાના સહકારથી બંદોબસ્તનું કામ ઉત્તમ રીતે કરે છે. આ શાખાએ દર મહિને પોતાના કારોબારનો અહેવાલ હુજુર મધ્યવર્તી કચેરી તરફ મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે.

પ્રકરણ ૧૧ મું.

તંદુરસ્તી ખાતું.

અ દવાખાતું.

૧. સ્ટેટ જનરલ હૉસ્પીટલ.

પ્રજાની તંદુરસ્તી જળવાઈ, સૌ શરીરે સુખી રહે તેટલા સારૂ દવાખાનાની સ્થાપના કરવામાં આવી છે. તંદુરસ્ત પ્રજા એ રાજ્યની આબાદીનું ચિન્હ છે. પ્રજા પૈકી કોઇ રોગથી પીડાતું હોય તો તેને દવા અને સારવાર કરવામાં આવે તો લાભ થાય છે, અને રોગનો ફેલાવો થતો અટકે છે.

પ્રથમના વખતમાં હાલના જેવી દવાખાનાંની યોજના ન હતી. રાજા અને રૈયતને જરૂર પડે ખાનગી હકીમો તથા વૈદ્યોની દવા કરાવવામાં આવતી. સને ૧૮૫૫ માં વડોદરામાં શ્રીમંત ખંડેરાવ મહારાજાના વખતમાં પાશ્ચિમાત્ય પદ્ધતિનું એક દવાખાનું સ્થાપવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીમંત મલ્હારરાવ મહારાજે અમરેલીમાં પોતાના નામનું એક દવાખાનું ઉઘાડયું હતું. ત્યાર પછી હાલના શ્રીમંત સયાજીરાવ મહારાજાના વખતમાંજ દવાખાનાની મોટા પ્રમાણ ઉપર પ્રગતિ થઇ છે.

વડોદરામાં એક મોટું દવાખાનુ છે. આ દવાખાનું હિંદના માજી વાઇસરૉય લૉર્ડ ડફરીનની પત્નીના મુબારક હસ્તે સને ૧૮૮૬ માં ઉઘાડવામાં આવ્યું હતું, અને તેથી તે કાઉન્ટેસ ઑફ ડફરીન હૉસ્પીટલના નામથી પ્રખ્યાત છે.

આ દવાખાનાની જરૂરીઆત દીન પ્રતિદિન વધવાથી આના કરતાં મોટું અને વધારે સગવડવાળું દવાખાનું બંધાવવાની જરૂર જણાયાથી આ દવાખાનાની નજીક એક મોટું આધુનિક સવડવાળું દવાખાનું બાંધી સને ૧૯૧૭ માં મુંબઇના ગવર્નર લૉર્ડ વિલિંગડનના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જે હાલ સ્ટેટ જનરલ હૉસ્પીટલના નામથી ઓળખાય છે. ત્યાં દર્દીઓને રાખવા માટેની સવડ છે, અને ઑપરેશન તથા બીજા રોગો માટે દવા કરવામાં આવે છે. આ દવાખાનાનું કામ આ ખાતાના વડા ચીફ મેડીકલ ઑફીસર અને પ્રિન્સિપલ મેડીકલ ઑફીસરની દેખરેખ નીચે મેડીકલ ઑફીસરો, સી ડૉક્ટરો અને નર્સો

કરે છે. આ દવાખાનાના અંગે એક કેમિકલ લેબોરેટરી (જ્યાં ઝેરો, દવાઓ, પાણી વગેરે જુદા પાડી તપાસવાનું કામ થાય છે), એક્સરેઝ ડીપાર્ટમેન્ટ (જ્યાં શરીરની અંદરના ભાગના દરદો તપાસવાના હેતુથી ફોટો લેવામાં આવે છે), અને સ્ટોર ખાતું કે જ્યાં આખા રાજ્યનાં દવાખાનાંને દવા પુરી પાડવાનો દવાનો જથો હોય છે. આ ઉપરાંત બૅાકટેરિયૉલૉજીકલ અને પૅથૉલૉજીકલ લેબોરેટરી છે અને ત્યાં દરદીઓના લોહી, ગળફા, વગેરેની પરીક્ષા કરી રોગોનું નિદાન કરવામાં આવે છે. આ દરેક શાખામાં જુદા જુદા મેડીકલ ઑફીસરો કામ કરે છે.

૨. ચીફ મેડીકલ ઑફીસર.

આ અમલદાર ડફરીન હૉસ્પીટલમાં ઑપરેશન અને દવા વગેરેનું કામ કરવા ઉપરાંત આખા ખાતાનું કારોબારી કામ કરે છે. ફેરણી દર્મિયાન રાજ્યનાં દવાખાનાંની મુલાકાત લઇ યોગ્ય સૂચનાઓ આપે છે. આ કામમાં મદદ કરવા માટે તેમને એક ડેપ્યુટી ચીફ મેડીકલ ઑફીસર આપવામાં આવેલા છે.

૩. મેડીકલ ઑફીસરો.

આખા રાજ્યમાં મોટાં નાનાં દવાખાનાં મળી કુલ ૯૧ દવાખાનાં છે, અને તેમાં પાશ્ચાત્ય પદ્ધતિએ દવા આપવાનું કામ ચાલે છે. સામાન્ય રીતે મોટાં દવાખાનાં પ્રાંતના મોટાં સ્થળે હોય છે, અને તે ઉપર મુંબઇ મેડીકલ કૉલેજની ડીગ્રી મેળવેલા મેડીકલ ઑફીસરો કામ કરે છે.

૪. સબ આસિસ્ટંટ સરજન.

નાનાં દવાખાનાં કસ્બાના સ્થળે અને બીજાં મોટાં ગામે હોય છે, અને ત્યાં અમદાવાદ, પુનાં વગેરે સ્થળે મેડીકલ સ્કુલમાં પાસ થએલા સબ આસિસ્ટંટ સરજન કામ કરે છે. આ બધા અમલદારો રોગીને તપાસી, દવા લખી આપવાનું કામ કરે છે, અને તેમના હાથ નીચેના કમ્પાઉન્ડરો દવા આપવાનું કામ કરે છે.

૫. ખાસ દવાખાનાં.

ઉપરાંત ઘણેખરે સ્થળે મીડવાઈફો પણ રાખવામાં આવી છે, જે સ્ત્રી દરદીઓને કિંમતી મદદ કરે છે. આ દવાખાનાં ઉપરાંત વડોદરા જેવા સ્થળે, સૈન્યમાં ખાસ મિલિટરી દવાખાનાં રાખવામાં આવ્યાં છે. શ્રીમંત મહારાજા સાહેબ માટે રાજમહેલમાં એક ખાસ દવાખાનું હોય છે. આ ઉપરાંત રક્તપિતીયાં અને ઉન્મત્ત માટેનાં દવાખાનાં અનુક્રમે સિનોર પાસે અનસુયા અને વડોદરા શહેરમાં છે. હડખાયા કુતરા માટેનો ઉપચાર કરવા માટે પણ વડોદરામાં યોજના કરવામાં આવી છે.

૬. પ્રસૂતિગૃહો.

રાજ્યમાં કેટલેક સ્થળે પ્રસૂતિગૃહો ઉઘાડવામાં આવેલાં છે, જ્યાં સારી કેળવાએલી સ્ત્રી ડાક્ટરો અને પરિચારીકાઓ રાખી સુવાવડનું કામ કંઇ બદલો લીધા સિવાય કરાવવામાં આવે છે. હાલ આવાં પ્રસૂતિગૃહો વડોદરામાં ૨, અને પાટણ, વિસનગર, પેટલાદ વગેરે સ્થળે છે. વડોદરામાં દાઇઓ તૈયાર કરવા માટે એક વર્ગ રાખવામાં આવે છે.

૭. આયુર્વેદિક પાઠશાળા.

હાલના જમાનામાં કેટલાક લોકોની વૃત્તિ દેશી દવા તરફ વળી છે, અને કેટલાક રોગો દેશી ઉપચારથી તદન નાબુદ થાય છે એવી લોકોની માન્યતા થતી જાય છે. આપણી પ્રાચીન આયુર્વેદ પદ્ધતિએ પાશ્ચાત્ય લોકોનું પણ ધ્યાન આકર્ષ્યું છે, અને કેટલાક આ પદ્ધતિએ દવા આપવાનું પસંદ કરે છે. આપણી પ્રાચીન આયુર્વેદ પદ્ધતિ ફરી સજીવન કરવાના ઉચ્ચ આશયથી આપણા શ્રીમંત મહારાજા સાહેબે આ દિશામાં ઉત્તેજન આપવાનું ઠરાવી જુની પદ્ધતિએ વૈદ્યો તૈયાર કરવાની યોજના ઘડી છે. વૈદ્યો તૈયાર કરવા માટે રાજ્યમાં કડી પ્રાંતમાં આવેલા પાટણમાં ત્યાંના એક ઉદાર શહેરી મર્હુમ શેઠ ઉજમશી પિતાંબરની મોટી સખાવતથી સરકારે એક આયુર્વેદિક પાઠશાળા ઉઘાડી છે. ત્યાં વિદ્યાર્થીઓને ચાર વરસ રાખી દેશી અને પાશ્ચાત્ય પદ્ધતિએ શિક્ષણ આપવામાં આવે છે. આમાંથી તાલીમ લઇ નીકળેલા વૈદ્યોને રાજ્યમાં ધીમે ધીમે મોટાં ગામડાઓમાં મુકી આયુર્વેદને ઉત્તેજન આપવાનું સ્તુત્ય પગલું શરૂ થયું છે. ધીમે ધીમે આનો વિશેષ પ્રચાર થશે. હાલ રાજ્યમાં આવાં ચાર દવાખાનાં છે. યુનાની પદ્ધતિએ દવા આપવા સારૂ વડોદરામાં વાડી દવાખાનામાં એક હકીમ પણ રાખવામાં આવેલ છે.

લોકોને તંદુરસ્ત રહેવાનું શિક્ષણ આપવા માટે દવાખાતાના અમલદારો મારફત નરસિંગ (દરદીની સારવાર), હોમ હાઈજીન (ગૃહ આરોગ્યશાસ્ત્ર), એમ્બ્યુલન્સ (અકસ્માત

અને તેના તાત્કાલિક ઉપાય) વગેરે વિષે ભાષણો આપવાની યોજના થએલી છે. તેનો રૈયત વર્ગના લોકો, વિદ્યાર્થીઓ, સરકારી નોકરો વગેરે લાભ લે છે. આ વિષયોની પરીક્ષાઓ રાખવામાં આવે છે, અને તેમાં પાસ થનારને પ્રમાણપત્રો આપવામાં આવે છે.

(ઘ) આરોગ્ય (રક્ષણ ખાતું.)

૩. ખાતાનું બંધારણ અને ફરજો.

પ્રજાની તંદુરસ્તી, અને આરોગ્ય સાચવવા ખાતર ખાસ આ ખાતાની સ્થાપના છે. આ ખાતાના વડાને આરોગ્યરક્ષણ અધિકારી અગર **સૅનીટરી કમીશનર** કહેવામાં આવે છે. આ ખાતાની મુખ્ય કચેરી વડોદરામાં છે, અને તેમના તાબામાં દરેક પ્રાંત માટે સૅનીટરી ઇન્સ્પેકટરો હોય છે. આ ખાતાની ફરજો નીચે પ્રમાણે હોય છે.

(૧) આરોગ્યતા સંબંધમાં રાજ્યની સુધરાઈ અને વિશિષ્ઠ પંચાયતો ઉપર દેખરેખ રાખી યોગ્ય સલાહ આપવી, અને આરોગ્ય રક્ષણનાં કામો તપાસવાં.

(૨) જન્મ મૃત્યુના આંકડા એકત્ર કરી પ્રસિદ્ધ કરવા.

(૩) શીતળા ટંકાવવા તજવીજ રાખવી. આ કામ માટે ખાસ તાલીમ લીધેલા વૅક્સિનેટરો તાલુકામાં રાખવામાં આવે છે.

(૪) આરોગ્ય પ્રદર્શનો ભરવાં, ભાષણોદ્વારા લોકોને બોધ આપવો; ચલતચિત્રપટ વગેરેદ્વારા લોકોને પ્રત્યક્ષ દશ્યો બતાવવાં, બાળસમેલનો ભરી

તંદુરસ્ત બાળકો ઉછેરવા લોકોને બોધ કરવો, અને ઉત્તેજન આપવું.

(૫) યંત્રો વડે ઉષ્ણુના, શિતળના, વરસાદ વગેરેના માપ લેવાં અને પ્રસિદ્ધ કરવાં. આ કામ વડોદરામાં બરોડા કોલેજના અંગની વેધશાળામાં થાય છે, અને આ સંસ્થા હિંદમાં બીજા વર્ગની ગણાય છે. આ ઉપરાંત શાળામાં ભણતાં બાળકોની શારીરિક તપાસ આ ખાતા તરફથી થાય છે.

ટુંકામાં પ્રજાની તંદુરસ્તી સચવાય એવા દરેક પ્રયત્ન આ ખાતા તરફથી થાય છે. આવા ખાતા જોડે પ્રજાનો સહકાર થાય તોજ સોએ સો ટકા ફતેહ મળવાનો સંભવ છે.

પ્રકરણ ૧૨ મું.

જાહેર બાંધકામ ખાતું.

(અ) બાંધકામ ખાતું.

૧. બંધારણુ અને ફરજો.

વડોદરા રાજ્ય, અને મુખ્યત્વે વડોદરા, એ સરકારી સુંદર ઇમારતો, અને રસ્તાઓ માટે પ્રખ્યાત છે. વડોદરામાં તેમજ રાજ્યમાં જે જે સરકારી મકાનો, બંગલાઓ, કચેરીઓ, શાળાઓ વગેરે બંધાય છે, તે હવા અજવાળાની સામાન્ય સવડ ઉપરાંત ઘાટ, નકશી વગેરે કળાની દૃષ્ટિએ મોહક

હોય છે. આ કામ અને તે સિવાય બીજાં નીચે જણાવેલાં બાંધકામો માટે જાહેર બાંધકામ ખાતું સ્થાપવામાં આવ્યું છે.

પ્રથમ હાલના જેવું સ્વતંત્ર ઇજનેર ખાતું નહતું. શ્રીમંત ગણપતરાવ મહારાજાના વખતમાં વડોદરા શહેરમાં થનારા બાંધકામ માટે ખાનગી ખાતાના તાબામાં ‘ કાર-ખાનું ’ નામની સંસ્થા રાખવામાં આવી હતી. આ કાર-ખાના મારફતે વડોદરાની જુની ઇમારતો બાંધવામાં આવી છે. તે વખતે કામોનાં પ્લાન, એસ્ટીમેટ થતાં નહીં. કારી-ગરો કાગળ ઉપર નમુનો કરી આપતા અને તે ઉપરથી જરૂર પ્રમાણે ફેરફાર કરી કામો કરાવવામાં આવતાં.

હાલના ઇજનેર ખાતાની સ્થાપના સને ૧૮૭૬ માં થઈ. આ ખાતાના મુખ્ય અધિકારી સ્ટેટ ઈજીનીયરના નામથી ઓળખાતા. તેમના તાબામાં પ્રાંતોમાં સબ ઈજી-નીયર નામના અમલદારો રાખવામાં આવ્યા હતા. ત્યાર પછી ૧૮૯૧ માં આ ખાતાની રચનામાં ફેરફાર કરવામાં આવ્યો. સ્ટેટ ઈજીનીયરને બદલે ચીફ ઈજીનીયર અને સબ ઇજીનીયરને બદલે એકઝીકયુટીવ ઇજીનીયરના હોદ્દા ઠરાવવામાં આવ્યા. સને ૧૮૯૮–૯૯ માં પબ્લીક વર્કસ કોડ તૈયાર કરવામાં આવ્યો અને તે મુજબ કામકાજ કરવાનું ઠરાવ્યું.

આ ખાતાની મુખ્ય કચેરી વડોદરામાં છે. આ ખાતાના ઉપરીને ચીફ ઈજીનીયર, કહેવામાં આવે છે.

તેમની કચેરીમાં બીજા બે અમલદારો રાખવામાં આવેલા છે. ૧ સુપ્રિન્ટેન્ડિંગ ઇજીનીયર, જે રાજ્યના ઇરી

ગેશનના કામો પર દેખરેખ રાખવાનું તથા નવીન યોજનાઓ કરવાનું કામ કરે છે. ર સ્ટેટ આર્કીટેક્ટ, જે રાજ્યના સુશોભિત મકાનોની મરામત વગેરે પર દેખરેખ રાખે છે.

કામ અને સ્થળના પ્રમાણમાં આ ખાતાના સાત વિભાગ પાડવામાં આવ્યા છે. (૧) રાજમહેલ, (૨) બાગીચા, (૩) શહેર (વડોદરા) વિભાગ, (૪) કડી પ્રાંત, (૫) વડોદરા પ્રાંત, (૬) નવસારી પ્રાંત, અને (૭) અમરેલી પ્રાંત. આ દરેક વિભાગ ઉપર **એકઝીક્યુટીવ ઈજીનીઅર હોય છે.** એકઝીક્યુટિવ ઈજીનિઅરના તાબામાં દરેક નાના વિભાગ માટે **સબડિવિઝનલ ઑફીસર** હોય છે, અને તે પોતાના પ્રદેશનાં બાંધકામો ઉપર દેખરેખ રાખે છે. આ અમલદારોની કચેરીઓ પ્રાંત અને વિભાગના મુખ્ય સ્થળે હોય છે. આવાં સરકારી કામો ઘણું કરીને આ ખાતાએ ઠરાવેલા કંટ્રાકટરો મારફત થાય છે. ચીફ ઈજીનિઅર, રાજ્યમાં ફરી ચાલતાં કામ ઉપર દેખરેખ રાખે છે, અને સલાહ આપે છે.

આ ખાતાનાં કામો નીચે પ્રમાણે હોય છે.

(૧) દર વર્ષના બજેટને અનુસરીને રાજ્યમાં મકાનો બાંધવાનું, જુનાં મકાનો દુરસ્ત કરવાનું, અને પ્રાચીન કામો સમરાવવાનું છે.

(૨) વડોદરામાં બાગબગીચા સારી હાલતમાં રાખવાનું, વડોદરાના પ્રખ્યાત કમાટીબાગની વ્યવસ્થા કરવાનું, વેપારને અનુકુળ પડે અને

શોભામાં વધારો કરે તેવા રસ્તાઓ બનાવવાનું, વગેરે.

(૩) નહેરો અને કાંસ વગેરે ખોદાવી પાણી પુરૂં પાડવાનું.

(૪) પીવાના પાણી માટે વૉટરવર્ક્સ, બોરિંગ વગેરે માટે યોજનાઓ કરી કામો કરાવવાનું.

આ ઉપરાંત, આ ખાતું દેવસ્થાન અને પંચાયત શાખાને ઇમારતી કામમાં એસ્ટિમેટો વગેરે બનાવી આપવાનું અને સલાહ આપવાનું કામ કરે છે.

(ચ) રેલ્વે.

હિંદના જુદા જુદા ભાગોમાં રેલ્વે થવાથી વેપાર અને મુસાફરી તથા રાજ્યકારભારમાં ઘણી સરળતા થઇ છે. આવી રેલ્વે રાજ્ય તરફથી હોય તો પ્રજાને જ્યાં જ્યાં સવડ પડે ત્યાં ત્યાં રેલ્વે કરી શકાય એ ઉદ્દેશથી આ રાજ્યમાં પણ રાજ્યની પોતાની રેલ્વે છે. આ રેલ્વે સંબંધી કામકાજ માટે રેલ્વે ખાતાની સ્થાપના કરવામાં આવી છે.

સન ૧૯૦૮ પહેલાં આ રાજ્યની રેલ્વે સંબંધી તમામ કામ રાજ્યના પબ્લીક વર્ક્સ ખાતા તરફથી થતું હતું, અને રેલ્વે લાઇન પરનો સઘળો વહીવટ બી. બી. સી. આઇ. રેલ્વેને સોંપવામાં આવ્યો હતો. ધીમે ધીમે રાજ્યમાં જેમ જેમ રેલ્વેની જરૂરીઆત વધવા લાગી તેમ તેમ રેલ્વે માટે સ્વતંત્ર ઇજનેર નીમવાની જરૂર જણાઇ,

તેથી સને ૧૯૦૮ માં રાજ્યનું રેલ્વે ખાતું ઉઘાડવામાં આવ્યું. ત્યારબાદ રાજ્યે પોતે રેલ્વે બાંધવાનું શરૂ કર્યું, અને રાજ્યે પોતાની રેલ્વેનો વહીવટ કરવો એવું ઠરાવવામાં આવ્યું. આ ઉપરથી વડોદરામાં ગોયાગેટ સ્ટેશન નજીક એક વર્કશૉપ ઉઘાડવામાં આવેલું છે.

આ ખાતાની મુખ્ય કચેરી અને રેલ્વેને લગતું વર્કશૉપ વડોદરામાં છે, અને તેના ઉપર **ઈજીનિઅર ઈન ચિફ** નામના અમલદારની દેખરેખ રહે છે. આ ખાતાની મુખ્ય ચાર શાખાઓ છે, અને તે દરેક ઉપર મોટા પગારના જુદા જુદા અમલદારો છે.

૧. ઇજીનિઆરિંગ શાખા.

આ શાખા ઉપર એક **એક્ઝીક્યુટિવ ઇજીનિયર** હોય છે, અને તે રાજ્યમાં થતી નવી રેલ્વેના કામ ઉપર દેખરેખ રાખે છે. આ અમલદારની મદદમાં કામની મગદુર પ્રમાણે બે અગર ત્રણ **આસિસ્ટંટ ઇજીનિયરો** હોય છે. તેઓ પ્રત્યક્ષ સ્થળ ઉપર રહી તેમના હાથ નીચેના **ઓવરસીઅરોની** મદદથી નવીન લાઇન બાંધવાનું કામ કરે છે. આવાં કામો સરકાર પોતે કચ્ચા ખર્ચથી ન કરતાં સરકારે ઠરાવેલા કંટ્રાકટરો મારફત કરાવવામાં આવે છે.

૨. ટ્રાફિક ડિપાર્ટમેન્ટ.

આ ખાતા ઉપર **ટ્રાફિક સુપ્રિન્ટેન્ડેન્ટ** નામના અમલદારની દેખરેખ રહે છે, અને તે પોતાના તાબાના આસિસ્ટંટ ટ્રાફિક સુપ્રિન્ટેન્ડેન્ટની મદદથી તાબાની રેલ્વેગાડીઓનો વખત, સ્ટેશનનો ટ્રાફિક, તાબાના માણસોનો કારોબાર,

ઉતારૂઓ માટે કરવી જોઇતી સવડો અને ગાડીના ભાડાના દર, વગેરેનું તમામ કામ કરે છે.

૩. લોકોમોટીવ ડિપાર્ટમેન્ટ.

આ શાખા ખાતાના વડા જે તે મેકેનીકલ ઇજીનિઅર હોય તો તેની દેખરેખ નીચે **લોકોમોટિવ અને કેરેજ સુપ્રિન્ટેન્ડેન્ટની** મદદથી વર્કશૉપમાં ડબા, એન્જીન, અને રેલ્વેને લગતો પરચુરણ ઉપયોગી સામાન તૈયાર કરે છે.

૪. સ્ટોર ડિપાર્ટમેન્ટ.

રેલ્વેસ્ટેશનો વગેરેને લગતા તમામ સામાનનો એક સ્ટોર રાખવામાં આવ્યો છે. તેના ઉપરી અધિકારીને **સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ** કહેવામાં આવે છે.

રેલ્વે ખાતાના કામકાજ અને કારોબાર ઉપર દેખરેખ રાખવા ઉપરાંત પોતાની પ્રજાનું હિત સચવાય છે કે નહીં તે જોવા શ્રીમંત મહારાજા સાહેબના ફરમાન અનુસાર એક મંડળ સ્થાપવામાં આવ્યું છે. તે પાંચ સરકારી અમલદારો અને તેટલાજ રૈયત વર્ગના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું બનેલું છે, અને તે વખતો વખત મળી યોગ્ય સલાહ અને સૂચના આપે છે.

૫. વિદ્યુત્ ખાતું.

આ ખાતાના વડાની દેખરેખ નીચે વિદ્યુત્ ખાતું છે, જે આખા (વડોદરા) શહેરને દીવા વગેરે માટે વિદ્યુત્ શક્તિ પુરી પાડવાનું કામ કરે છે. આ ઉપરાંત આ ખાતું

ટેલીફોનની પણ વ્યવસ્થા ઉપર દેખરેખ રાખે છે. વિદ્યુત્‌શક્તિ ઉત્પન્ન કરવા માટે વડોદરામાં એક કારખાનું છે, અને તે ઉપર આ ખાતાના અમલદાર ઇલેક્ટ્રીક ઇજીનિઅરની દેખરેખ હોય છે.

૬. વડોદરા રાજ્યની રેલ્વેનો વિસ્તાર.

હાલ આપણા રાજ્યમાં નીચે પ્રમાણે રેલ્વેનો વિસ્તાર છે. આ બધી રેલ્વે રાજ્યના ખર્ચે બંધાવવામાં આવી છે, પણ અનુકુળતા ખાતર કેટલીક રેલ્વેનો વહિવટ બીજાં દેશી રાજ્ય, અને બી. બી. સી. આઇ હસ્તક સોંપવામાં આવ્યો છે. આપણા રાજ્યની રેલ્વે હાલ લગભગ ૬૯૫ માઇલ છે.

૧. બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે તરફથી ચલાવવામાં આવતી આપણી રેલ્વે:—

(અ) બ્રૉડ ગેજ. ૨૧. ૪૨ માઇલ.

(૧) પેટલાદ–ખંભાત રેલ્વે (આણંદ તારાપુર સેકશન.)

(બ) મીટર ગેજ. ૨૩૦. ૨૫ માઇલ.

(૩) વીરમગામ-તારંગા હીલ્સ.

(૨) મહેસાણા–કાકોશી.

(૩) મણુંદરોડ–હારીજ.

(૪) ચાણસ્મા–વિજાપુર–આમલીયાસણ.

૨. રાજ્ય તરફથી ચલાવવામાં આવતી રેલ્વે:–

નૅરો ગેજ. ૩૬૮. ૯૦ માઇલ.

(૧) જંબુસર- ડભોઇ–ચાણોદ.

(૨) ડભોઇ–ટીંબા.

(૩) ડભોઇ–છોટાઉદેપુર.

(૪) મીયાંગામ–ડભોઇ

(૫) મીયાંગામ–માલસર.

(૬) ચોરંદા–કોરલ.

(૭) મોતીપુરા–ટંખલા.

(૮) બીલીમોરા–કાલાઆંબા.

(૯) કોસંબા–જંખવાવ.

(૧૦) પેટલાદ–ભાદરણ.

૩. ગોંડલ રાજ્ય તરફથી ચલાવવામાં આવતી આપણી રેલ્વે:—૩૭. ૨૨ માઇલ.

મીટર ગેજ.

(૧) ખીજડીયા–ધારી.

૪. જામનગર દ્વારકા રેલ્વે કંપની તરફથી ચલાવવામાં આવતી આપણી રેલ્વે:–૩૭. ૨૧ માઇલ.

મીટર ગેજ.

(૧) કુરંગા–સચાણી પીઅર.

પ્રકરણ ૧૩ મું.

ખાનગી ખાતું.

૬૦ બંધારણ, ફરજો વગેરે.

આ ખાતાના નામ ઉપરથીજ જણાશે કે આ તદ્દન ખાનગી સ્વરૂપનું ખાતું છે, અને તે ખાસ શ્રીમંત મહારાજા સાહેબ અને તેમના કુટુંબની અને રાજ્યપરોણાઓની ખાનગી

વ્યવસ્થા રાખવા માટે છે. આ ખાતાના ઉપરીને ખાનગી કારભારી કહેવામાં આવે છે, અને તેમની મદદમાં નાયબ ખાનગી કારભારી, ચિટણીસો, સ્વારી કામદાર, વગેરે અમલદારો હોય છે. આ ખાતાની અનેક શાખાઓ છે, અને તેમાં જુદા જુદા પ્રકારની વ્યવસ્થાનાં કામો થાય છે.

આ ખાતાની મુખ્ય કચેરી વડોદરામાં છે, અને તેને અંગે જુદી જુદી શાખાનાં કારખાનાંઓ અનુકુળ સ્થળે છે. દરેક કારખાના ઉપર એક એક કામદાર હોય છે, અને તે બધા ખાનગી કારભારીને આધીન રહી કામો કરે છે. આ કચેરીમાં મુખ્ય ચિટણીસી શાખા ઉપરાંત પીલખાના, ફરાશખાના, કલાવંત, જવાહિર શાખા, બગીખાના, ગરાજ, પાકગૃહ, સ્વારી વગેરે આ ખાતાની શાખાઓ છે. આ કારખાનાની વસ્તુઓ, જેવી કે મંડપનો સામાન, હાથી, ઘોડા, વગેરે જે ખાસ શ્રીમંત મહારાજાની વાપરવાની હોય છે, છતાં આ બધી વસ્તુઓનો ઉપભોગ લગ્ન વગેરે પ્રસંગ માટે પ્રજાને પણ કરવા દેવામાં આવે છે. શ્રીમંત મહારાજા સાહેબના રહેવાના મહેલો પણ તેમની ગેરહાજરીમાં પ્રજાને જોવા માટે ખુલ્લા હોય છે. જવાહિરખાના જેવી કિમતિ વસ્તુઓનો ભંડાર પણ પ્રજાને જોવાની છુટ છે. આ શ્રીમંતની કેટલી બધી ઉદારતા બનાવી આપે છે.

આ ઉપરાંત જાહેર બાંધકામ ખાતું, દવાખાતું, હિસાબીખાતું, ન્યાયમંત્રી અને રેલ્વે ખાતાની ખાસ ખાનગી ખાતા માટે શાખાઓ છે અને તે દરેક શ્રીમંત મહારાજા સાહેબ અને તેમના કુટુંબના માટે પોતાની શાખાની

ફરજો અદા કરે છે. જાહેર બાંધકામ ખાતાના બાગ સુપરીન્ટેન્ડેન્ટ તથા રાજમહેલ એકઝીક્યુટીવ ઇંજીનીયર, બાગ અને રાજમહેલના મકાનોની વ્યવસ્થા પર દેખરેખ રાખે છે. દવાખાતામાંથી પેલેસ ફિજીશીયનની દેખરેખ નીચે, રાજમહેલમાં એક દવાખાનું છે, જે વૈદ્યકીય સલાહ આપે છે. હિસાબી ખાતાની શાખા ચીફ એકાઉન્ટન્ટ અને ઑડીટરની દેખરેખ નીચે ખાનગી ખાતાના હિસાબ વગેરે તપાસે છે. ન્યાયમંત્રીની દેખરેખ નીચે ખાનગી **નિયમ શાખા** ખાનગી ખાતા માટે નિયમો કરે છે. રેલ્વે ખાતાની વિદ્યુત્ શાખા રાજમહેલ વગેરે સ્થળે વિજળીક રોશની અને ટેલીફોનની વ્યવસ્થા કરે છે.

શ્રીમંત મહારાજા સાહેબ નિયમનના એટલા બધા ચહાનારા છે કે આ ખાનગી ખાતાનાં પણ તમામ કામો નિયમને અનુસરીનેજ થાય છે. ખાનગી ખાતાની તમામ શાખાઓની વ્યવસ્થા એટલી ઉત્તમ અને નિયમિત હોય છે કે તેમાં આપણને પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય સંસ્કૃાનનું સુન્દર મિશ્રણ જોવા મળે છે. આ બધું શ્રીમંત મહારાજા સાહેબના પરિશ્રમનેજ આભારી છે.

પ્રભુ એમને દીર્ઘાયુષ્ય બક્ષો.

સમાપ્ત